દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 132 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 June 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર, ૫ જૂન ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બેંગલૂરુના સ્ટેડિયમ પાસે ધક્કામુક્કીમાં ૧૨નાં મોત

**આરસીબીના વિજયનો આનંદ શોકમાં પલટાયો**

**સ્ટેડિયમની આસપાસના અનેક રસ્તા પર લોકોની ભીડ જામી હતી. સાંજે વરસાદ પડતાં પરિસ્થિતિ વધુ જટિલ થઈ ગઈ હતી**

બેંગલૂરુઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના ૧૮ વર્ષના ઇતિહાસમાં પહેલી વાર ચૅમ્પિયન બનેલી રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ટીમ અમદાવાદમાં ચૅમ્પિયનપદ મેળવ્યા બાદ બેંગલૂરુ પહોંચી ત્યારે તેમના સ્વાગત કાર્યક્રમ બાદ શહેરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર ભેગા થયેલા હજારો લોકોના ધસારા વચ્ચે ભાગદોડ અને ધક્કામુક્કી થતાં ૧૨ જણનાં મૃત્યુ થયાં હતાં. મૃત્યુનો આંક વધવાની સંભાવના છે.

આ નાસભાગમાં છ વર્ષની એક બાળકી સહિત કુલ ૨૪ જણ ઘાયલ થયા હોવાનું પણ જાણવા મળ્યું હતું.

આ તમામ લોકો આરસીબીના ચૅમ્પિયન ખેલાડીઓને જોવા તેમ જ તેમના વિજયમાં સહભાગી થવા એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમના ગેટની બહાર એકત્રિત થયા હતા.

ચૅમ્પિયન ખેલાડીઓને જોવા હજારો લોકોની મેદની જમા થઈ ગઈ હતી. ખાસ કરીને ત્રીજા નંબરના ગેટની બહાર (જ્યાં આરસીબીની ટીમ પહોંચવાની હતી) ભારે ભીડ જામી હતી અને ખૂબ ધક્કામુક્કી થઈ હતી. પોલીસ તંત્ર માટે સ્થિતિને કાબૂમાં લેવી મુશ્કેલ થઈ ગઈ હતી. પોલીસે લોકોને કાબૂમાં લેવા લાઠીમાર કર્યો હોવાનો પણ અહેવાલ હતો.દક્ષિણ ભારતના એક જાણીતા દૈનિકના અહેવાલ મુજબ મૃત સાત વ્યક્તિઓના દેહને શિવાનીનગર વિસ્તારની બૉવરિંગ

(જુઓ પાનું ૨) ▸▸

## કર્ણાટક સરકારે ચૅમ્પિયન ટીમનું સન્માન કર્યું

બેંગલૂરુઃ આઈપીએલમાં પ્રથમ જ વાર વિજેતા બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની ટીમનું કર્ણાટક સરકારે બુધવારે સન્માન કર્યું હતું.

૧૮ વર્ષ રાહ જોયા બાદ આરસીબીની ટીમ આઈપીએલની ટ્રોફી મેળવવામાં સફળ થઈ હતી. અગાઉ આરસીબીની ટીમ આઈપીએલમાં ત્રણ વખત રનર અપ રહી હતી.

કર્ણાટકના ગવર્નર તાવરચંદ ગહલોત, મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયા અને નાયબ મુખ્ય પ્રધાન ડી. કે. શિવકુમારે રજત પાટીદારના વડપણ હેઠળની આરસીબીની ટીમનું કર્ણાટક વિધાનસભા ખાતે સન્માન કર્યું હતું.

ટૂંકા સન્માન સમારોહ દરમિયાન પરંપરાગત મૈસૂરી પાઘડી, શાલ, અને

(જુઓ પાનું ૨) ▸▸




**વિજયઃ** આઈપીએલમાં પ્રથમ જ વાર વિજેતા બનેલી રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની ટીમનું કર્ણાટક સરકારે બુધવારે વિધાનસભા ખાતે સન્માન કર્યું હતું. આ સન્માન સમારોહ નિહાળવા મોટા પ્રમાણમાં લોકો વિધાનસભાની સામે એકઠા થયા હતા. (એજન્સી)

## દેશમાં બે તબક્કામાં જાતિ આધારિત વસતિગણતરી થશે

નવી દિલ્હીઃ દેશમાં બે તબક્કામાં જાતિ આધારિત વસતિગણતરી કરવામાં આવશે એવી જાહેરાત કરતા ગૃહ ખાતાએ બુધવારે જણાવ્યું હતું કે જમ્મુ, કાશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં ૨૦૨૬ની પહેલી ઑક્ટોબરથી અને દેશના અન્ય વિસ્તારમાં પહેલી માર્ચ ૨૦૨૭થી જાતિ આધારિત વસતિગણતરી શરૂ થશે. સેન્સસ ઍક્ટ ૧૯૪૮ની કલમ (૩)ની જોગવાઈ મુજબ ૧૬મી જૂને આ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવશે. સેન્સસ ઍક્ટ ૧૯૪૮ અને સેન્સસ રૂલ્સ ૧૯૯૦ની જોગવાઈ હેઠળ ભારતમાં વસતિગણતરી કરવામાં આવે છે. છેલ્લે વર્ષ ૨૦૧૧માં બે તબક્કામાં વસતિગણતરી કરવામાં આવી હતી.

સેન્સસ ૨૦૨૧ પણ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ અને ફેબ્રુઆરી ૨૦૨૧, એમ બે તબક્કામાં હાથ ધરવામાં આવવાનું હતું. પ્રથમ તબક્કાની તૈયારી પણ કરી લેવામાં આવી હતી અને પહેલી એપ્રિલ ૨૦૨૦થી અમુક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ માટેનું ફિલ્ડવર્ક પણ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, પરંતુ કોવિડ-૧૯ને કારણે એ શક્ય નહોતું બન્યું. (એજન્સી) ■

## રૂપિયો વધુ ૨૬ પૈસા તૂટ્યોઃ ક્રૂડ તેલના ભાવમાં વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલમાં આગળ ધપતા ભાવવધારા તેમ જ રશિયા-યુક્રેન વચ્ચે તણાવમાં થયેલા વધારાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત બીજા સત્રમાં ડૉલર સામે રૂપિયો વધુ ૨૬ પૈસા તૂટીને ૮૫.૮૭ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી જોવા મળેલા સાધારણ ઘટાડા તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે છેલ્લા બે સત્રમાં ડૉલર સામે રૂપિયામાં ૪૮ પૈસાનું ધોવાણ થઈ ગયું છે.



આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૬૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૬૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૦૫ અને ઉપરમાં ૮૫.૬૯ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૬ પૈસા તૂટીને ૮૫.૮૭ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં બાવીસ પૈસાનો ઘટાડો આવ્યો હતો.

રોકાણકારોની નજર આગામી છઠ્ઠી જૂને સમાપન થતી રિઝર્વ બૅન્કની ત્રણ દિવસીય નાણાનીતિની સમીક્ષાની બેઠકની ફળશ્રુતિ પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, નિષ્ણાતોનું માનવુ છે કે રિઝર્વ બૅન્ક વર્તમાન બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો

(જુઓ પાનું ૨) ▸▸

## વ્યાજદરમાં ઘટાડાની આશા

### રિઝર્વ બૅન્કની સમિતિની ત્રણ દિવસની બેઠક શરૂ

મુંબઈઃ વ્યાજદર નક્કી કરતી રિઝર્વ બૅન્કની સમિતિની ત્રણ દિવસની બેઠક બુધવારથી શરૂ થઈ છે. આ બેઠક દરમિયાન નાણાકીય નીતિ સહિત વ્યાજદરમાં ઘટાડા અંગે સઘન ચર્ચાવિચારણા કરવામાં આવશે. ટ્રમ્પ વહીવટીતંત્રએ આરંભેલા ટૅરિફ વૉરને પગલે નિર્માણ પામેલી અચોક્કસતાઓ વચ્ચે દેશના અર્થતંત્ર અને વિકાસને વેગ આપવા વ્યાજદરમાં પચીસ અથવા પચાસ

(જુઓ પાનું ૨) ▸▸

## સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી

નવી દિલ્હીઃ સંસદ એ ભારતીય લોકશાહીનું અભિન્ન અંગ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણેય ઋતુમાં અહીં સત્ર ભરાય છે. જેમાં જનપ્રતિનિધિ તરીકે સાંસદો પોતાના વિસ્તારની સમસ્યાઓ અંગે પ્રશ્ન પૂછીને તેનું નિરાકરણ મેળવે છે. તાજેતરમાં ઓપરેશન સિંદૂરને લઈને વિપક્ષ દ્વારા સરકાર પાસે ખાસ સત્ર બોલાવવાની માંગ કરવામાં આવી હતી. ત્યારે સરકાર દ્વારા ખાસ સત્રને બદલે ચોમાસુ સત્રની તારીખની જાહેરાત કરવામાં આવી છે.

સંસદીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે, સરકારે ૨૧ જુલાઈથી ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ સુધી સંસદનું ચોમાસુ સત્ર શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

મીડિયા રિપોર્ટ પાસેથી મળતી માહિતી મુજબ, ચોમાસુ સત્રમાં વીમા સંશોધન બિલ પસાર થઈ શકે છે. આ બિલમાં વીમા ક્ષેત્રે એફડીઆઈની મર્યાદા વધારીને ૧૦૦% કરવાની તૈયારી છે. આ બિલનો ડ્રાફ્ટ તૈયાર છે. જેને જલ્દી મંજૂરી આપવા માટે કેબિનેટ સામે રજૂ

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાંની અરવલ્લી પર્વતમાળાનું વનીકરણ કરાશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાંચ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દિલ્હીથી ગુજરાત સુધી ફેલાયેલી ૭૦૦ કિલોમીટર લાંબી અરવલ્લી પર્વતમાળાને ફરીથી વનીકરણ કરવા માટે એક ખાસ યોજનાની શરૂઆત કરશે.


વડા પ્રધાન ઓફિસ (પીએમઓ) દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, મોદી ગુરુવારે સવારે રાષ્ટ્રીય રાજધાનીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્ક ખાતે 'એક પેડ મા કે નામ' યોજના હેઠળ વડનું વૃક્ષ વાવશે. નિવેદન અનુસાર, આ પગલું 'અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ'નો એક ભાગ હશે, જેનો ઉદ્દેશ્ય ૭૦૦ કિલોમીટર લાંબી અરવલ્લી પર્વતમાળાને ફરીથી વનીકરણ કરવાનો છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે 'અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ' દિલ્હી, રાજસ્થાન, હરિયાણા અને ગુજરાતના ૨૯ જિલ્લાઓમાં ફેલાયેલી ભારતની સૌથી જૂની પર્વતમાળાની આસપાસના પાંચ કિલોમીટરના બફર વિસ્તારમાં ગ્રીન કવરને વિસ્તૃત કરવા માટે એક મહત્વપૂર્ણ પહેલ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય વનીકરણ, પુનઃવનીકરણ અને જળાશયોના પુનઃસ્થાપન દ્વારા અરવલ્લીની જૈવવિવિધતાને પ્રોત્સાહન આપવાનો છે.

પીએમઓએ જણાવ્યું હતું કે તે પ્રદેશની જમીનની ફળદ્રુપતા, પાણીની ઉપલબ્ધતા અને આબોહવા સ્થિતિસ્થાપકતા સુધારવામાં પણ મદદ કરશે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટ સ્થાનિક સમુદાયોને રોજગાર અને આવક ઉત્પન્ન કરવાની તકો પૂરી પાડશે, જેનો તેમને

(જુઓ પાનું ૨) ▸▸

## મોદી શુક્રવારે વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ રાષ્ટ્રને સમર્પિત કરશે



જમ્મુ : વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઓપરેશન સિંદૂર બાદ પોતાની પ્રથમ જમ્મુ કાશ્મીરની મુલાકાતે આવી રહ્યા છે. ૬, જૂનના રોજ વડા પ્રધાન મોદી જમ્મુ કાશ્મીરને બે મોટી ભેટ આપશે. તેઓ કટરાથી શ્રીનગર સુધી દોડનારી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે. સાથે તેઓ દુનિયાના સૌથી ઊંચા રેલવે પુલ ચિનાબ બ્રિજનું ઉદ્ઘાટન કરીને દેશને સમર્પિત કરશે.

કેન્દ્રીય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, ''ઇતિહાસ રચાવાનો છે... ૩ દિવસ બાકી છે. ચિનાબ બ્રિજ ન્યૂ ઈન્ડિયાની તાકાત અને વિચારસરણીનું પ્રતિક છે. આ પુલ માત્ર એન્જિનિયરિંગનો કમાલ નથી પરંતુ દેશની ઇચ્છાશક્તિ અને વિકાસનું પણ પ્રતીક છે.''

અધિકારીઓએ કહ્યું હતુ કે પુલનું ઉદ્‌ઘાટન કર્યા પછી વડા પ્રધાન મોદી ટ્રેનમાં બેસીને કટરા જાય તેવી શક્યતા છે અને રસ્તામાં ભારતના પ્રથમ કેબલ-સ્ટેડ પુલનું નિરીક્ષણ કરશે. તેમણે કહ્યું કે વડા પ્રધાન આ પ્રોજેક્ટમાં સામેલ નિવૃત્ત કર્મચારીઓ સહિત રેલવે એન્જિનિયરો સાથે વાતચીત કરશે. માતા વૈષ્ણો દેવીના દર્શનાર્થે જતા યાત્રાળુઓ માટે બેઝ કેમ્પ તરીકે ઓળખાતા

(જુઓ પાનું ૨) ▸▸

## હૉસ્પિટલમાં ખોટાં ઈન્જેક્શન અપાતાં પાંચનાં મોત

ભુવનેશ્વર : ઓડિશાના કોરપુટની સરકારી હૉસ્પિટલ શહીદ લક્ષ્મણ નાયક મેડિકલ કૉલેજ એન્ડ હૉસ્પિટલ (એસએલએમસીએચ) પાંચ દર્દી બેદરકારીને લીધે મરણ પામતાં તપાસનો આદેશ આપવામાં આવ્યો છે, એવી માહિતી અધિકારીઓએ આપી છે. બે પુરુષ અને ત્રણ મહિલાને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં અને પાંચે દર્દી મંગળવારે રાત્રે ટૂંકા સમયગાળામાં મૃત્યુ પામ્યાં હતાં. તેમના કુટુંબોએ આક્ષેપ કર્યો હતો કે તેમને ઈન્જેક્શન આપ્યા બાદ તેમનું મરણ થયું હતું. હૉસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ સુશાંત કુમાર સાહુએ કહ્યું હતું કે ડિપાર્ટમેન્ટલ ઈન્ક્વાયરીનો આદેશ આપવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે અમે બધા વિભાગીય વડાની બેઠક બોલાવી છે, મંગળવારે રાત્રે દર્દીને ગંભીર હાલતમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રથમદર્શીએ મરણ કોઈ ખોટાં ઈન્જેકશન આપવાથી નથી થયાં. જોકે અમે આક્ષેપોની તપાસ કરીશું. ત્રણ દર્દી આઈસીયુમાં અને બે દર્દી જનરલ વોર્ડમાં મરણ પામ્યા હતા. મૃતકોના કુટુંબોએ હૉસ્પિટલની બહાર દેખાવો કર્યા હતા. આને પગલે હૉસ્પિટલની બહાર પોલીસ તહેનાત કરવામાં આવી હતી. (એજન્સી) ■

## મધ્ય પ્રદેશના માર્ગ અકસ્માતમાં નવનાં મોત, બે ઘાયલ

ઝાબુઆઃ મધ્ય પ્રદેશના ઝાબુઆ જિલ્લામાં બુધવારે વહેલી સવારે સિમેન્ટ ભરેલી ટ્રેલર ટ્રક વાન પર પલટી જતાં નવ લોકોના મોત અને બે અન્ય ઘાયલ થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ અકસ્માત લગભગ અઢી વાગ્યે થયો હતો. ભોગ બનેલા લોકો લગ્ન સમારંભમાંથી વાનમાં પરત ફરી રહ્યા હતા, મૃતકોમાં પાંચ સગીરનો પણ સમાવેશ થાય છે.

અકસ્માત એટલો ભયંકર હતો કે મૃતદેહોને વાન અને ટેન્કરમાંથી કાપીને બહાર કાઢવા પડ્યા હતા. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઝાબુઆના પોલીસ અધિક્ષક પદ્મવિલોચન શુક્લાએ જણાવ્યું હતું કે મેઘનગર તહસીલ વિસ્તાર હેઠળ સંજેલી રેલવે ક્રોસિંગ નજીક એક કામચલાઉ રસ્તા પરથી ટ્રેલર બાંધકામ હેઠળના રેલ ઓવર-બ્રિજને પાર કરી રહ્યું હતું ત્યારે તેણે સંતુલન ગુમાવ્યું હતું અને વાન પર પલટી ગયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે ભોગ બનેલા લોકો બે પરિવારના હતા અને ભાવપુરામાં લગ્ન સમારંભમાંથી મેઘનગર તહસીલ હેઠળના તેમના વતન શિવગઢ

(જુઓ પાનું ૨) ▸▸

## વડા પ્રધાન યોગ દિવસ આંધ્ર પ્રદેશમાં ઉજવશે

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નજીક આવી રહ્યો છે. દેશભરમાં ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઇને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ જૂનના રોજ યોગ દિવસની ઉજવણી આંધ્ર પ્રદેશમાં કરશે.

વડા પ્રધાને એક્સ પર જણાવ્યું કે યોગ દિવસ ૨૦૨૫ માટેનો ઉત્સાહ જોઇને આનંદ થઇ રહ્યો છે. યોગાંધ્ર૨૦૨૫ એ આંધ્ર પ્રદેશના લોકો દ્વારા યોગને લોકપ્રિય બનાવવાનો એક પ્રશંસનીય પ્રયાસ છે. હું ૨૧મી તારીખે આંધ્ર પ્રદેશમાં યોગ દિવસની

(જુઓ પાનું ૨) ▸▸

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મસ્કનો ટ્રમ્પ સામે ખુલ્લો મોરચો, દોસ્ત દોસ્ત ના રહા...

**રાજકારણ** અને સત્તા ગાઢ સાથીઓને પણ એકબીજાના દુશ્મન બનાવી દે છે. ભારતમાં તો આપણે એવા સંખ્યાબંધ કિસ્સા જોયા છે પણ દુનિયાના બીજા દેશોમાં પણ એવું થાય જ છે કેમ કે માણસો બધે લગભગ સરખા જ હોય છે. અમેરિકામાં અત્યારે એવું જ થઈ રહ્યું છે અને હજુ મહિના પહેલાં જ ગાઢ સાથી મનાતા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એવા એલન મસ્ક સામસામે આવી ગયા છે. ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછી વાઈટ હાઉસમાં રહેવા જતા રહેલા. મસ્કે ગયા મહિને વાઈટ હાઉસ છોડીને ટ્રમ્પથી છેડો ફાડેલો અને હવે ખુલ્લેઆમ ટ્રમ્પની સામે આવી ગયા છે.

ટેસ્લાના માલિક એવા એલન મસ્કે ડોનલ્ડ ટ્રમ્પના નવા ફંડિંગ બિલની આકરી ઝાટકણી કાઢીને તેને પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ઘૃણાસ્પદ અને શરમજનક ગણાવ્યું છે. મસ્કે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, વન બિગ બ્યૂટીફુલ બિલ એક્ટ બિલ એકદમ હાસ્યાસ્પદ છે અને તેમાં નકામા ખર્ચા સિવાય બીજું કંઈ નથી. યુએસ કોંગ્રેસ એટલે કે સંસદ અમેરિકાને કંગાળ બનાવી રહી છે કેમ કે આ બિલથી યુએસની બજેટ ખાધમાં ૨.૫ ટ્રિલ્યન ડૉલર સુધીનો વધારો થશે.

અમેરિકામાં કોંગ્રેસ એટલે કે સંસદનાં યુનાઇટેડ સ્ટેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ એમ બે ગૃહ છે. યુનાઇટેડ સ્ટેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની કુલ ૪૩૫ બેઠકો છે જ્યારે સેનેટની ૧૦૦ બેઠકો છે. અમેરિકામાં પ્રમુખની ચૂંટણી ચાર વરસે થાય છે પણ કોંગ્રેસ એટલે કે સંસદનાં બંને ગૃહો માટે બે વર્ષે ચૂંટણી થાય છે. એક ચૂંટણી પ્રમુખની ચૂંટણીની સાથે અને બીજી પ્રમુખપદની ચૂંટણીના બે વર્ષ પછી મધ્યસત્ર ચૂંટણી થાય છે.

આ ચૂંટણીઓમાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના તમામ ૪૩૫ સભ્યો જ્યારે સેનેટના ત્રીજા ભાગના એટલે કે ૩૩ સભ્યોની ચૂંટણી થાય છે. રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન ૨૦૨૬ની મધ્યસત્ર ચૂંટણી ૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ યોજાવાની છે. મસ્કે આ ચૂંટણીમાં હાલના સાંસદોમાંથી ટ્રમ્પને ટેકો આપનારા સાંસદોને ઘરભેગા કરવાનો હુંકાર કર્યો છે.

મસ્કના આક્રમક વલણે સૌને આંચકો આપી દીધો છે કેમ કે મસ્કે સીધી ટ્રમ્પ સામે જ તલવાર તાણી દીધી છે. મસ્કે ગયા મહિને ટ્રમ્પ સરકારને છોડી દીધી હતી. ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ડિઓજીઈ)માં સલાહકાર મસ્કે ટ્રમ્પના નવા બિલ સામે નારાજગી વ્યક્ત કરી હતી અને બિલ રજૂ થાય તેના એક દિવસ પહેલાં જ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. એ વખતે મસ્કે સીબીએસ ન્યૂઝને આપેલા ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ડિઓજીઈ)ની સ્થાપના સરકારી ખર્ચ ઘટાડવા કરાઈ છે અને વન બિગ બ્યૂટીફુલ બિલ તેની વિરુદ્ધ છે કેમ કે તેમાં ખર્ચ વધારવાની વાત છે.

મસ્કે પોતાનો વાંધો જાહેરમાં મૂકીને રાજીનામું ધરેલું તેથી તેમના વલણની સૌને ખબર હતી પણ મસ્ક આવું આક્રમક રિએક્શન આપશે તેની કોઈને કલ્પના નહોતી. હવે તો મસ્ક સીધા જંગની જ વાત કરી રહ્યા છે અને ટ્રમ્પના સાથીઓને હરાવીને ઘરભેગા કરવાનો હુંકાર કરી રહ્યા છે. મસ્ક બિઝનેસમેન છે તેથી ટ્રમ્પ સાથે મતભેદ પછી પણ એ ફૂંકી ફૂંકીને આગળ વધશે ને સંબંધો નહીં બગાડે એવું સૌને લાગતું હતું પણ મસ્કે સીધો મોરચો જ માંડી દીધો છે.

મસ્કના હુંકાર પરથી લાગે છે કે, મસ્કે ટ્રમ્પને ભલે છોડ્યા પણ રાજકારણ છોડવાની તેમની ઈચ્છા નથી. ૨૦૨૬માં મધ્યસત્ર ચૂંટણીને હજુ સવા વરસની વાર છે પણ મસ્કે અત્યારથી ૨૦૨૬ની ચૂંટણીમાં ટ્રમ્પના બિલને સાથ આપનારાને હરાવવાની વાત કરી નાખી છે એ જોતાં મસ્કે તેના માટે અત્યારથી મથવું પડે. મતલબ કે, રાજકીય સક્રિયતા બતાવવી પડે. અમેરિકામાં એકાદ વર્ષ પહેલાંથી ચૂંટણીનો માહોલ જામી જતો હોય છે એ જોતાં મસ્ક પણ બે-ત્રણ મહિનામાં સક્રિય થઈ જશે.

મસ્ક રાજકારણીઓની જેમ કદાચ જાહેર સભાઓ ના કરે પણ પોતાના પાવરફુલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સનો રાજકીય ફાયદા માટે ઉપયોગ કરીને એ સક્રિય રહી શકે. અમેરિકામાં ચૂંટણીના ઉમેદવાર બનવા માટે પણ પોતાના જ પક્ષમાં આંતરિક ચૂંટણી જીતવી પડે છે એ જોતાં મસ્ક ટ્રમ્પની રીપબ્લિકન પાર્ટી ના છોડે પણ રીપબ્લિકન પાર્ટીમાં જ રહીને ટ્રમ્પને સાથ આપનારાને પછાડવા મથે એ શક્ય છે. જો કે મૂળ મુદ્દે વાત એ જ છે કે, મસ્ક ટ્રમ્પની સામે પડવાની તૈયારીમાં છે.

મસ્કને ટ્રમ્પના વન બિગ બ્યૂટીફુલ એક્ટ સામે શું વાંધો છે એ પણ સમજવાની જરૂર છે. ટ્રમ્પે ૨૦૧૭માં પોતાના પહેલા કાર્યકાળ વખતે ટેક્સ કટ બિલ પસાર કરાવીને વ્યક્તિગત અને કંપનીઓ પરના ઈન્કમ ટેક્સમાં ઘટાડો કર્યો હતો. આ બિલની મુદત આ વર્ષે પૂરી થાય છે. વન બિગ બ્યૂટીફુલ બિલ એક્ટ ટ્રમ્પના ૨૦૧૭ના ટેક્સ કટ બિલને લંબાવે છે.

આ બિલ દ્વારા ટ્રમ્પ લશ્કર અને સીમા સુરક્ષા પરના ખર્ચમાં લગભગ ૧૫૦ અબજ ડોલરનો વધારો કરશે જ્યારે સામાન્ય નાગરિકોને પૂરી પાડવામાં આવતી આરોગ્ય સેવાઓ, ખાદ્ય-પોષણ સહાય અને અન્ય યોજનાઓના ખર્ચમાં કાપ મૂકાશે જ્યારે ઓવરટાઇમ અને સોશિયલ સિક્યુરિટી ઈન્કમ પર ટેક્સ ઘટશે.

ટ્રમ્પનો દાવો છે કે, વાર્ષિક ૩૦ હજારથી ૮૦ હજાર ડૉલર કમાતા લોકોએ આવતા વર્ષે ૧૫ ટકા ઓછો ટેક્સ ચૂકવવો પડશે તેથી સામાન્ય લોકોને ફાયદો થશે. જો કે સરકારી ડેટા પ્રમાણે જ આ બિલમાં આર્મી અને સરહદી સુરક્ષા પરના વધતા ખર્ચનાં કારણે આગામી ૧૦ વર્ષમાં અમેરિકાના દેવામાં લગભગ ૩.૮ ટ્રિલ્યન ડૉલરનો વધારો થશે. હાલમાં અમેરિકા પર કુલ ૩૬.૨ ટ્રિલ્યન ડૉલરનું દેવું છે એ ૧૦ વર્ષમાં વધીને ૪૦ ટ્રિલ્યન થઈ જશે. મસ્ક દર વર્ષે સરકારી ખર્ચમાં ૨ ટ્રિલ્યનનો ઘટાડો કરીને ધીરે ધીરે અમેરિકાનું દેવું ઝીરો કરી દેવાની વાત કરતો હતો ત્યારે ટ્રમ્પ દેવું વધારે એવું બિલ લઈ આવ્યા તેથી મસ્કનો વાંધો વાજબી છે.

મસ્કની યોજના શું છે એ ખબર નથી પણ ટ્રમ્પને બહુ ફરક પડતો નથી. અમેરિકામાં કોઈ પણ વ્યક્તિ બે ટર્મ માટે જ પ્રેસિડેન્ટ બની શકે છે ને ટ્રમ્પની આ બીજી ટર્મ છે તેથી તેણે ફરી ચૂંટણી લડવાની નથી. આ સંજોગોમાં મસ્ક ગમે તેટલા ઉધામા કરે, ટ્રમ્પનું કશું બગાડી નહીં શકે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૫-૬-૨૦૨૫, ગંગા દશહરા સમાપ્તિ.

- ભારતીય દ્િનાંક ૧૫, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ધ

- ભરતીઃ સવારે ક. ૦૮-૧૯, રાત્રે ક. ૧૯-૪૬
- ઓટઃ બપોરે ક. ૧૩-૫૨ મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૬ (તા. ૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – દસમી. ગંગા દશહરા સમાપ્તિ. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, સૂર્ય-ચંદ્ર પૂજન, પરદેશનું પસ્તાનું, ગંગાદશહરા સમાપ્તિ ઉત્સવ, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, દુકાન-વેપાર, હજામત, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, વિદ્યારંભ, હજામત, પ્રથમ વાહન, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક, બી વાવવું, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ શુક્ર-ગુરુ અર્ધત્રિકોણ મળતાવડા સ્વભાવના, બુધ-રાહુ ચતુષ્કોણ ઈર્ષ્યાળુ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય થાય
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-ગુરુ અર્ધત્રિકોણ, બુધ-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ (તા. ૬)
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક/સિંહ, બુધ- વૃષભ/ મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# કભી ધૂપ, કભી છાંવઃ કુદરતના આ ક્રમ સામે અણગમો દર્શાવશો નહીં

**રાજા** હોય કે રંક જો કોઈ એક બાબતમાં સમાનતા રાખતા હોય તો તે છે-

૧- માંદગી,
૨- મુસીબત અને
૩- મોત.

- સુખ અને દુઃખ,
- ખુશી અને ગમ જેમ જીવનનો ક્રમ છે તે પ્રમાણે જ દિવસ પછી રાત આવે છે.
- અંધારા પછી અજવાળું પણ થાય જ છે.
- ચંદ્ર પર પગલાં માંડી આવ્યા છતાં વિજ્ઞાન આજદીન સુધી શોધી શક્યું નથી કે મૌત ક્યારે આવશે?
- હા, એક સત્ય સદા સનાતન રહેશે કે જેવા કર્મ કર્યાં હશે તેવા ફળ ઈન્સાનને મળે છે.
- કંચનને ટીપવાથી ચળકાટ વધે છે તેમ નેક
- ભલાઈના કામ કરવાથી જીવન સુંદર, સુશોભિત, અવિસ્મરણિય બની રહેવા પામે છે અને સિરાતીન મુસ્તકીન અર્થાત્ ન્યાયના દિવસનો માલિક આલ્લા
-ઉચ્ચ દરજ્જાનું મુકામ આપે છે.

વહાલા વાચક બિરાદરો! કુરાન અને હદીસનું સતત વાંચન કરતા રહેવા ઉપરાંત અલ્લાહપાકની નેઅમતો-કૃપાઓ પર ૨૪ કલાકમાં કમ સે કમ એક કલાક ચિંતન-મનન કરવું પણ ઈબાદતનો એક ભાગ છે. આમ કરવાથી તેની અસર અને તાસીરની અનુભૂતિ થશે, હૃદય જીવંત થશે અને મનોવાંછનાઓ પર કાબૂ મેળવી શકાશે. વિશ્વાસઘાત, આડંબર, અમાનત હજમ કરી જવી, ચોરી, લૂંટ, દગો-ફટકો, છેતરપિંડી જેવાં કાર્યોથી છેડો ફાડી આદર્શ જીવન જીવવાનો સંકલ્પ કરવાની ઈચ્છા જાગૃત થશે.

હઝરત અલી અલૈયહિસલ્લામનું જીવન અત્યંત સાદગી ભર્યું હતું. આપ દુઃખીજનોને મદદ કરતા, ખજૂરી વાવીને જાત મહેનત કરતા અને એમાંથી જે ઉત્પન્ન થતું તે ગરીબો-હાજતમંદોને વહેંચી આપતા અને એવી સીફા બક્ષતા કે માંદા સાજા થઈ જતા. સચ્ચાઈ, સખાવત, દયા, ઉદારતા જેવાના મહાન ગુણોને મોમીનોએ જીવનમાં ઉતારવા જોઈએ.

હઝરત ઝૈનુલ આબેદીન અલૈયહિસલ્લામ રાતના અંધકારમાં ખભે વાસણ ઊંચકી શેરીએ શેરીએ ફરતા અને દુઃખીઓને જમાડતા. આવું સખત કાર્ય કરવાથી આપના ખભા પર ઝખમો પડી જતા. રસુલલ્લાહ સલ. દુશ્મનને પણ ગળે લગાડતા. આપણે જ્યારે તેમની મહાન વાતોને યાદ કરીએ છીએ ત્યારે તેમના જેવા સદ્ગુણો ધરાવવાનો પણ નિશ્ચય કરવો જોઈએ. જેમ ચંદ્ર શીતળતા આપે છે, સૂર્ય પ્રકાશ આપે છે, તારા અંધારામાં ઝગમગે છે અને માર્ગદર્શક બને છે, ગુલાબ સુગંધ આપે છે, ઝાડ છાંયડો અને સ્વાદિષ્ટ ફળો આપે છે તેમ મોમીન બંદાએ પણ પોતાનું જીવન ઘડવું જોઈએ.

વિનમ્ર સ્વભાવ સારી વસ્તુ છે. હુઝુર સલ્લલ્લાહો અલૈયહિવસલ્લમ નાનામાં નાના લોકો સાથે વિનમ્રતાથી પેશ આવતા. આપે ઉમ્મતિને પણ એજ તાલીમ આપી છે. કોઈના મૃત્યુ પર યા માંદગીના સમાચાર કે પાયમાલ થયાની વાત કદી રાજી થશો નહીં. મોત, માંદગી અને મુસીબત સૌના માથે મંડાયેલી હોય છે. એજ પ્રમાણે નિંદા કરવાથી પણ કોશો દૂર રહેજો, કારણ કે ગીબત કરનારની નેકીઓ જેની ગીબત કરવામાં આવી છે તેના આમાલનામામાં અને તેની બુરાઈઓ ગીબત કરનારના આમાલનામામાં આવી જાય છે. આ રીતે ગીબત કરનાર નેકીઓથી ખાલી થઈ જાય છે.

મોમીન દુનિયામાં પરેશાની અને આખેરતમાં અઝાબથી છુટકારો મેળવવા ઈચ્છતો હોય તો તેણે ઈર્ષાથી દૂર રહેવું જોઈએ.

હસદની બુરાઈ જાણવા માટે એટલું પૂરતું છે કે શેતાન ઈબ્લિશ ઈર્ષાના કારણે જ હડધૂત અને અપમાનિત થઈ ઊંધા મોંએ પડ્યો હતો. રિવાયત છે કે - ''હસદ કરનાર ક્યારેય સરદાર નથી બની શકતો.'' ઈર્ષા ઈમાનને એવી રીતે ખાઈ જાય છે જેવી રીતે આગ લાકડાને.

ખબરદાર, પરવરદિગારનાં કાર્યો પર ક્યારેય એતરાઝ નહીં કરજો. એમ પણ નહીં બોલજો કે હવા કેટલી બધી ગરમ અથવા ઠંડી છે અથવા એમ કહેવું કે કાશ અલ્લાહે મને માલદાર બનાવ્યો હોત, કાશ મને શિફ-તંદુરસ્તી આપી હોત, કાશ દીકરીને બદલે દીકરો આપ્યો હોત, કાશ મારી ઔલાદ, મારું મકાન, મારી મિલકત બચી જાત, કાશ આમ થયું હોત અથવા આમ ન થયું હોત તો ઘણું સારું થાત... વગેરે વગેરે આવું બધું બોલવું પરવરદિગારની મરજી ઉપર એતરાઝ કરવા સમાન છે અને આની ગણતરી ''છૂપા શિર્ક'' એટલે કે અલ્લાહની જાત સાથે અન્ય કોઈને સરખાવવાના ગુના જેટલી થાય છે. માફ ન કરી શકાય તેવી.

પોતા માટે કદિય કોઈ જાતની બુરાઈ માગજો નહીં જેમ કે યા રબ, મને મોત દઈ દે અથવા મારી જિંદગી લઈ લે. આ બધું કુદરતની ઈચ્છા વિરુદ્ધનું છે. જીવન ક્ષણભંગુર હોઈ, આજે છે તે આવતીકાલે નથી. અલ્લાહની ઈચ્છા પર ખુશ રહેનાર નજાત પામે છે. રાત જીતની ભી સંગીતન હોગી, સુબહ ઉતનીહી રંગીન હોગી.

ઈસ્લામ ઉમ્મતિઓની ઉમ્મીદોને કાયમ રાખી અલ્લાહની મસ્લેહત (ભેટ) પર એતબાર રાખવાનું સૂચવે છે. કભી ધૂપ, કભી છાંવ એ પરા પૂર્વથી ચાલી આવતા કુદરતના ક્રમ સામે કદી માયૂસ-નિરાશ થશો નહીં.

- સો દુઃખ કી એક દવા 'સબ્ર' ધીરજ.

****

**આજનો સંદેશઃ**

હવે જોશું કે પોતાની જગા પર
કોણ મક્કમ છે?
તમે કહેવાઓ છો જો ચાંદ
તો હું પણ સિતારો છું. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતમાંની

ફાયદો થશે. વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે વડા પ્રધાન દિલ્હી સરકારની ટકાઉ પરિવહન યોજના હેઠળ ૨૦૦ ઇલેક્ટ્રિક બસોને પણ લીલી ઝંડી આપશે.

પર્યાવરણ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટના લોન્ચિંગ પ્રસંગે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતના મુખ્યપ્રધાનો હાજર રહેશે. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ હેઠળ અરવલ્લી પર્વતમાળામાં આવતા ૨૯ જિલ્લાઓમાં લગભગ ૧,૦૦૦ નર્સરી વિકસાવવામાં આવશે. સરકારના મતે, આ યોજના પ્રદેશમાં વાયુ પ્રદૂષણનો સામનો કરવામાં મહત્ત્વપૂર્ણ રહેશે અને ૨૦૩૦ સુધીમાં ૨.૫ થી ૩ અબજ ટન કાર્બન ડાયોક્સાઇડ જેટલી વધારાની કાર્બન શોષણ ક્ષમતા વિકસાવવા અને ૨૬ મિલિયન હેક્ટર ઉજ્જડ જમીનને પુનર્જીવિત કરવા જેવા આબોહવા લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરશે. સરકારે માર્ચ ૨૦૨૩માં 'અરવલ્લી ગ્રીન વોલ'ની શરૂઆત કરી હતી.

### મધ્ય પ્રદેશના

મહુડા ગામમાં પરત ફરી રહ્યા હતા.

તેમણે જણાવ્યું કે મૃતકોની ઓળખ મુકેશ ખાપેડ (૪૦), સાવલી ખાપેડ (૩૫), વિનોદ ખાપેડ (૧૬), પાયલ ખાપેડ (૧૨), માધી બામણિયા (૩૮), વિજય બામણિયા (૧૪), કાંતા બામણિયા (૧૪), રાગિની (૯) અને અકલી પરમાર (૩૫) તરીકે થઈ છે.

મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા અને ઘાયલોને સારવાર માટે થાંડલા હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.અકસ્માત બાદ ટ્રક ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે આ અંગે કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે. અકસ્માત સમયે વાનમાં કુલ ૧૧ જણ હતા. જેમાંથી નવ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. મૃતકોમાંથી આઠ લોકો થાંડલા નજીક શિવગઢ મહુડા ગામના રહેવાસી હતા. જ્યારે એક મૃતક નજીકના ગામનો રહેવાસી છે. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ અને અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. અકસ્માત બાદ સમગ્ર ગામમાં શોકનું વાતાવરણ છે.

### વ્યાજદરમાં

સંજય મલ્હોત્રાના વડપણ હેઠળની મૉનેટરી પૉલિસી કમિટી (એમપીસી) દ્વારા લેવામાં આવનારા નિર્ણયની શુક્રવારે જાહેરાત કરવામાં આવશે. આરબીઆઈએ ફેબ્રુઆરી અને ત્યાર બાદ એપ્રિલમાં રેપોરેટમાં પચીસ બેઝિસ પૉઈન્ટ ઘટાડતાં રેપોરેટ છ બેઝિસ પૉઈન્ટ થઈ ગયો હતો. આ વખતે સતત ત્રીજીવાર રેપોરેટમાં ઘટાડો કરવામાં આવે એવી શક્યતા છે. ફેબ્રુઆરી ૨૦૨૫થી અત્યાર સુધીમાં રેપોરેટમાં કરવામાં આવેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને બૅન્કોએ પણ તેના રેપો લિન્કડ એક્સ્ટર્નલ બૅન્ચમાર્ક બેઝ્ડ લૅન્ડિંગ રેટ (ઈબીએલઆર) અને માર્જિનલ કોસ્ટ ઑફ ફંડ બેઝ્ડ લૅન્ડિંગ રેટ (એમસીએલઆર)માં ઘટાડો કર્યો હતો. નિષ્ણાતોનું માનવું છે કે આરબીઆઈ શુક્રવારે વ્યાજદરમાં પચીસ બેઝિસ પૉઈન્ટનો ઘટાડો કરશે અને આગામી બેઠકમાં તેનું પુનરાવર્તન કરશે. જોકે એસબીઆઈનું માનવું છે કે આરબીઆઈ શુક્રવારે વ્યાજદરમાં જમ્બો પચાસ બેઝિસ પૉઈન્ટના ઘટાડાની જાહેરાત કરશે.

### વડા પ્રધાન

ઉજવણી કરવા માટે રાહ જોઇ રહ્યો છું. તેમણે કહ્યું કે હું તમને બધાને યોગ દિવસની ઉજવણી કરવા અને યોગને તમારા જીવનનો નિયમિત ભાગ બનાવવા આહ્વાન કરું છું. અત્રે ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન મોદી આંધ્ર પ્રદેશમાં યોગ દિવસની તૈયારીઓની શરૂઆત અંગે કેન્દ્રીય પ્રધાન પ્રતાપરાવ જાધવની પોસ્ટનો જવાબ આપી રહ્યા હતા.

### કર્ણાટક સરકારે

પુષ્પગુચ્છ આપીને ટીમનું સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સમારોહ નિહાળવા મોટા પ્રમાણમાં લોકો વિધાનસભાની સામે એકઠા થયા હતા. કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એકેડમી (કેએસસીએ) દ્વારા ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે યોજવામાં આવેલા કાર્યક્રમમાં પણ ટીમે ભાગ લીધો હતો. (એજન્સી)

### રૂપિયો વધુ

અને આગામી બેઠકમાં વધુ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકશે, જ્યારે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાએ તેના રિસર્ચ રિપોર્ટમાં વર્તમાન બેઠકના અંતે વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો જમ્બો રેટ કટ કરે તેવી શક્યતા વ્યક્ત કરી છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૧ ટકા વધીને બેરલદીઠ ૬૫.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૮૫૩.૮૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૨ ટકા ઘટીને ૯૯.૧૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૬૦.૭૪ પૉઈન્ટનો અને ૭૭.૭૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### સંસદનું ચોમાસુ

કરવામાં આવશે. કેબિનેટની મંજૂરી બાદ નાણાં મંત્રાલય હેઠળ નાણાકીય સેવા વિભાગ બિલને સંસદમાં રજૂ કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, પાછલા સત્ર દરમિયાન ઉપલા ગૃહમાં રેકોર્ડ ૪૯ ખાનગી સભ્યોના બિલ પણ રજૂ કરવામાં આવ્યા હતા. ગૃહમાં કુલ ૧૫૯ કલાક કામ થયું હતું. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે, સંસદના નીચલા ગૃહમાં ૨૬ બેઠકો યોજાઈ છે. બજેટ સત્ર દરમિયાન ૧૦ સરકારી બિલ રજૂ કરવામાં આવ્યાં હતાં. આ સિવાય વક્ફ સુધારા બિલ અને મુસ્લિમ વક્ફ (નાબૂદી) બિલ સહિત ૧૬ બિલ પસાર કરવામાં આવ્યા હતા.

### બેંગલૂરુના

હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. બીજા મૃત લોકોને વૈદેહી હૉસ્પિટલ (અગાઉનું નામ માલ્યા હૉસ્પિટલ)માં લઈ જવામાં આવ્યા હતા. કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયા ઈજાગ્રસ્તોની તબિયત પૂછવા હૉસ્પિટલમાં ગયા હતા.

રજત પાટીદાર સુકાનમાં અને વિરાટ કોહલી તથા બીજા સ્ટાર ખેલાડીઓને જોવા સ્ટેડિયમની બહાર હજારો લોકો બપોરથી જ જમા થવા લાગ્યા હતા. સ્ટેડિયમની આસપાસના અનેક રસ્તા પર લોકોની ભીડ જામી હતી. સાંજે વરસાદ પડતાં પરિસ્થિતિ વધુ જટિલ થઈ ગઈ હતી અને સલામતી રક્ષકોને લોકોની ભીડ કાબૂમાં લેવામાં મુશ્કેલી થઈ હતી.

એ પહેલાં, આરસીબીની ટીમ બપોરે બેંગલૂરુ પહોંચી હતી જ્યાં વિજેતા ખેલાડીઓનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાર્ડન સિટી તરીકે ઓળખાતા બેંગલૂરુના ઍરપોર્ટ પર ટીમ આવી પહોંચી કે તરત જ ત્યાં ઊભેલા સેંકડો ચાહકોએ ચીસો અને બૂમો પાડીને તેમને આવકાર્યા હતા. સાંજે પાંચ વાગ્યે ઓપન-ટૉપ બસ પરેડ યોજવાની જાહેરાત કરાઈ હતી.

વિમાની મથકે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન ડી. કે. શિવકુમારે રજત પાટીદાર ઍન્ડ કંપનીને વેલકમ કર્યું હતું. ચૅમ્પિયન ખેલાડીઓને જોવા ઍરપોર્ટની આસપાસના રસ્તાઓ પર અસંખ્ય લોકો કતારમાં ઊભા હતા.

મંગળવારે અમદાવાદમાં પંજાબ કિંગ્સને ફાઇનલમાં ફક્ત છ રનના તફાવતથી હરાવીને પહેલી જ વાર ટાઇટલ જીતનાર આરસીબીના ખેલાડીઓની બસ મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયાની વિધાન ભવન ખાતેની ઑફિસ સુધી લઈ જવામાં આવી રહી હતી ત્યારે પણ રસ્તાની બન્ને બાજુએ ઊભેલા ક્રિકેટચાહકોએ ખેલાડીઓને ચિયર-અપ કર્યા હતા અને ખેલાડીઓએ પણ ચાહકોનું અભિવાદન ઝીલ્યું હતું.

મુખ્ય પ્રધાનની ઑફિસ ખાતેથી આરસીબી ટીમની બસને સીધી એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે લઈ જવાનો કાર્યક્રમ હતો. બેંગલૂરુ ટ્રાફિક પોલીસના એક ટ્વીટ અનુસાર ટ્રાફિક જૅમ થઈ જવાની તેમ જ વરસાદ પડવાની સંભાવનાને કારણે ઓપન-ટૉપ બસ પરેડની યોજના નહોતી, પરંતુ 'એક્સ' પરના આરસીબીના અકાઉન્ટમાં જાહેરાત કરવામાં આવી હતી કે બુધવારે સાંજે પાંચ વાગ્યે વિક્ટરી પરેડ યોજાશે. આ જાહેરાત વાંચીને પણ અનેક લોકો સ્ટેડિયમ તરફ દોડ્યા હતા અને કાબૂ બહાર ભીડ જામી હતી.

### મોદી શુક્રવારે

કટરામાં વડા પ્રધાન મોદી કટરાથી ઉત્તર કાશ્મીરના બારામુલ્લા અને બારામુલ્લાથી કટરા સુધીની વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે, જે કાશ્મીરને રેલવે નેટવર્ક દ્વારા જોડવાના પ્રોજેક્ટ પૂર્ણ થવાનો સંકેત આપે છે. જોકે, અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે કાશ્મીર જતા અને આવતા તમામ મુસાફરોએ કટરા ખાતે ઉતરીને ટ્રેન બદલવી પડશે. ઉદ્ઘાટન પછી મોદી એક જાહેર રેલીને સંબોધિત કરશે.

કાશ્મીરને ટ્રેન દ્વારા જોડવાના પ્રોજેક્ટનું કામ ૧૯૯૭માં શરૂ કરવામાં આવ્યું હતું અને ભૂસ્તરશાસ્ત્રીય, ભૌગોલિક અને હવામાનશાસ્ત્રીય પડકારોને કારણે ઘણી સમયમર્યાદા ચૂકી જવામાં આવી જેના ખર્ચ વધતો રહ્યો અને ૪૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચેમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થયો હતો. કુલ ૨૭૨ કિમી લાંબા યુએસબીઆરએલ પ્રોજેક્ટમાંથી ૨૦૯ કિમીનો ભાગ તબક્કાવાર શરૂ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૧૮ કિમી લાંબા કાઝીગુંડ-બારામુલ્લા સેક્શનનો પ્રથમ તબક્કો ઓક્ટોબર ૨૦૦૯માં શરૂ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ જૂન ૨૦૧૩માં ૧૮ કિમી લાંબા બનિહાલ-કાઝીગુંડ, જૂલાઈ ૨૦૧૪માં ૨૫ કિમી ઉધમપુર-કટરા અને ફેબ્રુઆરીમાં ૪૮.૧ કિમી લાંબા બનિહાલ-સાંગલદાન સેક્શનનું કામ પણ ગયા વર્ષે જૂનમાં પૂર્ણ થયું હતું, જેના કારણે રિયાસી અને કટરા વચ્ચે કુલ ૧૭ કિમીનો રસ્તો બાકી રહ્યો હતો અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે આ સેક્શન આખરે ડિસેમ્બર ૨૦૨૪માં પૂર્ણ થયું હતું.

ગયા મહિનાની શરૂઆતમાં પહલગામ આતંકવાદી હુમલાના બદલામાં સરહદ પાર આતંકવાદી માળખાને નષ્ટ કરવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કર્યા પછી વડા પ્રધાનની આ પહેલી મુલાકાત હશે. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૧૯ કિલોમીટરનો ટ્રેક ટનલમાંથી પસાર થાય છે અને મુસાફરોની સલામતી માટે સંપૂર્ણ સીસીટીવી દેખરેખથી સજ્જ છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''ટ્રેકના દરેક ઇંચ પર નજર રાખવામાં આવી રહી છે,'' તેમણે દેશના કેટલાક સૌથી પડકારજનક લેન્ડસ્કેપ્સમાંથી પસાર થતા મુસાફરો માટે સલામત અને વધુ સુરક્ષિત મુસાફરીનો અનુભવ આપવાનું વચન આપ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે રેલવે લાઇન આ પ્રદેશમાં લોકોની મુસાફરી કરવાની રીતને બદલવાનું વચન આપે છે કારણ કે આ પ્રોજેક્ટ ફક્ત સારી કનેક્ટિવિટી જ નહીં પરંતુ આ દૂરના પ્રદેશમાં મુસાફરો માટે સલામતીની નવી ભાવના પણ લાવે છે.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા પહેલા ૧૧ જૂને જળયાત્રા યોજાશે

## જળાભિષેક બાદ ભગવાન મામાના ઘરે જશે

અમદાવાદ: અમદાવાદના પ્રતિષ્ઠિત મંદિર જગન્નાથજી મંદિરમાં અષાઢી બીજની ઉજવણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલે છે. આ વર્ષે ભગવાન જગન્નાથનની ૧૪૮મી રથયાત્રા યોજાશે. અષાઢી બીજ પહેલા જળયાત્રાનું પણ ઘણું મહત્ત્વ છે. આગામી ૧૧ જૂનના દિવસે ભગવાનની જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સાબરમતી નદીમાંથી જળ ભરીને ભગવાનનો જળાભિષેક કરવામાં આવશે. આ જળયાત્રામાં ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી સહિતના રાજકારણીઓ ઉપસ્થિત રહેશે. ભગવાન જગન્નાથ, બલરામ અને બહેન સુભદ્રાજી અષાઢી બીજના દિવસે નગર યાત્રાએ નીકળે છે. રથયાત્રાના એક અઠવાડિયા પહેલા ભગવાનની જળયાત્રા નીકળે છે. આ જળયાત્રામાં પણ શ્રદ્ધાળુઓ ભક્તિભાવ સાથે જોડાય છે. અમદાવાદની સાબરમતી નદીમાંથી જળ ભરીને ભગવાનનો અભિષેક કરવામાં આવે છે. આગામી ૧૧ જૂનના દિવસે સવારે ૮ વાગ્યે શોભાયાત્રાનો પ્રારંભ થશે. આ યાત્રામાં હાથી, બેન્ડવાજા, ભજન મંડળી, અખાડા સાથે શોભાયાત્રા નીકળશે. આ જળયાત્રામાં મંદિરના મહંત દિલીપદાસજી, ટ્રસ્ટી મહેન્દ્ર ઝા સહિતના સંતો મહંતોની હાજરીમાં સાબરમતી નદીમાંથી જળ ભરવામાં આવશે. ૧૦૮ કળશમાં જળ ભરીને મંદિરે લાવવામાં આવશે ત્યારબાદ ભગવાનનો ભવ્ય જળાભિષેક કરવામાં આવશે. ભગવાનના જળાભિષેક બાદ ભગવાનને ગજવેશ પહેરાવવામાં આવશે. ત્યારબાદ ભગવાનનો મહાપ્રસાદ યોજાશે. જળયાત્રા બાદ ત્રણેય ભાઈ બહેન સરસપુર ખાતે મામાના ઘરે જશે. ભગવાન જગન્નાથની રથયાત્રાની પૂરજોશમાં તૈયારી ચાલી રહી છે ત્યારે રથને કલર કરવામાં આવ્યા છે. રથને ઓટો ફિનિશ કલર કરવામાં આવ્યા છે. ભગવાન જગન્નાથના રથને પીળો, બહેન સુભદ્રાજીના રથને લાલ અને ભગવાન બલરામના રથને લીલો કલર કરવામાં આવ્યો છે. ■

# ગુજરાતમાં ૧૫ જૂન આસપાસ ચોમાસાનું આગમન થશે: હવામાન વિભાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેરળ અને મુંબઈ સુધી ચોમાસું વહેલું આવ્યું હતું. જે બાદ મુંબઈથી ચોમાસું આગળ વધવાના બદલે ત્યાં જ અટકી જતા અને નવી કોઈ સિસ્ટમ ન બનતાં દક્ષિણ ગુજરાતમાં ચોમાસા માટે હજુ ૧૦ થી ૧૨ દિવસની રાહ જોવી પડશે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં ૧૪-૧૫ જૂન પછી વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, દક્ષિણ ગુજરાતમાં છેલ્લા થોડા દિવસોથી વાદળો બંધાય છે અને કેટલાક વિસ્તારોમાં રાત્રીને કે દિવસના સમયે પૂરઝડપે પવન ફૂંકાવવાની સાથે વરસાદનું ઝાપટું પડે છે પરંતુ રેગ્યુલર વરસાદ પડતો નથી.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે, આ વર્ષે ચોમાસું વહેલું બેઠું હતું અને મુંબઈ સુધી પહોંચી ગયું હતું. ગુજરાત તરફ આગળ વધવાના બદલે બ્રેક પડી ગયો છે. અરબી સમુદ્રમાં રત્નાગિરિ અને મહાબળેશ્વર વચ્ચે એક સિસ્ટમ બની હતી. આ સિસ્ટમના કારણે મુંબઈ અને મહારાષ્ટ્રમાં વરસાદ પડ્યો હતો, પરંતુ આ સિસ્ટમ ત્યાં જ વિખેરાઈ જતાં ચોમાસું આગળ વધી શક્યું નથી.

હવે અરબ સમુદ્રમાં એક સિસ્ટમ બનશે અને ત્યારબાદ વરસાદનું આગમન થશે. દક્ષિણ ગુજરાતમાં રાબેતા મુજબ જ ૧૫ જૂન આસપાસ જ ચોમાસું આવશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી. ■

# અમદાવાદમાં રથયાત્રા પહેલા પોલીસ એકશનમાં

## વિઝા મુદત પૂર્ણ થયા બાદ રોકાયેલા ૨૪૦ વિદેશી નાગરિકોને શોધ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ પોલીસે આગામી રથયાત્રાના તહેવારો પહેલા વિઝા મુદત પૂરી થયા બાદ રોકાયેલા વિદેશી નાગરિકો સામે સઘન કાર્યવાહી શરૂ કરી છે. સુરક્ષાની વધતી ચિંતાઓ વચ્ચે અત્યાર સુધીમાં ૨૪૦ વિદેશી નાગરિકોને ઓળખી કાઢવામાં આવ્યા છે. જેમાં ૨૦ પાકિસ્તાની નાગરિકો અને ૧૦૦ બાંગ્લાદેશી નાગરિકોનો સમાવેશ થાય છે.

પોલીસે વિઝા નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને શોધી કાઢવા અને દેશનિકાલની પ્રક્રિયા શરૂ કરવા માટે સાત વિશેષ ટીમો બનાવી છે. ૨૭ જૂને યોજાનારી ભગવાન જગન્નાથની રથયાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. તેના કારણે વ્યાપક સુરક્ષા વ્યવસ્થાની જરૂર પડે છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે શોર્ટલિસ્ટ કરાયેલા વ્યક્તિઓમાં આફ્રિકન દેશો અને યુનાઇટેડ કિંગડમના વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. આ લોકો ભારતમાં માન્ય ટૂરિસ્ટ અથવા વિઝિટર વિઝા પર પ્રવેશ્યા હતા પરંતુ તેમની વિઝાની મર્યાદા પૂરી થઈ ગયા બાદ પણ રોકાયા હતા. આ કાર્યવાહી મંગળવારે શરૂ થઈ હતી. સ્થાનિક ગુપ્તચર એકમો અને સ્પેશિયલ બ્રાન્ચના અધિકારીઓ સાથે મળીને કામગીરી કરી રહ્યા છે.

આ ઓપરેશન ગેરકાયદેસર વસાહતો માટે જાણીતા ચંડોળા તળાવ વિસ્તારમાં ડિમોલિશન બાદ શરૂ કરવામાં આવી હતી. પોલીસ સૂત્રો અનુસાર આ ડિમોલિશન ધાર્મિક શોભાયાત્રા પહેલા વ્યાપક સુરક્ષા પગલાંનો ભાગ છે. સૂત્રોના જણાવ્યા મુજબ દરેક કેસની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવી રહી છે. વિઝા મર્યાદા કરતા વધુ સમય રોકાવું ઇમિગ્રેશન નિયમોનું ઉલ્લંઘન છે.

વર્તમાન સંજોગોમાં, તે સંભવિત સુરક્ષા જોખમ પણ ઊભું કરે છે. વિઝાના નિયમોનો ભંગ કરતા પકડાયેલા લોકોને કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. આમાં અટકાયત, દેશનિકાલ અને ભવિષ્યમાં ભારતમાં પ્રવેશ પર બ્લેકલિસ્ટિંગનો સમાવેશ થઈ શકે છે. પોલીસે અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરી ગયેલા વિઝા ભંગ કરનારાઓને શોધી કાઢવા માટે કેન્દ્રીય એજન્સીઓનો સંપર્ક કર્યો છે. અધિકારીઓએ પુષ્ટિ કરી કે તેમના ફોટા અને નામ, ભારતમાં આગમનની તારીખ અને તેમની પરત ફરવાની ટિકિટ પર દર્શાવેલ રોકાણનો સમયગાળો દેશભરના રાજ્ય પ્રશાસન સાથે શેર કરવામાં આવ્યા છે.

સૂત્રોએ જણાવ્યું કે, આ ઓપરેશન બે હેતુઓ પૂરા પાડે છે. પ્રથમ, રથયાત્રા સુચારુ રીતે સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવું. બીજું, દેશવિરોધી તત્ત્વો દ્વારા વિઝા મર્યાદા કરતાં વધુ સમય રોકાયેલા વિદેશી નાગરિકોના સંભવિત શોષણને અટકાવવું. પહલગામ હુમલા બાદ સ્લીપર સેલ અને કટ્ટરપંથી નેટવર્કનાં જોખમો પણ સામે આવ્યાં છે. રથયાત્રા માટે શહેર સજ્જ થઈ રહ્યું હોવાથી પોલીસે નાગરિકોને સતર્ક રહેવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ કરવા જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં કોરોનાના કેસનો આંકડો ૨૪૧ને પાર

અમદાવાદ: શહેર કોરોનાનું એપી સેન્ટર બન્યું હોય તેમ લાગે છે. શહેરમાં ૪ જૂને કોરોનાના ૭૧ કેસ નોંધાયા હતા અને એક સંક્રમિતનું મોત થયું હતું. જ્યારે ૩૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં દર કલાકે ત્રણ લોકો કોરોનાની ઝપેટમાં આવ્યા હતા. શહેરના પશ્ચિમ વિસ્તારમાં સરદાર પટેલ સ્ટેડિયમ વોર્ડમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીને કોરોના થયા બાદ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. જેથી અમદાવાદમાં કોરોનાના કારણે મૃત્યુ આંક વધીને ત્રણ થયો હતો અને ત્રણેય મૃતક મહિલા છે. અમદાવાદ શહેરમાં એક્ટિવ કેસની સંખ્યા વધી રહી છે. ■

# અમદાવાદ એરપોર્ટ પર આઈપીએલ ફાઇનલને કારણે મુસાફરોનો રેકોર્ડબ્રેક ધસારો: કોલ્ડપ્લેનો રેકોર્ડ તૂટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મંગળવારે શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આઈપીએલ ફાઇનલ નિહાળવા દેશભરમાંથી ક્રિકેટ ચાહકો ઊમટ્યા હતા. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરો અને ફ્લાઇટ્સના લેન્ડિંગ-ટેકઓફમાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો.

મળતી વિગત પ્રમાણે, ૩ જૂને અમદાવાદ એરપોર્ટ પરથી રેકોર્ડબ્રેક ૫૧,૫૦૦ મુસાફરની અવરજવર થઈ હતી. તેમ જ નિયમિત ફ્લાઇટ્સની ૨૫૦થી વધુ અને ૧૬ ચાર્ટર ફ્લાઇટ્સની ગતિવિધિ નોંધાઈ હતી. આ પહેલા ચાલુ વર્ષે જાન્યુઆરીમાં યોજાયેલા કોલ્ડપ્લ કોન્સર્ટ વખતે ૪૬,૫૦૦ મુસાફરની અવરજવર નોંધાઈ હતી, જે અત્યાર સુધીનો એક રેકોર્ડ હતો, આ રેકોર્ડ આઈપીએલ ફાઈનલ દરમિયાન તૂટ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨૫ અને ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાયો હતો. એ પૂર્વે ૨૪ જાન્યુઆરીથી અમદાવાદ એરપોર્ટ પર દેશના વિવિધ શહેરોમાંથી અને વિદેશમાંથી પણ શો જોવા માટે મુસાફરોની ચહલપહલ વધી હતી. જેમાં ૨૪ જાન્યુઆરી એટલે કે, કોન્સર્ટના એક દિવસ પહેલાં અમદાવાદ એરપોર્ટ પર કુલ ૪૪,૦૦૦ મુસાફરોએ અવરજવર કરી હતી. આ ઉપરાંત ૩૨૦ ફ્લાઈટની મૂવમેન્ટ થઈ હતી, જેમાંથી ૩૮ ચાર્ટર પ્લેન હતાં. ■

# ગુજરાતમાં દર મહિને ઉમેરાયાં એક લાખ નવા ટૂ વ્હિલર: અમદાવાદમાં ફોર વ્હીલ રજિસ્ટ્રેશનમાં દૈનિક ૬૨ ટકાનો ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં જાહેર પરિવહનના અભાવે રોજબરોજ ખાનગી વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં ૨૦૨૪માં ૧૨ લાખ નવા ટૂ વ્હિલર અને ૩.૫૦ લાખ ફોર વ્હિલરનો ઉમેરો થયો હતો. અમદાવાદ સુભાષબ્રિજ આરટીઓ અને અમદાવાદ વસ્ત્રાલ આરટીઓમાં દૈનિક ૫૬૦ ટૂ વ્હિલર અને ૨૦૮ ફોર વ્હિલરનું રજિસ્ટ્રેશન થયું હતું, એટલે કે દર ત્રણ મિનિટે ટુ વ્હીલર અને દર સાતમી મિનિટે ફોર વ્હીલરની નોંધણી થઈ હતી.

૨૦૧૨ના જ આંકડા પર નજર કરીએ તો આ સંખ્યા અનુક્રમે ૪૯૯ અને ૧૨૮ હતી. જે ૧૨ વર્ષમાં ફોર-વ્હીલરના દૈનિક રજિસ્ટ્રેશનમાં ૬૨.૫ ટકા અને ટૂ-વ્હિલરમાં ૧૨.૨ ટકાનો વધારો દર્શાવે છે. અમદાવાદની સરખામણીમાં સુરતમાં સાધારણ વધારો નોંધાયો હતો. ડાયમંડ નગરી તરીકે ઓળખાતા સુરતમાં દૈનિક ટૂ-વ્હિલર રજીસ્ટ્રેશન ૧૨ વર્ષમાં ૩૩૫ થી વધીને ૩૮૪ અને ફોર-વ્હિલર ૬૯થી વધીને ૮૪ થયું હતું.

આ આંકડા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા 'શહેરી આયોજન પર ઉચ્ચ-સ્તરીય સમિતિનો અહેવાલ'માં ટાંકવામાં આવ્યા છે. અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૦૨૪માં ૧૮ લાખ નવાં વાહનો ઉમેરાયાં હતાં, જેમાં ૧૨ લાખ ટૂ-વ્હિલર અને ૩.૫ લાખ ફોર-વ્હિલર હતા. ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં એક વર્ષમાં આશરે ૪૧,૦૦૦ વાહનો ઉમેરાયા હતા.

તેનાથી વિપરીત, ગુજરાતમાં વાર્ષિક ધોરણે માત્ર ૪૦૦૦ બસો ઉમેરવામાં આવે છે, જે ખાનગી અને સાર્વજનિક પરિવહન રોકાણ વચ્ચેની અસમાનતા દર્શાવે છે. ખાનગી વાહનોમાં વધારો હાલના પરિવહન માળખા પર પણ દબાણ વધારે છે. ખાનગી વાહનોની સંખ્યા વધવાની સાથે મુસાફરીનો સમય લાંબો થાય છે, ઉત્સર્જન વધે છે અને શહેરી જીવનની ગુણવત્તા કથળે છે તેમ પણ અહેવાલમાં જણાવાયું હતું.

અહેવાલ શહેરમાં કાર અને બાઇકની આવી વધતી સંખ્યા શહેરમાં જાહેર પરિવહનનો અભાવ દર્શાવે છે. જો આ વલણ ચાલુ રહેશે તો આગામી ૩-૪ વર્ષમાં અમદાવાદમાં આ સંખ્યા બેંગલૂરુમાં (૨૦૨૪માં દૈનિક ૩૦૦ કાર) નોંધણી જેટલી વધી જશે અને ૨૦૩૧ સુધીમાં દિલ્હીની સંખ્યા (૨૦૨૪માં દૈનિક ૫૦૦ કાર) જેટલી થઈ જશે. વાહનોની વધતી જતી સંખ્યાના અન્ય પરિણામોની સાથે રિપોર્ટમાં માર્ગ અકસ્માતોમાં વધારો અને હવાની ગુણવત્તામાં બગાડ જેવા મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલી કેટલીક ભલામણોમાં શહેરી પરિવહન આયોજનને યોગ્ય બનાવવું અને શહેરો વચ્ચે કનેક્ટિવિટી સુધારવાનો સમાવેશ થાય છે.

૨૦૨૪માં કયા શહેરમાં દૈનિક કેટલી ફોર વ્હિલરનો થયો વધારો

સુરત: ૮૪, અમદાવાદ: ૨૦૦, બેંગલૂરુ: ૩૦૦, દિલ્હી:૫૦૦ ■

# પ્રેમી યુગલે નર્મદા કેનાલમાં કૂદીને જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લાના થરાદમાંથી પસાર થતી નર્મદા કેનાલ સ્યુસાઈડ પોઈન્ટ બની હોય, તેમ છેલ્લા કેટલાક સમયથી કેનાલમાં કૂદીને આપઘાતના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. ૩ જૂન મંગળવારના રોજ મૂળ રાજસ્થાનના પ્રેમી પંખીડાએ કેનાલમાં ઝંપલાવીને મોતને વ્હાલુ કર્યું હતું. રાજસ્થાનનાં પ્રેમી યુગલે કેનાલમાં કૂદીને જીવન ટૂંકાવ્યું હોવાની જાણ થરાદ ફાયરબ્રિગેડને કરાતાં ફાયર ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી બંનેના મૃતદેહને બહાર કાઢ્યા હતા.

આ યુવક-યુવતીના મૃતદેહ વહેલી સવારે થરાદની મુખ્ય નર્મદા કેનાલના ખાનપુર ફાટક પાસેથી મળ્યા હતા. મૃતક યુવક મુકેશ મલુકાજી માજીરાણા (ઉં.૨૦) સુજા ગામનો અને યુવતી શારદા ભગાજી માજીરાણા (ઉં.૨૧) હાથલા ગામની રહેવાસી હતી. બંને મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના સેડવા તાલુકાનાં વતની હતાં. ■

# એગ્રો ફોરેસ્ટ્રી યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાં કુલ ૪૫,૯૩૯ હેક્ટરમાં ખેડૂતલક્ષી વાવેતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સહિત ભારતભરમાં ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવામાં આવશે. ગુજરાતને હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે વન વિભાગ દ્વારા સામાજિક વનીકરણ-સોશિયલ ફોરેસ્ટ્રી રૂપે અનેકવિધ નવીન પહેલ શરૂ કરવામાં આવી હતી.

વન બહારના વિસ્તારોમાં ૧,૧૪૩ ચો.કિ.ના વન આવરણ વધારા સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. પર્યાવરણના જતન માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૪-૨૫માં વન અને પર્યાવરણ વિભાગનું બજેટ જે રૂ.૨,૫૮૬ કરોડ હતું જે આ વર્ષે ૨૦૨૫-૨૬માં ૨૦ ટકા વધારીને રૂ.૩,૧૩૯ કરોડ કર્યું હતું.

પર્યાવરણ જતનમાં ગુજરાતની અનોખી પહેલના ભાગરૂપે વન વિભાગની સામાજિક વનીકરણ પાંખ દ્વારા સમગ્ર રાજ્યમાં એગ્રો ફોરેસ્ટ્રી યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજે ૧૪,૯૩૯.૬૦ હેક્ટર અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૧,૦૦૦ હેક્ટર આમ છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાં કુલ ૪૫,૯૩૯ હેક્ટર વિસ્તારમાં ખેડૂતલક્ષી વાવેતર કરવામાં આવ્યું છે. સામાજિક વનીકરણ અંતર્ગત ગત વર્ષે વન વિભાગ દ્વારા હરીત વન પથ વાવેતર, પંચરત્ન ગ્રામ વાટિકા વાવેતર, અમૃત સરોવર ફરતે પંચરત્ન વાવેતર અને નર્સરીમાં ટોલ સીડલીંગ એમ ચાર નવીન યોજનાઓ પણ અમલી બનાવવામાં આવી છે.

રાજ્યમાં હરીત વન પથ યોજના હેઠળ કુલ ૭૦ હેક્ટર વિસ્તારમાં, પંચરત્ન ગ્રામ વાટિકા મૉડેલ હેઠળ કુલ ૧,૦૦૦ ગામડાંમાં તેમ જ પંચરત્ન વાવેતર મૉડેલ હેઠળ કુલ ૬૫ અમૃત સરોવર ફરતે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં કુલ ૨૧૧ વન કુટીર, સમગ્ર રાજ્યમાં કુલ ૨૦ પંચવટી કેન્દ્ર, રાજ્યમાં કુલ ૫૮ પવિત્ર ઉપવન તૈયાર કરવામાં આવ્યા છે. સામાજિક વનીકરણ અંગે જાગૃતિ માટે સમગ્ર રાજ્યમાં કુલ ૧૬૬ કિસાન શિબિર, કુલ ૬૬ મેડિકલ કેમ્પ તેમ જ રાજ્યમાં કુલ ૬૬,૦૦૦ કલમી ફળાઉ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વન મહોત્સવ અંતર્ગત રાજ્યમાં પ્રથમવાર ગાંધીનગરમાં ગ્રહ, નક્ષત્ર, રાશિ અને સંસ્કૃતિ આધારિત સાંસ્કૃતિક પુનિત વન સાકાર થયું, ત્યારબાદ દર વર્ષે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં થીમ આધારિત નવા સાંસ્કૃતિક વનની હારમાળા શરૂ થઈ હતી. આ સાંસ્કૃતિક વનો આજે પર્વારણના રક્ષણ સાથે પ્રવાસન સ્થળ તરીકે પણ વિકાસ પામ્યા છે. સમુદ્ર કિનારે આવેલા ખારાપટ અને બંજર એવા ધોલેરા વિસ્તારમાં વન વિભાગ દ્વારા નવીન ગ્રીન પ્રકલ્પના ભાગરૂપે ધોલેરા એસઆઈઆર ખાતે ૨૫ હેક્ટરમાં વન કવચ-માઇક્રો ફોરેસ્ટ તૈયાર કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઐતિહાસિક બંદર એવા લોથલ ખાતે એપ્રોચ રોડ પર ૨૦ હજારથી વધુ વૃક્ષો તેમજ નેશનલ હેરિટેજ મેરિટાઈમ કોમ્પ્લેક્ષની આસપાસ પાંચ હેક્ટર વિસ્તારમાં વન કવચનું નિર્માણ કરવામાં આવશે. ■

# અમદાવાદ મનપા બાંધકામ સંબંધિત પ્રશ્નોનું વન-સ્ટોપ સોલ્યુશન લાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં કોઈપણ જગ્યાએ બાંધકામ શરૂ કરતા પહેલા ઘણી મંજૂરીઓ મેળવવી પડે છે. જેના માટે જુદીજુદી કચેરીઓના ધક્કા ખાવા પડે છે. આવા ધક્કા ન ખાવા પડે એ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક ખાસ આયોજન કરવામાં આવ્યું છે. એએમસી દ્વારા બાંધકામ સંબંધિત પ્રશ્નો અને સેવાઓ માટે વન-સ્ટોપ સોલ્યુશન વિકસાવવાની યોજના અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

એએમસીની આ યોજના હેઠળ એક છતની નીચે વ્યવસાયિકો અને રહેવાસીઓના પ્રશ્નોનું સમાધાન અને વિવિધ સેવાઓ આપવામાં આવશે. વન-સ્ટોપ સોલ્યુશનનો હેતુ વિવિધ ટાઉનપ્લાનિંગ, ડેવલપમેન્ટ મંજૂરીઓ અને અન્ય બાંધકામ સંબંધિત સુવિધાઓ એક છત નીચે આપવાનો છે. આ 'અર્બન હાઉસ' ટાઉન પ્લાનિંગ મેપ, ડેવલપમેન્ટ મંજૂરી, એએમસી પ્લોટ ફાળવણી, પાર્ટ પ્લાન અને ઝોનિંગ પ્રમાણપત્ર તથા પ્લોટ અને બેટરમેન્ટ ચાર્જ અંગેના સત્તાવાર મંતવ્યો જેવી સેવાઓ સરળ બનાવશે.

તમામ સુવિધાઓને એક જગ્યાએ ઉપલબ્ધ કરાવવા માટે એલિસબ્રિજ પાસેના એનસીસી રોડથી નગરી હોસ્પિટલ સુધીના રસ્તા પર ૯૬ કરોડના ખર્ચે અઢી વર્ષ સુધીમાં અર્બન હાઉસ નામની બિલ્ડિંગ તૈયાર કરવામાં આવશે. અર્બન હાઉસ દ્વારા વિકાસ સંબંધિત બધી સેવાઓ એક જ સ્થાને ઉપલબ્ધ થશે. જેનાથી અરજી પર કામ કરવાની પ્રક્રિયા ઝડપી અને વધુ કાર્યક્ષમ બનશે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ બિલ્ડિંગમાં બે બેઝમેન્ટ હશે. જેમાં ૧૪૦ ફોર-વ્હીલર્સ અને ૧૧૮૪ ટુ-વ્હીલર્સ પાર્ક કરી શકાય એવી પાર્કિંગની સુવિધા હશે. જે મુલાકાતીઓ અને સ્ટાફના વાહનો માટે પૂરતી જગ્યા પૂરી પાડશે. ■

# સુરતમાં ઓપરેશન સિંદૂર સર્કલ બની ગયું: તંત્ર અજાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડાયમંડ નગરી સુરતથી એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. શહેરમાં ઓપરેશન સિંદૂર અંતર્ગત સર્કલ બનાવવા સાંસદે માગ કરી હતી પરંતુ તંત્રની કોઈપણ જાતની મંજૂરી વગર જ અજાણ્યા ઇસમોએ સર્કલ બનાવી નાંખ્યું હતું.

થોડા દિવસ પહેલાં જ સુરત હજીરા રોડ પર હવેલી વિસ્તાર નજીક આવેલા સર્કલ પર આર્મી જવાનના કટ આઉટ, ફાઈટર પ્લેન અને સર્કલ પર ઓપરેશન સિંદૂર નામ સાથે સર્કલ બનાવી દેવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. આ સર્કલ સોશયલ મીડિયામાં પણ વાયરલ થયું હતું.

સુરતના સાંસદ મુકેશ દલાલે પાલિકાને એક પત્ર લખ્યો હતો. જેમાં તેમણે રાંદેર વિસ્તારમાં ઓપરેશન સિંદૂર ટ્રાફિક સર્કલ બનાવવાની માગણી કરી હતી.આ સર્કલમાં સ્વદેશી શસ્ત્રોની કૃતિઓ પ્રદર્શિત કરીને નાગરિકો અને યુવા પેઢીમાં રાષ્ટ્રભક્તિ અને સૈન્ય અંગે જાગૃતિ લાવવાનો હેતુ છે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સાંસદે અડાજણ પ્રાઈમ આર્કેડ, મોરાભાગળ ચાર રસ્તા, રાંદેર અડાજણના મોટા સર્કલ અથવા સુરત હજીરા રોડ પર ઓપરેશન સિંદૂર સર્કલ બનાવવા માગણી કરી હતી. સર્કલ પાલિકાની મંજૂરી વિના બન્યું હોવાની ફરિયાદ થઈ છે. સુરત મહાનગરપાલિકાએ મંજૂરી વિના બનાવેલા સર્કલ માટે સર્કલ બનાવનાર સંસ્થાને નોટિસ પણ ફટકારી દીધાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વડોદરા ભાજપમાં કકળાટ: ગ્રામ પંચાયતોની ચૂંટણી પહેલાં બે દિગ્ગજોની જાહેરમાં આક્ષેપબાજી

અમદાવાદ: ગુજરાત ભાજપમાં ફરી એક વખત આંતરિક અસંતોષ સામે આવ્યો હતો. વડોદરામાં ૩૦૦થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણી પહેલાં ભાજપના બે આગેવાનોની જાહેરમાં આક્ષેપબાજી કાર્યકરોમાં ચર્ચાનો વિષય બની હતી. બરોડા ડેરીના મુદ્દે સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર ફરી એક વાર આક્રમક બન્યા હતા. ડેસરની મેરાકૂવા દૂધ મંડળીના પાંચ મૃતક સભાસદોના નામે દૂધ ભરીને રૂ.૩૯ લાખનું પેમેન્ટ થતાં પોલીસ કેસ કરવા માટે માગણી કરી હતી.તેમણે ડેરીના મોટા માથાઓની સાથે બરોડા સેન્ટ્રલ કો ઓ બેન્કની પણ કૌભાંડમાં સંડોવણીનો આક્ષેપ કર્યો હતો.

બરોડા ડેરીના ચેરમેન દિનુમામાએ પણ દૂધ મંડળીના કહેવાતા કૌભાંડમાં જેટલાં પણ માથાં હોય તેમને કાલે નહીં પણ આજે જ ખુલ્લા પાડવા પડકાર ફેંક્યો હતો. તેમણે એમ પણ કહ્યું છે કે,ડેરી એ મનરેગા નથી.અમે કિલો દૂધ લઇ કિલોના રૂપિયા ચૂકવીએ છીએ.ધારાસભ્ય તેમના તાલુકાના કામોમાં પણ ધ્યાન આપે અને ડેરી જેવી સારી સંસ્થાને મદદરૂપ થઇ જિલ્લામાં બંધ પડેલી બીજી સહકારી સંસ્થાઓને સરકારમાં રજૂઆત કરી બેઠી કરે.આગામી તા.૨૨મીએ વડોદરા જિલ્લામાં ૩૩૧ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાવાની છે તેવા સમયે વડોદરા જિલ્લા ભાજપના બે આગેવાનો વચ્ચેનો ખટરાગ જાહેરમાં સામે આવતાં પક્ષમાં ખળભળાટ મચી ગયો હતો. ■

# કડીમાં નીતિન પટેલનું કદ ઘટ્યું: લોબિંગ પછી પણ પસંદગીના ઉમેદવારને ન મળી ટિકિટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે કડીમાં તેમની પસંદગીના ઉમેદવારને ટિકિટ મળે તે માટે લોબિંગ કર્યું હતું, તેમ છતાં તેમના માનિતાને ટિકિટ ન મળતાં રાજકીય વર્તુળોમાં નીતિન પટેલનું કદ ઘટ્યું હોવાની ચર્ચા થઈ રહી છે.

કડી બેઠક પર પેટા ચૂંટણી લડવા માટે ગુજરાતી ફિલ્મ કલાકાર હિતુ કનોડિયા, ગાયક કલાકાર કાજલ મહેરિયાએ ભાજપ પાસે ટિકિટ માગી હતી. આ ઉપરાંત ૭૦ દાવેદારે બાયોડેટા આપીને ચૂંટણી નિરીક્ષકો સમક્ષ ચૂંટણી લડવા ઇચ્છા વ્યક્ત કરી હતી. જોકે, કડીના સ્થાનિક નેતાઓનું કહેવું હતું કે, ઉમેદવાર પસંદગીમાં નીતિન પટેલનો મુખ્ય રોલ હશે. આ ઉપરાંત નીતિન પટેલ સહિત તેમના જૂથે માનિતાને ટિકિટ અપાવવા રાજકીય લોબિંગ કર્યુ હતું પણ ગજ વાગ્યો નહોતો.

હાઇ કમાન્ડે જૂના જનસંઘી રાજેન્દ્ર ચાવડાને ટિકિટ આપી ત્યારે જ સ્પષ્ટ થઈ ગયું હતું કે કડીમાં હવે નીતિન પટેલનો દબદબો ઘટ્યો છે. લોબિંગ કર્યા પછી ય નીતિન પટેલના માદરે વતન કડીમાં કંઈ ચાલ્યું ન હતું. હાઇ કમાન્ડે ખેલ પાડીને નીતિન પટેલ સહિત અન્ય સક્રિય જૂથોની રીતસર બાદબાકી કરી હતી. ■

# સુરતમાંથી નકલી ડિગ્રી આપનાર શખ્સને એસઓજીએ ઝડપ્યો: સર્ટિફિકેટના ચારથી નવ લાખ રૂપિયા પડાવતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં સમયાંતરે નકલી તબીબો ઝડપાતા રહે છે. ૫૮ લોકોને બીએચએમએસની નકલી ડિગ્રી આપનારા સુરતના શખ્સની એસઓજીએ ધરપકડ કરી હતી.

મળતી વિગત પ્રમાણે, એસઓજીની ટીમે સુરતના ડિંડોલીમાંથી વિજય બોરોલે (ઉં.વ.૫૦)ને ઝડપી પાડ્યો હતો. તે ૨૦૨૦માં સીઆઈડી ક્રાઈમ, ગાંધીનગરમાં પાંચ વર્ષથી વોન્ટેડ હતો.

નડિયાદના બાસ્કા ગામે બીએચએમએસની નકલી ડિગ્રીથી દંપતી પ્રેક્ટિસ કરતા હોવાની માહિતી બાદ આ પ્રકરણ સામે આવ્યું હતું.

તપાસ દરમિયાન વિજયે ૫૮ લોકોને નકલી ડિગ્રી પધરાવી હોવાનો ખુલાસો થયો હતો.

સુરત, રાજકોટ, અમદાવાદ સહિત ગ્રામ્ય વિસ્તારમાં નકલી ડિગ્રીના આધારે ઊંટવૈદો હાટડીઓ ખોલીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હતા. આ ડિગ્રી આપવા માટે તે ચારથી નવ લાખ રૂપિયા પડાવતો હતો.

રકમ લઈ તે ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી (બિહાર)ની નકલી ડિગ્રી આપતો હતો. તેમ જ નકલી ડિગ્રી સર્ટિફિકેટનું રજિસ્ટ્રેશન કાઉન્સિલ ઑફ હોમિયોપેથી અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં રજિસ્ટ્રેશન પણ કરાવી દેતો હતો, જેના કારણે તે નકલી હોવાની શંકા જતી નહોતી. બાબા સાહેબ આંબેડકર યુનિ. દ્વારા જ આ સર્ટિફિકેટ પોતે ઈશ્યૂ નહિ કર્યાનું જણાવતાં તપાસ તેજ બની હતી અને બાતમીના આધારે તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. ■

# આનંદ મેળામાં રાઇડમાંથી પટકાયેલી બાળકીનું સારવારમાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્કૂલોમાં વેકેશન હોવાથી રાજ્યમાં અનેક જગ્યાએ આનંદ મેળા શરૂ થયા હતા, જેમાં કેટલાક મેળા સંચાલકો દ્વારા તંત્રની મંજૂરી લેવામાં આવી નહોતી. ગાંધીનગરના માણસા શહેરમાં કલોલ રોડ પર કોઈપણ પ્રકારની વહીવટી મંજૂરી વિના આનંદમેળો શરૂ કરવામાં આવ્યો હતો. થોડા દિવસ પહેલા રાજ્યભરમાં ફૂંકાયેલા ભારે પવનના કારણે અહીં બાળકો માટે લગાવવામાં આવેલા મિકી માઉસ બોન્ઝી ફુગ્ગામાં રમતા બાળકો નીચે પટકાયા હતા. આ દુર્ઘટનામાં બે બાળકીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી, જેમને તાત્કાલિક ધોરણે અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવી હતી. સારવાર દરમિયાન તેમાંથી એક પાંચ વર્ષીય બાળકીનું મોત નિપજ્યું હતું.

મળતી વિગત પ્રમાણે, કોઈપણ જાતની વહીવટી મંજૂરી વિના શ્યામલાલ રાવળ નામના શખ્સે બાળકો માટે જુદી-જુદી રાઈડ મૂકી આનંદ મેળો શરૂ કર્યો હતો. દુર્ઘટના બાદ લોકો રોષે ભરાયા હતા. આ ગેરકાયદે આનંદ મેળો કોના આશીર્વાદથી શરૂ કરાયો હતો? તેવી ચર્ચા શરૂ થઈ હતી. આ દુર્ઘટના માટે જવાબદાર મૂળ સુધી રહેલા તમામ લોકો સામે કડક કાર્યવાહી કરી મૃતક દીકરીને ન્યાય મળે તે માટે મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# ‘આત્મીયતાની કલાત્મક અભિવ્યક્તિ’ પ્રદર્શનનું આયોજન

મુંબઈઃ હિરલ ભગતનું એકાંકી પ્રદર્શન ૯ જૂન, ૨૦૨૫ સુધી જહાંગીર આર્ટ ગેલેરી, કાલા ઘોડા, ફોર્ટ, મુંબઈ ખાતે યોજાયું છે.

હિરલ ભગત ફક્ત શબ્દોનું ચિત્રણ નથી કરતાં, પરંતુ તે તેમને ફરીથી જીવંત બનાવે છે, કવિતાઓને દૃશ્યના રૂપમાં એવી રીતે રજૂ કરે છે જેમ કે પતંગિયાની પાંખો- નાજુક, ગહન અને એકદમ પરિવર્તનથી ભરપૂર. શબ્દો સ્વરૂપો તરીકે આકાર લે છે અને ભાષા અંતરને પાર કરતી હોય તેમ પોતાને પ્રસ્તુત કરે છે.

તેમની સ્ક્રિપ્ટ તેમનું ઘર છે.

હિરલની કૃતિઓ આંતરરાષ્ટ્રીય સ્તરે કેલિગ્રાફીઝ ઈન કન્વર્ઝન, યુએસએ (૨૦૧૯), ચેઓંગજુ જિકજી વર્લ્ડ કેલિગ્રાફી એક્ઝિબિશન, દક્ષિણ કોરિયા (૨૦૧૯-૨૦૨૪) વગેરે જેવા કાર્યક્રમોમાં પ્રદર્શિત કરવામાં આવી છે. તે કાલા ઘોડા આર્ટ્સ ફેસ્ટિવલ (૨૦૧૯)માં વિજેતા અને આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ટાયપોડ (૨૦૨૩)માં પોસ્ટર વિજેતા અને નિષ્ણાત વર્કશોપ સંચાલક રહ્યા છે.

તેમની કૃતિઓ ગુજરાત સાહિત્ય મહોત્સવ અને એલેમ્બિક ગ્રૂપ સહિતના પ્રતિષ્ઠિત સંગ્રહોનો ભાગ છે. હિરલની કલા સ્લેટેડ મેગેઝિન, લેટર આર્ટસ રિવ્યુ મેગેઝિન, અક્ષરભારતી બુક અને ઘણા મીડિયા પ્લેટફોર્મ પર જોવા મળી છે.

૨૦૨૪માં, તેમને ૧૦૦ પાઈપર્સ ઈન્ડિયા લેગસી પ્રોજેક્ટમાં યોગદાન આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# શિવસેના (યુબીટી)ના લોકસભાના ઉમેદવાર ચંદ્રહાર પાટીલ શિંદેસેનામાં જોડાશે

છત્રપતિ સંભાજીનગરઃ કુસ્તીબાજમાંથી રાજકારણી બનેલા ચંદ્રહાર પાટીલ જેમણે મહારાષ્ટ્રની સાંગલી બેઠક પરથી શિવસેના (યુબીટી)ના ઉમેદવાર તરીકે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી લડી હતી, તેઓ ૯ જૂને સત્તાધારી મહાયુતિમાં સામેલ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાશે, એવો દાવો રાજ્યના પ્રધાન સંજય શિરસાટે બુધવારે કર્યો હતો.

રાજ્યના સામાજિક ન્યાય ખાતાના પ્રધાન શિરસાટ એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાના પ્રવક્તા પણ છે.

પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે, ‘સોમવારે અને આ મહિનાના અંત સુધીમાં ઘણા લોકો અમારી પાર્ટીમાં જોડાશે. ચંદ્રહાર પાટીલ પણ જોડાવા માટે તૈયાર છે. જો શક્ય હોય તો રોકી દેખાડો.’ ઉદ્ધવ ઠાકરેની આગેવાનીવાળી પાર્ટી પર પ્રહાર કરતા તેમણે કહ્યું, ‘કોઈ તેમની સાથે રહેવા તૈયાર નથી અને તેમણે પોતાના પક્ષના મામલાઓ પર ધ્યાન આપવું જોઈએ.’

સ્થાનિક ભાજપના નેતાઓના છત્રપતિ સંભાજીનગરના આગામી મેયર મ્યુનિસિપલ ચૂંટણી પછી તેમના પક્ષના હશે એવા દાવા અંગે પૂછવામાં આવતા શિરસાટે કહ્યું હતું કે, ‘આ નેતાઓ ઉત્સાહી છે અને પક્ષ માટે કંઈ પણ કરવાના મૂડમાં છે. અમારી શુભેચ્છાઓ તેમની સાથે છે, પરંતુ પાર્ટીએ પાર્ટીના નેતાઓને શું બોલવું તે શીખવવા માટે એક વર્કશોપનું આયોજન કરવું જોઈએ.’

# રાજ્યમાં દસ કરોડ વૃક્ષ વાવવામાં આવશેઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની જાહેરાત

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવી જાહેરાત કરી હતી કે રાજ્યમાં હરિત મહારાષ્ટ્ર, સમૃદ્ધ મહારાષ્ટ્ર અભિયાન હેઠળ આ વર્ષે રાજ્યમાં ૧૦ કરોડ વૃક્ષો વાવવામાં આવશે. આવતા વર્ષે પણ દસ કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્ય છે. જો વૃક્ષારોપણ જનઆંદોલન બને તો જ આ અભિયાન સફળ થશે એમ જણાવતાં મુખ્ય પ્રધાને સલાહ આપી કે આ માટે બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે પર્યાવરણનું સંતુલન જાળવવા માટે વૃક્ષારોપણ જરૂરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ‘એક પેડ મા કે નામ’ના સંકલ્પનાના અભિયાનમાં મહારાષ્ટ્રે સારું પ્રદર્શન કર્યું છે. રાજ્યમાં ૩૩ ટકા વનીકરણના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે, આગામી વીસ વર્ષ માટે હરિત મહારાષ્ટ્ર, સમૃદ્ધ મહારાષ્ટ્રના અભિયાનને અમલમાં મૂકવું જરૂરી છે. મહારાષ્ટ્રે છેલ્લા આઠ વર્ષમાં મોટી સંખ્યામાં વૃક્ષો વાવ્યા છે. અગાઉ ૩૩ કરોડ ૫૦ કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક સફળતાપૂર્વક પ્રાપ્ત થયો છે. તેથી, આ વર્ષનો લક્ષ્યાંક ચોક્કસપણે પૂર્ણ કરી શકાય છે. વૃક્ષારોપણમાં ઓછામાં ઓછા દોઢ થી ત્રણ વર્ષ જૂના રોપાઓ વાવવા જોઈએ. વાવેલા વૃક્ષો ટકી રહે અને ઉગે તે માટે પ્રયાસો કરવા જોઈએ. ઉપરાંત, વાવેલા વૃક્ષોનો જીવિત રહેવાનો દર વધારવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી આધુનિક તકનીકોનો ઉપયોગ કરવો જોઈએ.

# શિવસેના (યુબીટી)એ નાસિકના નેતા સુધાકર બડગુજરને ‘પક્ષ વિરોધી’ પ્રવૃત્તિઓ માટે બરતરફ કર્યા

## સુધાકર બડગુજર ફડણવીસની નાસિક મુલાકાત દરમિયાન મળ્યા હતા

નાશિકઃ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)એ બુધવારે મહારાષ્ટ્રના નાસિક જિલ્લા એકમના ઉપનેતા સુધાકર બડગુજરને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યાના બે દિવસ પછી ‘પક્ષ વિરોધી’ પ્રવૃત્તિઓ માટે હાંકી કાઢ્યા હતા.

બડગુજરે તેમની બરતરફીને એકપક્ષી અને ખોટો નિર્ણય ગણાવ્યો હતો. શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને વરિષ્ઠ નેતા સંજય રાઉતનો નિર્ણય અંગે ફોન આવ્યા બાદ પાર્ટીના ભૂતપૂર્વ જિલ્લા વડા દત્તા ગાયકવાડે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સુધાકર બડગુજરને બરતરફ કરવાની જાહેરાત કરી હતી.

‘હમણાં જ, મને ઉદ્ધવજી અને સંજય રાઉત સાહેબનો ફોન આવ્યો. તેમણે કહ્યું હતું કે સુધાકર બડગુજરને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ માટે પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે,’ એમ ગાયકવાડે મીડિયાને જણાવ્યું.

બડગુજર બીજી જૂને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની નાશિક મુલાકાત દરમિયાન તેમને મળ્યા હતા. તેમણે પાર્ટીની કામગીરી પર જાહેરમાં નારાજી પણ વ્યક્ત કરી હતી. બડગુજરે એવો દાવો કર્યો હતો કે તેઓ શિવસેના (યુબીટી)ના નાસિક શહેર પ્રમુખ વિલાસ શિંદે અને લગભગ એક ડઝન અન્ય નેતાઓ પક્ષના કામકાજથી નાખુશ હતા. વિલાસ શિંદેએ સોમવારે (બીજી જૂન)ના રોજ તેમની પુત્રીના લગ્નમાં હરીફ શિવસેનાના વડા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને આમંત્રણ આપ્યું હતું, જેમાં ભાજપના નેતા અને પ્રધાન ગિરીશ મહાજન પણ હાજર રહ્યા હતા. બુધવારની પ્રેસ કોન્ફરન્સનું આયોજન સેના (યુબીટી)ના નાસિક જિલ્લા પ્રમુખ ડી. જી. સૂર્યવંશી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રેસ મીટ દરમિયાન વિલાસ શિંદે, નાશિકના સાંસદ રાજાભાઉ વાજે, નાયબ નેતા સુનીલ બાગુલ, ભૂતપૂર્વ વિધાનસભ્ય વસંત ગીતે, ભૂતપૂર્વ મેયર વિનાયક પાંડે અને દત્તા ગાયકવાડ હાજર હતા.

પાંચમા પાનાનું ચાલુ

## સિમીના ભૂતપૂર્વ

સંપર્કમાં કઇ રીતે હતા, તેઓ કોના કોના સંપર્કમાં હતા અને તેઓ શું યોજના બનાવી રહ્યા હતા તે વિશે માહિતી મળશે, એવી આશા છે, એમ એટીએસના અધિકારીએ જણાવ્યું હતું. હાલ દિલ્હીના તિહાર જેલમાં બંધ નાચન તેના પરિવારજનોને વીડિયો કૉલ પર મેસેજ આપતો ત્યારે તેણે આતંકવાદ સંબંધી કોઇ મેસેજની આપ-લે કરી હતી કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## ભલે પત્ની કમાતી હોય,

મોહમ્મદથી છૂટાછેડા લેવા માટે અરજી કરી હતી, જેમાં તેના પતિને તેની જોડિયા પુત્રીઓનાં ભરણપોષણનો ખર્ચ ચૂકવવા માટે કહેવામાં આવ્યું હતું. સ્થાનિક કોર્ટે પ્રીતિએ તેની આવકની વિગતો આપી ન હોવાના આધારે ભરણપોષણ ખર્ચને નકારી કાઢ્યો હતો. પ્રીતિએ તેની વિરુદ્ધ આ અરજી દાખલ કરી હતી, જેનો નિકાલ કરતી વખતે કોર્ટે પતિને એક લાખનો દંડ પણ ફટકાર્યો હતો. કોર્ટે એવો પણ આદેશ આપ્યો હતો કે પતિએ દંડની રકમ તેની પત્નીને બે મહિનાની અંદર ચૂકવી દેવી જોઈએ.

## શું ઉદ્ધવ અને

વિધાનસભ્ય મુફ્તી ઇસ્માઇલે કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે ઠાકરે અને ઓવેસી એક થાય. તેમણે કહ્યું હતું કે તેઓ આદિત્યના પ્રસ્તાવ પર વિચાર કરશે. મુફ્તી ઇસ્માઇલે વધુમાં કહ્યું હતું કે ધર્મ અમારા માટે મુદ્દો નથી, અમે વિકાસના મુદ્દા પર વાત કરી શકીએ છીએ. જો કોઈ અમને વિકાસના મુદ્દા પર બોલાવે છે, તો અમે પોતે આગળ વધીશું. જોકે, વિધાનસભ્ય મુફ્તી ઇસ્માઇલે વધુમાં કહ્યું કે આ અંગે અંતિમ નિર્ણય પાર્ટીના વડા ઓવેસી લેશે. મુફ્તી ઇસ્માઇલે ગઠબંધનના મુદ્દા પર શિવસેના (યુબીટી) પર નિશાન સાધ્યું છે અને પોતાની નારાજગી પણ વ્યક્ત કરી છે.

## શું નવા મતદારો

કાર્યવાહી માટે મોકલવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે આ મતદાર યાદી ટૂંક સમયમાં રાજ્ય ચૂંટણી કમિશનરની કચેરીને સોંપવામાં આવશે. કાયદા મુજબ, વિધાનસભાની ચૂંટણીઓ માટે ઉપયોગમાં લેવાતી અંતિમ મતદાર યાદી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે ઉપયોગમાં લેવાતી યાદી જેવી જ હોય છે. તેથી, એવું કહેવાય છે કે આ યાદીનો ઉપયોગ રાજ્યમાં આગામી નગરપાલિકા, નગર પરિષદ અને જિલ્લા પરિષદની ચૂંટણીઓ માટે કરવામાં આવશે.

વિધાનસભા ચૂંટણી માટે રાજ્યમાં કુલ મતદારોની સંખ્યા લગભગ ૯.૭૩ કરોડ હતી. હવે વિધાનસભા ચૂંટણી પછી આ આંકડો લગભગ નવ કરોડ આઠ મિલિયન સુધી પહોંચી ગયો છે. જોકે એવો અંદાજ છે કે આ નિયમથી લગભગ સાત લાખ નવા મતદારો પ્રભાવિત થશે.

## સેંકડો રોકાણકારો

ઓળખાણ જયસુખ સાખરિયા સહિત અન્ય આરોપીઓ સાથે થઈ હતી. તે સમયે આરોપીએ અમદાવાદમાં તેમનો વ્યવસાય હોવાનું કહ્યું હતું. આરોપીએ તેમની કંપની ગૂગલ માટે ઍપ બનાવે છે અને તેના થકી મળતી જાહેરખબરને કારણે ગૂગલ દ્વારા ડૉલર્સમાં ઊંચું વળતર મળતું હોવાનું કહ્યું હતું. આ કંપનીમાં રોકાણ કરેલી રકમ પર મહિને બેથી ૧૦.૫ ટકા વળતર આપવાની લાલચ શાહને બતાવાઈ હતી. ડિજિટલ ઈન્વેસ્ટમેન્ટની પૉન્ઝી સ્કીમમાં ફસાઈને શાહે અનેક રોકાણકારોને નાણાં રોકવા તૈયાર કર્યાં હતાં. આ માટે તેને ઊંચું કમિશન મળતું હતું. શાહ મારફત રોકાણકારોએ ૧૦૦ કરોડથી વધુનું રોકાણ કર્યું હોવાનું તપાસમાં પોલીસને જણાઈ રહ્યું છે. કંપની દ્વારા શરૂઆતમાં રોકાણકારોને સમયસર વળતર ચૂકવવામાં આવતું હતું, પરંતુ ફેબ્રુઆરી, ૨૦૨૪થી વળતર ચૂકવવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. બાદમાં શાહ દ્વારા આ અંગે વારંવાર પૂછપરછ કરવામાં આવી હતી. જોકે માર્ચ, ૨૦૨૪થી આરોપીઓનો સંપર્ક તૂટી ગયો હતો. અહીં રોકાણકારો શાહ પાસે વળતરની માગણી કરવા લાગ્યા હતા. પરિણામે શાહે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આર્થિક ગુના શાખાના ડીસીપી પરાગ મણેરેની ટીમે આ છેતરપિંડીની તપાસ હાથ ધરતાં શાહના બૅન્ક ખાતામાં કમિશન પેટે મોટી રકમ જમા થઈ હોવાનું જણાયું હતું. પોલીસનો સકંજો કસતો જોઈ શાહ ગુમ થઈ ગયો હતો. શાહનું એક નિવાસસ્થાન પુણેના જુન્નરમાં હોવાની પોલીસને જાણ હતી. જોકે શાહ ત્યાં પણ મળ્યો નહોતો. આખરે મંગળવારની રાતે શાહ પુણેમાં ઝડપાયો હતો.

## મહારાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય

અડધાથી વધુ હિસ્સો ઉત્પાદન ક્ષેત્રમાં છે, જે નોંધપાત્ર છે અને ‘મેક ઇન ઇન્ડિયા’ની સીધી અસર રાજ્યમાં જોવા મળી રહી છે.

ફડણવીસે જણાવ્યું હતું કે વાઢવણ બંદરની આસપાસ ‘ચોથું મુંબઈ’નો ખ્યાલ વિકસાવવામાં આવી રહ્યો છે. ભારતનું સૌથી મોટું બંદર અને અહીં એક નવું એરપોર્ટ બનાવવામાં આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એરપોર્ટને મંજૂરી આપી છે અને તેનો વધુ સર્વે ચાલી રહ્યો છે. ઉપરાંત, બુલેટ ટ્રેન અને કોસ્ટલ રોડને વાઢવણ સુધી લંબાવવાની યોજના હોવાથી, આ વિસ્તાર એક મોટું શહેરી કેન્દ્ર બનશે, એમ ફડણવીસે આ પ્રસંગે જણાવ્યું હતું.

મુંબઈ, થાણે અને પુણેના પરંપરાગત ઔદ્યોગિક કેન્દ્રોથી આગળ, રાજ્ય સરકારે હવે ટિયર-૨ અને ૩ શહેરોમાં ઔદ્યોગિક રોકાણની ગતિ વધારી છે. છત્રપતિ સંભાજીનગર હવે ઈવી (ઇલેક્ટ્રિક વાહન) ઉદ્યોગનું કેન્દ્ર બની ગયું છે અને ઘણી મોટી કંપનીઓએ રોકાણ કર્યું છે. આર્થિક વિકાસ માટે અહીં અનુકૂળ વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે. ગઢચિરોલી દેશના નવા સ્ટીલ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જ્યાં ૧ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું છે. નાગપુર, નાસિક અને ધુળે જેવા શહેરોમાં પણ માહિતી ટેકનોલોજી, ઉત્પાદન અને અન્ય ક્ષેત્રોમાં મોટા પાયે રોકાણ જોવા મળી રહ્યું છે.

## પાલિકા સાથે છેતરપિંડી

ગાળ દૂર કરવાનો, તેને ટ્રેક પર લોડ કરવાનો, વાહનોનું વજન કરવાનો અને નિયુક્ત સ્થળોએ કાંપનો નિકાલ કરવાનો સમાવેશ થાય છે. એઆઈ ડેશબોર્ડ વજન પ્રક્રિયાને વ્યવસ્થિત રીતે ચકાસે છે જ્યારે કોઈ ટ્રક વજન કરવાના સ્ટેશન પર આવે છે ત્યારે સિસ્ટમ તેની નંબર પ્લેટ વાંચે છે તેને કૉન્ટ્રેક્ટર સાથે લિંક કરે છે, તારીખ અને સમય રેકૉર્ડ કરે છે અને વાહનમાં ગાળ હોવાની પૃષ્ટિ કરવા માટે ફોટાનો ઉપયોગ કરે છે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ એઆઈ સિસ્ટમને કારણે નાળામાંથી ગાળ કાઢ્યા બાદ તેના પરિવહન દરમ્યાન અનિયમિતતાઓ શોધી કાઢવામાં મદદ મળી હતી, કારણકે અનેક કૉન્ટ્રેક્ટર યોગ્ય બિલ આપી શકયા નહોતા. તેમ જ તેમની કામગીરી બાબતે પણ ચોક્કસ માહિતી આપી શક્યા નહોતા. તેથી તેમના પર દંડ લાદવામાં આવ્યો છે.

# જૈન મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી (હાલ મુંબઈ) શોભાબેન (ઉં. વર્ષ ૭૯ ) તે હર્ષદભાઈ જેન્તીલાલ શાહના ધર્મપત્ની. તે અમીના માતુશ્રી. તે મોહનલાલ કેશવજી ભાયાણી (લાઠી)ના દીકરી. તે સ્વ. મધુબેન હરીશભાઈ દોશી, ગુણવંતભાઈ, ભુપતભાઈ, કાંતિભાઈ, રમેશભાઈ, સુરેશભાઈ અનંતરાય ભાયાણીના બહેન. તે રસીલાબેન પુરુષોત્તમભાઈ, પ્રવિણાબેન ચંદ્રકાન્તભાઈના દેરાણી. સ્વ. ભાનુબેન, સ્વ. ઉષાબેન, સ્વ. સરયુબેન, હીનાબેનના ભાભી તા. ૨/૬/૨૦૨૫, સોમવારના અરિહંતશરણ પામ્યા છે તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૫/૬/૨૦૨૫ના સાંજે ૫ થી ૭ રાખેલ છે. સ્થળ કે સી કોલેજ ઓડિટોરિયમ ચર્ચગેટ. ચોવિયારની વ્યવસ્થા રાખેલ છે.

**પાટણ જૈન**

ચૌધરીની શેરી, સ્વ. કાદમ્બરીબેન નવિનચંદ્ર શાહ (ભાણાભાઈ)નાં સુપુત્ર અતુલ શાહ (ઉં.વ. ૭૮) પીના શાહના પતિ બુધવારના અરિહંતશરણ થયા છે. પ્રણય, હેતલના પિતાશ્રી. સ્નેહા અને અમિષભાઈના સસરા. નયનાબેન દિનેશભાઈ શાહના ભાઈ. વસુમતીબેન બિપિનચંદ્ર શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૬-૬-૨૫, શુક્રવારના ૪થી ૬ સ્થળઃ વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વે).

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

લાઠી નિવાસી હાલ પૂના, સરલાબેન કનૈયાલાલ ભાયાણીના પુત્ર તુષારભાઈ (ઉં.વ. ૫૭) સોમવાર, ૨-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સેજલબેનના પતિ. ધર્મિતભાઈ અને ઉરાલીબેનના પિતાશ્રી. અનુજાના સસરાજી. મીલીબેન પરાગભાઈ ભાયાણીના જેઠ. નીરુબેન કિરીટભાઈ કામદારના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. રત્નાબેન જખુ મેઘજી ગાલા (ઉં.વ. ૮૨) રવિવાર તા. ૧-૬-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ગાલા કામલબેન મેઘજીના પુત્રવધૂ. સ્વ. જખુ મેઘજીના ધર્મપત્ની. દામજી, હસમુખ, હેમચંદ, નિર્મળાના માતુશ્રી. ગીંદરા કિશોર કાનજી, મંજુલા, રમીલાના સાસુ. ચાર્મી, નિયતી, ધ્રુવી, રિયા, હીરના દાદી. સ્વ. ગડા અરઘાબેન ભચુ કારાની સુપુત્રી. પ્રાર્થના સભા ગુરુવાર તા. ૫-૬-૨૫ સમય ૩.૦૦ થી ૪.૩૦ સ્થળ. પારેખ હોલ, જીતેન્દ્ર રોડ, મલાડ-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈ હાલ બોરીવલીના સ્વ. પલ્લવી અરવિંદ ગડા (ઉં.વ. ૬૪) શનિવાર તા. ૩૧-૫-૨૫ના અવસાન પામ્યા છે. તે મોંઘીબેન પોપટલાલ ભારાના પુત્રવધૂ. સોનલ, સાગરના મમ્મી. મિતેશ ચીમનલાલ ધોરડા અને કિંજલના સાસુ. લતા ભાનુ, જયાના દેરાણી, નીતાના જેઠાણી, આધોઈના માનુબેન પ્રેમજી વણવીર ગીંદરાના સુપુત્રી. પ્રાર્થના સભા ગુરુવાર તા. ૫-૬-૨૫, પ્રા. સમય સાંજે ૩ થી ૫. સ્થળ. યોગી સભા ગૃહ, દાદર-ઈસ્ટ, નિવાસ. એ-૪૭૦૬, ઓબેરાય સ્કાય સીટી, દત્તાપાડા રોડ, વે. એ. હાઈવે પાસે, બોરીવલી-ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની ખાખરના નવિન રાઘવજી ગાલા (ઉં.વ. ૭૦) તા. ૩-૬-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ડો. રાઘવજી મોરારજી ગાલાના પુત્ર. મીનાબેનના પતિ. રીંકુ, શ્વેતા, નીકીના પિતા. લાલચંદ, કાંતી, મણીના ભાઇ. કોડાયના ગોમીબાઇ મગનલાલ ગોગરીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા.સંઘ કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.) તા. ૫-૬-૨૫. ટા. ૪ થી ૫.૩૦. નિ. નવિન ગાલા, એ/૧૦૨, ૧૧, પ્રેમનગર, બોરીવલી (વે.).

નાની તુંબડીના સવિતાબેન રમણીકલાલ સાવલા (ઉં.વ. ૮૩) તા. ૩-૬-૨૫ના અવસાન પામેલ છે. રમણીકલાલના પત્ની. માતુશ્રી લીલબાઇ મોરારજીના પુત્રવધૂ. મુકેશ, રશ્મી, પંકજ, નીતીનના માતુશ્રી. ફરાદીના માતુશ્રી ભચીબેન પુંજાના દિકરી. રામજી, વલ્લભજી, જેઠીબેન, નર્મદાબેનના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. મુકેશ સાવલા, ૧૦, હિંદ જ્યોતિ બિલ્ડીંગ, બેરીસ્ટર નાથ પૈ માર્ગ, કોટનગ્રીન, મું. ૩૩.

કોટડા રોહાના ગૌરવ હેમંત ગાલા (ઉં.વ. ૨૧) તા. ૩-૬-૨૫ના અવસાન પામેલ છે. જવેરબેન ટોકરશી હંસરાજ ગાલાના પૌત્ર. મનિષા હેમંતના સુપુત્ર. પ્રિયાના ભાઈ. રમીલાબેન તલકશી પ્રેમજી પાસડના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ.: હેમંત ગાલા, ૫૦૩, સેતુ હાઈટ્સ, અબ્રામા, વલસાડ-૩૯૬૦૦૨.

કોડાયના લીલાવતીબેન જયંતિલાલ શાહ/ગડા (ઉં.વ. ૭૭) ૨-૬-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. સાકરબેન મુલચંદ પ્રેમજીના પુત્રવધૂ. જયંતિલાલના પત્ની. પ્રતિક્ષા, રાહુલ, નીરવના માતુશ્રી. કોડાયના પાનબાઈ નાનજી કેશવજીના સુપુત્રી. પ્રવિણ, કિશોર, નાગલપુર દમયંતી પ્રેમચંદ પાલણના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાહુલ જે. શાહ, બી/૩૦૪, સૂરજ એપા., એસ.વી. રોડ, મલાડ (વે).

વાંકીના કેશવજી કરમશી ધરોડ (ઉં.વ. ૮૬) તા. ૧/૬ના અવસાન પામેલ છે. કસ્તુરબેનના પતિ. હિરબાઈ કરમશી વાઘજીના પુત્ર. બગડા હાંસબાઈ હંસરાજ નાગશીના જમાઈ. અજીત, શિલ્પા, હર્ષા, રીટાના પિતાજી. રવજી, વસનજી, લક્ષ્મી, મણી, સાકર, તેજબાઈના ભાઈ. પ્રા. શ્રી. વ.સ્થા.જૈ. શ્રા.સં. શ્રી કરસન લઘુ નિસર હોલ, દાદર (વે), સ.: ૨ થી ૩.૩૦. ઠે. કેશવજી કરમશી, પી-૨૦૩, નવનીત નગર, ડોમ્બીવલી (ઈ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાયપુર નિવાસી હાલ ઘાટકોપર મુંબઈ ગં.સ્વ. શાંતાબેન સ્વ. નાગજીભાઈ પાનાચંદભાઈ બાખડાના પુત્ર સ્વ. મુકેશભાઈ (ઉં. વ. ૭૪) તા. ૨-૬-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હર્ષદાબેનના પતિ. તે સ્વ. મનસુખભાઈ, કાંતિભાઈ, સ્વ. કનકરાય, ભૂપતભાઈ, સ્વ. દિનેશભાઈ, સ્વ. વનિતાબેન ન્યાયલચંદભાઈ લાઠિયા અને સ્વ. દીના ગૌરી ખુશાલભાઈ શાહના નાનાભાઈ. સ્વ. ચીમનલાલ મણીલાલ કામદારના જમાઈ તેમજ સૌ. નીધિ પલકભાઈ મહેતા, સૌ. બિજલ તેજસભાઈ દેસાઈના પિતાશ્રી. ચિ. વંશી અને ચિ. નિયતિના નાનાજી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનક વાસી જૈન**

જયદીપભાઈ કાંતિલાલ શાહ (હકુભાઈ) તે સ્વ. શારદાબેન, સ્વ. કાંતિલાલ ભુરાલાલ શાહના પુત્ર. દિપાલી શાહના પતિ. યશ તથા ક્રિશના પિતા. દિપ્તી વિજય શાહ તથા મીનાબેન હરેશકુમાર દોશીના ભાઈ. ઈશા તથા મૈત્રીના વડીલ. તે સુરેખાબેન નટવરલાલ ધંધુકિયાના જમાઈ ૩-૬-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

અલકાબેન નરેશભાઈ ખાંડવાલા (ઉં. વ. ૭૬) કેશુસેઠના પાડાના હાલ અંધેરી, મંગળવાર તા. ૩ જૂન ૨૦૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે કંદર્પભાઈ, તહેમીના, સુધાબેન, સંધ્યાબેન, દુલારીબેનના ભાભી. અમી તથા મેધાના મમ્મી. રાજીવભાઈ તથા વિવેકભાઈના સાસુ. ચિ. નિષ્ઠા, અનિકા અને વંશના નાની. નયનાબેન અશોકભાઈ શાહ. ચેતનાબેન પ્રદિપભાઈ સંઘવી, તુષારભાઈ, સ્મિતાબેન શૈલેષભાઈ શાહના બહેન. તેમની પ્રાર્થનાસભા તા. ૫-૬-૨૫ને ગુરુવાર ૪ થી ૭. રોટરી ક્લબ જુહુતારા રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગઢાળી નિવાસી હાલ કલ્યાણ, અ.સૌ. મનીષાબેન ભૂપેન્દ્રભાઈ ગાંડાણી (ઉં. વ. ૬૧) અરિહંતશરણ પામેલ છે. તે ભૂપેન્દ્રભાઈના પત્ની. ગં.સ્વ. મંગળાબેન નરોતમદાસ ગાંડાણીના પુત્રવધૂ. માનસી જીગર પંચમીયા, ધ્વનિ હેમાંગ મહેતા તથા હાસના માતુશ્રી. હર્ષા પ્રકાશ મિયાણી, નિતીન, ચેતનાના ભાભી. સુધા તથા અર્ચનાના જેઠાણી. પિયરપક્ષે સ્વ. નિર્મળાબેન રમણીકલાલ કપાસીના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૫/૬/૨૫ના ગુરુવાર ૪.૩૦-૬. માતુશ્રી શામબાઈ લોહાણા મહાજન વાડી, આગ્રા રોડ, રામદેવ હોટલની બાજુમાં, કલ્યાણ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સરસઈ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. દીનાગૌરી અને સ્વ. ખુશાલચંદ જીવરાજ શાહ (પંચમિયા)ના સુપુત્ર ચિ. પિયુષ (ઉં. વ. ૫૨) તા. ૪-૬-૨૫ને બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સૌ. મિતા અતુલભાઈ શાહ, સૌ. સ્મિતા મુકેશભાઈ શાહ તથા પ્રશાંતભાઈના નાના ભાઈ. સૌ. કાદમ્બરીના દિયર. હેના તથા જય-પલકના કાકા. વિનોદભાઈ જીવરાજ શાહના ભત્રીજા. મોસાળ પક્ષે સ્વ. નાગજી પાનાચંદ બાખડા. (લૌકિક વ્યવહાર રાખેલ નથી.)

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. કાંતિલાલ હિરાચંદ શાહના સુપુત્ર ભરતભાઈ શાહ (ઉં. વ. ૭૮) સોમવારે તા. ૨-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કુસુમબેનના પતિ. ગીતાબેન કુમુદભાઈ શાહ, શિરીષભાઈ, સ્વ. અજયભાઈ, મનોજભાઈ, (ભુપતભાઈના મોટાભાઈ), રાખી મેહુલકુમાર શાહ, રાજ, મિલપા વિકલ્પકુમાર વસાના પિતાશ્રી. હીરલ રાજ શાહના સસરા. સ્વ. વર્ધીલાલ વનમાળીદાસ શાહ (મારફતિયા)ના જમાઈ. તેમની ભાવ યાત્રા તા. ૬-૬-૨૫ને શુક્રવારના સવારે ૧૦ થી ૧૨. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડીયા નગર, ઘાટકોપર ઈસ્ટ.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોટી વાવડી નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. પોપટલાલ ત્રિભોવનદાસ બોટાદરાના સુપુત્ર બચુભાઈ (ઉં.વ. ૮૭) તે સ્વ. કાંતાબેનના પતિ. વિપુલના પિતાશ્રી. હેમાના સસરા. સ્વ. અમુલખભાઈ, સ્વ. હિંમતભાઈ (હીરહર્ષ વિજયજી મ.સા.), સ્વ. હસુમતીબેન, સ્વ. ગીતાબેનના ભાઈ. મોટી કુકાવાવ નિવાસી સ્વ. કપૂરચંદ મેઘજીભાઈ કામદારના જમાઈ તા. ૩૧-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

# હિન્દુ મરણ

સ્વ. શ્રી રશ્મિકાંત રમણલાલ શાહ ૩૧-૫-૨૫ના અલૌકિક યાત્રા પર પ્રસ્થાન કર્યું છે. પ્રાર્થનાસભા ગુરુવાર, ૫-૬-૨૫ના ૫ થી ૭. રિતુમ્બરા કોમ્પ્લેક્સ, મલિની કિશોર સંઘવી કોલેજ, જે. વી. પી. ડી. સ્કીમ, વિલે પાર્લે (વે.). ભાવના આર. શાહ (પત્ની), કરણ અને કૌશલ (પુત્રો), દિપીકા (બહેન), ઉદીત-ધારા, ફોરમ-અક્ષજ, વિહાના-પ્રક્રીત.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

લાઠી નિવાસી હાલ પવઇ, રમેશભાઈ મેઘજીભાઈ દેવળીયા (ઉં.વ. ૬૪) ૩/૬/૨૫ના પ્રભુશરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેન તથા રોમાબેનના પતિ. રાજેશ, મંજુલા, જયશ્રીના ભાઈ. ચિંતન, હિરેન, વિવેક, હર્ષદા રાકેશ સિંઘ, દર્શના સંજય રેડી, જીગીષા વિરલ બદીયાણીના પિતાશ્રી. માનસી, હિરલ, સુવીસાના સસરા. પ્રાર્થનાસભા ૫/૬/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, પારેખ ગલ્લી કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**ગામડીયા દરજી**

પાલઘર નિવાસી, ઈશ્વરભાઈ ટેલર (ઉં.વ. ૭૫) તા. ૨૮-૫-૨૫ બુધવારના દેવલોક પામ્યા છે. જે સ્વ. પાર્વતીબેન અને સ્વ. રણછોડદાસ વસંત ટેલરના સુપુત્ર. રાજેશ્વરીના પતિ. સ્વ. નગીન, સ્વ. હરિશ, સ્વ. રમીલા, સ્વ. કુસુમ, મંજુ, ચંપા અને ઉષાના ભાઈ. સ્વ. વસંતરાય અને સ્વ. ભાનુબેનના જમાઈ. સમીર અને ડિમ્પલના પિતા. વિભૂતિ અને જતીનના સસરા. પ્રાર્થનાસભા રવિવારના તા. ૮-૬-૨૫ના ૩.૩૦ થી ૫.૦૦. અંબેમાતા મંદિર હોલ, અંબેમાતા રોડ, પાલઘર, ૪૦૧ ૪૦૪.

**માંગરોલ દશાશ્રીમાળી વૈષ્ણવ વણીક**

માંગરોલ નિવાસી હાલ દહિસર, સ્વ. રેખાબેન કાંતિલાલ શાહના સુપુત્ર સુરેન્દ્રભાઇ શાહ (ઉં.વ. ૮૬) તા. ૨/૬/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ. કેતન, જીગ્નેશ, પારુલના પિતાશ્રી. દુષ્યંતભાઈ તથા સાધના, રશ્મીના સસરાજી. મહેન્દ્રભાઈ તથા સરોજબેન ભરતકુમારના ભાઈ. તળાજાવાળા સ્વ. સવિતાબેન સ્વ. ઉત્તમલાલ રાઠોડના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ કોઠારા હાલ મીરારોડ, પ્રવીણચંદ્ર સ્વાર (ઉં.વ. ૬૭) તા. ૨-૬-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. વસંતબહેન અને સ્વ. લક્ષ્મીદાસ વેલજી સ્વારના પુત્ર. જયશ્રીબહેનના પતિ. પૂજા સૌરભ જોષીના પિતાશ્રી. સ્વ. નવીનચંદ્ર, મહેશભાઈ, ગીરીશભાઈ, પુષ્પાબહેન વીઠ્ઠલદાસ દાવડા, ભગવતીબહેન દિલીપભાઈ ચગસોતાના ભાઈ. સ્વ. શાન્તાબહેન, સ્વ. ગોપાલજી નેરસી કતિરા કચ્છ કોટેશ્વરવાળાના જમાઈ, પ્રાર્થનાસભા ૫-૬-૨૫ના ૫.૦૦ થી ૬.૩૦. શ્રી લોહાણા મહાજનવાડી, પહેલે માળે, પવાણી હોલ, મુલુંડ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**ઇડર ઔદીચ્ય ૪૫ બ્રાહ્મણ**

સ્વ. જીતેન્દ્ર નારાયણદાસ ભટ્ટ (ઉં.વ. ૬૫) તે દીપિકા ભટ્ટના પતિ. ખ્યાતિ ધવલ કમાની, સ્વ. પંક્તિના પિતા. નૈલેશ, વિજયના મોટાભાઈ. સ્વ. શરદ વ્યાસ સંજીવ વ્યાસ, નિરજ વ્યાસ તથા અલકા જીતેન્દ્ર દવેના બનેવી. સ્વ. મહાશંકર વ્યાસના જમાઈ. તા. ૩ જૂન ૨૦૨૫ના કૈલાસચરણ પામેલ છે. સાદડી અને લૌકિક પ્રથા નથી. ઉત્તર ક્રિયા ચાણોદ મુકામે રાખેલ છે.

**મેઘવાળ**

ગામ ખીજડીયા હાલ મુંબઈ, સ્વ. મણીબેન ગોવિંદ દાનજી અણજારાના દીકરા મહેશભાઈ (ઉં.વ. ૫૩) તા. ૩૧/૫/૨૫ના રામચરણ પામ્યા છે. તે વાલીબેન શિવરામ અણજારાના ભત્રીજા. ચંપાબેનના પતિ. દિવ્યાબેન, યશના પિતા. ગં. સ્વ. દુધીબેન ઉગાભાઇ નાજાભાઇ સોસાના જમાઈ. કમલેશ અમૃત બોરીચાના સસરા. મીના, જયા, કાન્તા, રજની, રીના, નમ્રતા, રવિન્દ્ર, ચેતનના ભાઈ. બારમાની વિધિ તા. ૬/૬/૨૫ શુક્રવારના ૪ કલાકે. એમ્પાયર સોલીટેર બિલ્ડીંગ રૂમ. નંબર. ૫૦૪, ફારુક ઉમરભાઈ રોડ, અગ્રીપાડા મુંબઈ-૧૧.

**બારાબાવન મોઢ ચતુર્વેદીય બ્રાહ્મણ**

મૂળ લોદરા નિવાસી હાલ મુંબઈ, પૂર્ણિમા પંડયા (ઉં.વ. ૬૯) તા. ૧-૬-૨૫ના સ્વર્ગવાસી થયાં છે, તે વિષ્ણુપ્રસાદના પત્ની. ઋષિકેશના માતા. મહેશચંદ્ર, સ્વ. જીતેન્દ્રકુમાર, રજનીકાંતના ભાભી. પ્રાર્થના સભા તા. ૬-૬-૨૫, શુક્રવારે સાંજના ૪ થી ૬. ઠે.: ૮૮, ભાટિયા ભાગીરથી મંદિર, દાદીશેઠ અગિયારી લેન, મુંબઈ-૨.

**હાલાઈ લોહાણા**

જામ ગઢકા હાલ વડાલા, સ્વ. લક્ષ્મીદાસ જમનાદાસ ઠક્કર (પાબારી)ના ધર્મપત્ની ગં.સ્વ. નિર્મળાબેન (ઉં.વ. ૮૭) યવતમલવાળા અમૃતબેન લીલાધર ડાહયાભાઈ મજીઠિયાના દિકરી. સ્વ. પ્રદીપ, રાજેન્દ્ર, મધુબેન દત્તાણી, ગીતાબેન કાનાનીના માતૃશ્રી. સરોજ અને ડોલીના સાસુ. રુચિન, મેઘના, ખુશ્બૂના દાદી. તા. ૩-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સોમવાર તા. ૨-૬-૨૫ના દિને મહેન્દ્રભાઈ દામોદરદાસ મહેતા શ્રીજીચરણ પામેલ છે. ધર્મપત્ની : પ્રફુલાબેન મહેન્દ્રભાઈ મહેતા, પુત્રી-પુત્ર : તેજલ, કાજલ, બિજલ, રૂશિન, જમાઈ : અજય અને કેયૂર, દોહિત્ર : આર્ય, રિચા, શ્વસુરપક્ષ; સ્વ. વિમલાબેન નાગરદાસ પટેલ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઈ સઈ સુથાર સમાજ મુંબઈ**

ગામ ત્રાપજ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. બીપીનભાઇ પરમાનંદભાઈ વાઘેલા (ઉં.વ. ૫૭) તા. ૩-૬-૨૫ મંગળવારના રામચરણ પામ્યાં છે. તે ગં. સ્વ. જયોતિબેનના પતિ. સતીશભાઈ, રાજુભાઈ, માલતીબેન, ભાનુબેનના ભાઈ. ભાર્ગવભાઈ તથા અંકિતાબેનના પિતા. પાલિતાણા નિવાસી હાલ મહાલક્ષ્મી, સ્વ. હરગોવિંદભાઈ કાલિદાસ સોલંકીના જમાઈ. રમેશભાઈ, કિશોરભાઈ અને દિનેશભાઈના બનેવી. કમલેશ ભુપતભાઈ પરમારના સસરા. પ્રાર્થનાસભા તા. ૫/૬/૨૫ ગુરુવારેના ૪ થી ૬. ૧લે માળે ઓમ સાઈ એસઆરએ બિલ્ડીંગ નંબર ૩, ન્યુ લિંક રોડ, દહાણુકરવાડી કાંદિવલી (વે.). બન્ને પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

બાલાસિનોર નિવાસી હાલ મુંબઈ, નયનાબેન કડકીયા (ખીસાદર) (ઉં.વ. ૭૩) સોમવાર તા. ૨-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે દીપકભાઈના પત્ની. પ્રજેશ અને પ્રાચીની માતા. પિન્કી અને લવકુમારના સાસુ. જીયાના દાદી. પર્લ અને આરનાના નાની. પ્રાર્થનાસભા તા. ૬-૬-૨૫ શુક્રવારે ૫.૩૦ થી ૭.૩૦. વનિતા વિશ્રામ હાઈસ્કૂલ. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

હોરમઝ મીનોચેર ભરદા તે મરહૂમ ઓસતી હોમાયુનના ધની. તે મરહૂમો ઓસતી કેતાયુન ને એરવદ મીનોચેર નવરોજી ભરદાના દીકરા. તે પોરુચીસત ને મહેરનાઝના પપ્પા. તે યઝદીના સસરા. તે પરીશાદના મમાવાજી. (ઉં.વ. ૮૦) રે.ઠેઃ એ-૪૩, ફ્લાવર ક્વીન કો. હા. સોસાયટી, વીરા દેસાઈ રોડ, અંધેરી (વે), મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૫-૬-૨૦૨૫ના દિને બપોરે ૩.૪૫ વાગે. અંધેરી પટેલ અગ્યારીમાં છેજી.

**હાલાઈ લોહાણા**

અ. સૌ. કિરણ જીતેન્દ્ર મજીઠીયા (ઉં. વ. ૫૩) તે સ્વ. આશાબેન તથા સ્વ. રામદાસ માધવજી મજીઠીયાના પુત્રવધૂ. તે ચાંદની તથા માનવના માતુશ્રી. સોનલબેન તથા જગદીશ મજીઠીયાના ભાભી. સ્વ. નિર્મળાબેન તથા સ્વ. ગોવિંદજીભાઈ માધવજી તન્ના (મસ્કત)ના દીકરી. જીતેન્દ્રભાઈ, મનોજભાઈ, વિરેનભાઈ તથા હર્ષાબેન વસાણીના બહેન મંગળવાર, ૩-૬-૨૫ના કાંદિવલી શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, ૫-૬-૨૫ના ૪ થી ૬. ઠે. પાવનધામ, ૧લે માળે, મહાવીરનગર, સચિન તેન્ડુલકર જીમખાનાની બાજુમાં, કાંદિવલી (વે).

**કચ્છી રોજગોર**

સંજય શંકરજી જોષી (ઉં. વ. ૫૫) ગામ ભુજ હાલે ઘાટકોપર ૩-૬-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. કમળાબેન કેશવજી શંકરજી જોશી (મદ્રાસવાળા)ના પુત્ર. તે નીતાબેનના પતિ. વૈદિક તથા રાજવીના પિતા. અ. સૌ. પ્રજ્ઞાબેન રાજેશભાઈ માકાણીના ભાઈ. સ્વ. રમીલાબેન મોહનલાલ મોરારજી જેસરેગોર (ગામ પત્રી)ના જમાઈ. સ્વ. લક્ષ્મીબેન શંકરજી મોહનજી માલાણીના દોહીત્ર. તેમની પ્રાર્થનાસભા ૫-૬-૨૫ના ૪ થી ૬. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ હોલ, ૧લે માળે, જોષી લેન, રામજી આશર સ્કૂલની સામે, ઘાટકોપર (ઈ.).

**ભાટીયા**

ગં. સ્વ. ડો. કુસુમ વેદ (ઉં. વ. ૮૭) સ્વ. ડો. ધરમશી ચરણદાસ વેદના ધર્મપત્ની. સ્વ. માવજી પુરષોત્તમ ઉદેશીની દીકરી. સ્વ. ચરણદાસ પદમશીની પુત્રવધૂ. કપિલની માતા. ડો. વિશાખાની સાસુ. જશની દાદી ૩-૬-૨૫ મુંબઈ ખાતે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**ભરવાડ**

ભાવનગર હાલ બોરીવલી હરીભાઈ ગનાભાઈ બોળીયાની ધર્મપત્ની જીલુબેન (ઉં. વ. ૬૪) ૩-૬-૨૫ ને મંગળવારે રામચરણ પામ્યા છે. લક્ષ્મણભાઈ ધનાભાઈ બોળીયા, જાલાભાઈ ભાકાભાઈ બોળીયા, મોહનભાઈ તોગાભાઈ બોળીયાના ભાભી. નિવાસસ્થાનઃ શ્યામભાઈ હામાભાઈ બોળીયા, મેલડી માતાજીના મંદિરની સામે, કાર્ટર રોડ નં. ૩. બોરીવલી (ઈસ્ટ).

**કપોળ**

મહુવા નિવાસી હાલ મુંબઈ હરકુંવરબેન મોહનલાલ દોશી (ઉં. વ. ૧૧૦) તે સ્વ. બળવંતભાઈ દોશીના કાકી. સ્વ. હીરાબેન પ્રભુદાસ વળીયા, કુમુદબેન શાંતીલાલ સંઘવી, મંજુબેન દિલીપભાઈ ગાંધી, સ્વ. રસિકાબેન કિશનદાસ ગોરડિયા, સ્વ. વસંતબેન વિનોદભાઈ દલાલ, શોભનાબેન અરૂણભાઈ વળીયાના માતુશ્રી બુધવાર, ૪-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે પિયર પક્ષે ધનજી પરમાનંદ મહેતાના પુત્રી. સ્વ. હરકીસનદાસ, સ્વ. મનુભાઈ, સ્વ. કમળાબેન, સ્વ. લલીતાબેન તથા હંસાબેનના મોટાબેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડોળીયાવાળા (હાલ બોરીવલી) મહેન્દ્રભાઈ ગાંધી (ઉં. વ. ૮૪) તે જશવંતીબેનના પતિ. સ્વ. વેણીલાલ હરજીવનદાસ ગાંધીના પુત્ર ૧-૬-૨૫, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. કીરણ તથા ધર્મેશના પિતાશ્રી. અ. સૌ. પાયલ તથા અ. સૌ. વૈશાખીના સસરા. સ્વ. રસીકભાઈ, સ્વ. વિનોદભાઈ, સ્વ. કનુભાઈ, ભૂપેન્દ્રભાઈ, સ્વ. શશીબેન કાંતીલાલ મહેતા, સ્વ. રંજનબેન દિપકકુમાર મરચંટના ભાઈ. સુસરપક્ષ નાગેશ્રીવાળા સ્વ. રૂક્ષ્મણીબેન ધનજીભાઈ ગોરડીયાના જમાઈ. સર્વે લૌકીક પ્રથા બંધ છે.

**કડવા પટેલ**

શાંતાબેન રામભાઈ પટેલ (ઉં.વ. ૯૬) ઉષાબેન, ઈલાબેન, પ્રવીણભાઈ, દીનાબેન, હિતેનના માતુશ્રી. રક્ષાબેન અને બેલાબેનના સાસુ. એકતા, હિમાની અનમોલના દાદી. નીમેષ, રાજ અને સલોનીના દાદીસાસુ. તા. ૪-૬-૨૫, બુધવારના શ્રીજીચરણ પામેલા છે. (લૌકિક વ્યવહાર રાખેલ નથી.)

**કપોળ**

મૂળગામ શિહોર હાલ મુંબઈ અ.સૌ. ઈલાબેન દિલીપભાઈ મહેતા તા. ૩-૬-૨૫, મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. કલાવંતીબેન ચંદુલાલ મહેતાના પુત્રવધૂ. દિલીપભાઈ ચંદુલાલ મહેતાના ધર્મપત્ની. સ્વ. લાભુબેન કિષ્ણકાંત મહેતાના સુપુત્રી. સિદ્ધાર્થ દિલીપભાઈ મહેતા, શ્વેતા જયકુમાર રસકપુરના માતુશ્રી. જયકુમાર અતુલભાઈ રસકપુરના સાસુ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા સદંતર બંધ રાખેલ છે.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

મોઠા (હાલ દહિસર) નિવાસી, સ્વ. પ્રાણશંકર પાઠક (ઉં.વ. ૮૫) તા. ૨-૬-૨૫, સોમવારના કૈલાસવાસી થયેલ છે. તે શાંતાબેન પાઠકના પતિ તથા જયેશ, લતા, ભારતી, નિલમના પિતાશ્રી. તેમ જ સ્મિતાના સસરા. સ્વ. રળિયાતબેન ભાયશંકર મુળજીભાઈ પાઠકના પુત્ર. તેમની ઉત્તરક્રિયા તીર્થસ્થળે રાખેલ છે. પ્રાર્થનાસભા તા. ૫-૬-૨૫, ગુરુવારના ૪.૦૦થી ૬.૦૦. શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ વાડી, રતન નગર, બોરીવલી (ઈસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મોથાળાનાં સ્વ. ભચીબેન વિઠ્ઠલદાસ તન્નાનાં પુત્ર માવજીભાઈ (ઉં.વ. ૯૦) હાલ ડોમ્બિવલી તા. ૨-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શારદાબેનનાં પતિ. સ્વ. રાધાબેન ઈન્દ્રજી માધવજી સેજપાલ (ટારી) ગામ જખૌનાં જમાઈ. સ્વ. પુરુષોત્તમ (શંભુભાઈ), સ્વ. મુરજી, સ્વ. મોહન, સ્વ. મણીબેન મંગલદાસ સ્વ. રૂક્ષ્મણીબેન કાંતિલાલ તથા સૌ. મંજુલાબેન ગોરધનદાસ ભાઈ. શિરીષ, અજય, પ્રશાંત તથા કનૈયાના પિતાશ્રી. તે શંકરલાલ, કિશોર ગોદાવરી તથા ચંદ્રબાળા અરવિંદ બનેવી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૫-૬-૨૫ના ૫.૩૦થી ૭.૦૦. શ્રી સિદ્ધિવિનાયક બેન્કવેટ હોલ, સુંદરાબાઈ કમ્પાઉંડ, સ્વામી વિવેકાનંદ સ્કૂલની બાજુમાં, શાસ્ત્રીનગર, ડોમ્બિવલી (વેસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સેંકડો રોકાણકારો સાથે ૯૨ કરોડ રૂપિયાની છેતરપિંડીઃ ગુજરાતી વેપારીની ધરપકડ

**▶ અમદાવાદની ઍપ બનાવતી કંપનીમાં રોકાણ પર મહિને બેથી ૧૦.૫ ટકાના વળતરની લાલચ અપાયેલી ▶ ગુજરાતના આરોપીઓ દેશબહાર ફરાર થઈ ગયાની પોલીસને શંકા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગૂગલ માટે ઍપ બનાવતી કંપનીમાં રોકાણ કરેલી રકમ પર મહિને બેથી ૧૦.૫ ટકાના વળતરની લાલચ આપી સેંકડો રોકાણકારો સાથે અંદાજે ૯૨ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવાના કેસમાં પોલીસે થાણેના ગુજરાતી વેપારીની ધરપકડ કરી હતી. કરોડો રૂપિયાની છેતરપિંડીમાં સંડોવાયેલા ગુજરાતના આરોપીઓ હાલમાં દેશબહાર ફરાર થઈ ગયા હોવાની માહિતી પોલીસને હાથ લાગી હતી.

થાણે પોલીસની આર્થિક ગુના શાખાએ પકડી પાડેલા આરોપીની ઓળખ પરાગ અશોકકુમાર શાહ (૪૬) તરીકે થઈ હતી. શાહને પુણેના નારાયણગાંવ ખાતેથી તાબામાં લેવાયો હતો. કોર્ટે ૧૧ જૂન સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ કથિત છેતરપિંડી મામલે ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ વર્તકનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણે ગુજરાતમાં રહેતા જયસુખ હરિભાઈ સાખરિયા ઉર્ફે પટેલ, સુધીરભાઈ દલસુખભાઈ કોટડિયા, અવનીતરાય બાબુભાઈ બરવાળિયા ઉર્ફે પટેલ, ઉમંગ શાંતિભાઈ કોટડિયા, રંજના સુધીરભાઈ કોટડિયા, નીરુ જયસુખ સાખરિયા, રાજેશ ખોડાભાઈ પાંભર ઉર્ફે રાજુભાઈ, પ્રવીણકુમાર મનસુખભાઈ વોરા વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આશ્ચર્યની વાત એટલે થાણેના ઉપવન તળાવ નજીક રહેતો અને ખેતીમાં ઉપયોગી ઓજારોનો વ્યવસાય ધરાવતો શાહ મે, ૨૦૨૦માં મિત્ર રાજેશ પાંભર ઉર્ફે રાજુભાઈ સાથે રાજકોટ ગયો હતો, જ્યાં તેની (જુઓ પાનું ૪) ▶▶

## મતદાન મથકે મોબાઇલ લઈ જઈ શકાશે, પરંતુ લોકરમાં મૂકવો પડશે

મુંબઈઃ મતદાન મથકથી ૧૦૦ મીટર દૂર સુધી મોબાઇલ ફોન ન લઈ જવાના નિયમમાં ફેરફાર કરીને હવે મતદાન મથકે મોબાઇલ ફોન લઈ જવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ તેને કેન્દ્રમાં બનાવવામાં આવેલા મોબાઇલ લોકરમાં રાખવા પડશે. નવી મુંબઈ પોલીસ કમિશનર ઓફિસ દ્વારા વિધાનસભા ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલા આ આઇડિયાને હવે કેન્દ્રીય ચૂંટણી પંચે પણ સ્વીકાર્યો છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોક્કાલિંગમે જણાવ્યું હતું કે કેન્દ્રીય ચૂંટણી પંચે આ મોબાઇલ લોકર સુવિધાને લીલીઝંડી આપી દીધી છે. ■

# શું નવા મતદારો પાલિકાની ચૂંટણીઓમાં મતદાન નહીં કરી શકે?

### વહીવટીતંત્રના નિર્ણયને કારણે મૂંઝવણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભા ચૂંટણી પછી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે સાત લાખથી વધુ નવા મતદારોએ નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરી. જોકે નિયમો મુજબ આગામી સ્થાનિક ચૂંટણીઓ માટે વિધાનસભા ચૂંટણી માટે નક્કી કરાયેલ અંતિમ મતદાર યાદીનો જ ઉપયોગ કરવામાં આવશે. તેથી એવું કહેવાય છે કે નવા મતદારો આ ચૂંટણીઓમાં તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકશે નહીં.

રાજ્ય ચૂંટણી પંચે છેલ્લા ઘણા વર્ષોથી રાજ્યમાં પડતર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. થોડા દિવસો પહેલા સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ કમિશને આ સંદર્ભમાં તૈયારીઓ ઝડપી બનાવી દીધી છે અને સ્ટાફ તાલીમ સહિત અન્ય તૈયારીઓ શરૂ કરી દીધી છે. મંત્રાલયના સૂત્રોએ માહિતી આપી હતી કે રાજ્ય ચૂંટણી પંચે થોડા દિવસો પહેલા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીને પત્ર લખીને આગામી ચૂંટણીઓ માટે અંતિમ મતદાર યાદીની માંગણી કરી હતી.

કમિશન દ્વારા મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયને મોકલવામાં આવેલા પત્રમાં વિધાનસભા ચૂંટણી માટે ઉપયોગમાં લેવાતી અંતિમ મતદાર યાદી વિશે પૂછપરછ કરવામાં આવી છે. આ યાદીનો ઉપયોગ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. રાજ્ય ચૂંટણી પંચનો આ પત્ર હાલમાં કેન્દ્રીય ચૂંટણી પંચને (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં યલો એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ૨૬ મેના ચોમાસાનું ધમાકેદાર આગમન થયા બાદ ગાયબ થઈ ગયેલા વરસાદે બુધવારે સવારે ફરી હાજરી પૂરાવી હતી. મુંબઈના અનેક વિસ્તારોમાં વહેલી સવારે જોરદાર વરસાદના ઝાપટાં પડી જતા તેની અસર મધ્ય રેલવેને લોકલ ટ્રેનો પણ વર્તાઈ હતી. હવામાન વિભાગે આજ માટે યલો અલર્ટની આગાહી કરી છે.

મુંબઈમાં છેલ્લા અનેક દિવસથી વરસાદ ગાયબ થઈ જવાને કારણે વાતાવરણમાં ફરી તાપમાનમાં વધારો જણાયો છે. આ દરમ્યાન બુધવારે સવારના તડકો નીકળ્યા બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ૧૧ વાગ્યાની આસપાસ મુંબઈના દાદર, કુર્લા, સાયન, ઘાટકોપર, વિક્રોલી, કાંજુરમાર્ગ, બાન્દ્રા, અંધેરી, બોરીવલી જેવા સ્થળોએ જોરદાર વરસાદ પડયો હતો. લગભગ પોણો કલાક સુધી વરસાદ પડયો હતો. ભારે વરસાદને કારણે મધ્ય રેલવેને થોડી અસર વર્તાઈ હતી.

મુંબઈમાં બુધવારે અચાનક આવી પડેલા વરસાદ બાબતે હવામાન વિભાગના અધિકારીના જણાવ્યું હતું કે દક્ષિણ ગુજરાતના આકાશમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર હેઠળ મુંબઈમાં વરસાદ પડયો હતો. સર્ક્યુલેશનને કારણે મુંબઈમાં ત્રણથી ચાર દિવસ વરસાદની શક્યતા છે, જેમાં પાંચ જૂન, ગુરુવાર માટે યલો અલર્ટની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. ■



**આગમાં રાખઃ**
નવી મુંબઈના ઘણસોલી બસ ડેપોમાં આગ લાગવાની ઘટનામાં સુધરાઈની ચાર બસ બળીને રાખ થઈ ગઈ હતી. આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. (પીટીઆઈ)

# આજે વાશી-માનખુર્દ ફ્લાયઓવરનું ઉદ્ઘાટન

**મુંબઈ - નવી મુંબઈના પ્રવાસીઓને ટ્રાફિકથી થોડી રાહત મળશે**

નવી મુંબઈઃ સાયન - પનવેલ હાઇવે પર ટ્રાફિકની સમસ્યા ટૂંક સમયમાં હળવી બની જશે. વાશી ખાડી પુલ પર બાંધવામાં આવેલા બે નવા ફ્લાયઓવર પૈકી વાશીથી માનખુર્દ સુધીના ફ્લાય ઓવરનું કામ પૂર્ણ થઈ ગયું છે અને તેનું ઉદ્ઘાટન ગુરુવાર, પાંચમી જૂને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કરવામાં આવશે.

આ નવા પુલના ઉપયોગથી વાશી અને માનખુર્દ વચ્ચેની યાત્રા ઝડપી અને સરળ બનશે. ઉદ્ઘાટન બાદ તરત જ આ બ્રિજને ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવશે એમ સંબંધિત એજન્સીઓએ જણાવ્યું હતું.

વાશી ખાડી પૂલ પર વધતી જતી વાહનોની ભીડ મુંબઈ અને નવી મુંબઈના નાગરિકો માટે મોટો માથાનો દુખાવો હતો. ખાસ કરીને સવાર-સાંજ ઓફિસના ધસારામાં સમયમાં આ રૂટ પર સમયનો ભારે વેડફાટ થતો હતો. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી)એ વાશી ખાડીમાં બે નવા પુલ બનાવવાનો નિર્ણય લીધો હતો.

નવા પુલથી વાશી અને માનખુર્દ વચ્ચે દરરોજ મુસાફરી કરતા હજારો વાહન ચાલકોને રાહત મળશે. માત્ર સમય જ નહીં બચે, પરંતુ ઇંધણના ખર્ચમાં પણ ઘટાડો થશે. પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ સુવિધા લાભદાયી રહેશે. ■

**સિમીના ભૂતપૂર્વ પદાધિકારીઓનાં ઠેકાણાં પર રેઈડ**

# ૧૯ મોબાઈલ ફોરેન્સિક એનાલિસિસ માટે મોકલાયાઃ આતંકવાદીઓની પ્રવૃત્તિની માહિતી મળવાની આશા

મુંબઈઃ આતંકવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટ ઓફ ઇરાક ઍન્ડ સિરિયા (આઇએસઆઇએસ) સાથે કડી ધરાવતા આતંકી સાકીબ નાચન અને પ્રતિબંધિત સિમીના ભૂતપૂર્વ પદાધિકારીઓ તથા સભ્યો નિવાસસ્થાન સહિત મુંબઈ-થાણેનાં ૨૨ સ્થળોએ મહારાષ્ટ્ર એટીએસે રેઇડ પાડી જપ્ત કરેલા ૧૯ મોબાઇલ ફોરેન્સિક એનાલિસિસ માટે મોકલાયા છે. તેમાંથી આતંકવાદીઓની પ્રવૃત્તિની મહત્ત્વપૂર્ણ માહિતી મળી શકે છે, એવી એટીએસને આશા છે.

દિલ્હીમાં આઇએસઆઇએસ મોડ્યૂલ સાથે કડી ધરાવવા બદલ હાલ જુડિશિયલ કસ્ટડીમાં રહેલા મહારાષ્ટ્ર આઇએસઆઇએસના પ્રમુખ સાકીબ અબ્દુલ હમીદ નાચનના નિકટવર્તીઓ ફરી સક્રિય થયા હોવાની માહિતી મળ્યા બાદ એટીએસ દ્વારા સોમવારે ૧૨ કલાક સુધી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

સર્ચ દરમિયાન થાણે જિલ્લાના ભિવંડી તાલુકા હેઠળના પડઘા ગામમાંથી નાચનના સાત નિકટવર્તી સંબંધી સહિત ૨૨ લોકોને અટકાયતમાં લેવાયા હતા. અનેક કલાકો સુધી પૂછપરછ કર્યા બાદ તેમને સોમવારે સાંજે જવા દેવાયા હતા.

એટીએસનાં સૂત્રોના જણાવ્યા અનુસાર નાચન દ્વારા જે લોકોને ઉશ્કેરવામાં આવ્યા હતા, તેઓ ઇન્સ્ટન્ટ મેસેજિંગ અને વીડિયો કૉલિંગ ઍપ ઇમો થકી એકબીજા સાથે સંદેશવ્યવહાર કરતા હતા. ખાસ કરીને જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓ માટે આ ઍપનો ઉપયોગ થતો હોવાની શંકાને આધારે મે, ૨૦૨૩માં તેના પર પ્રતિબંધ મુકાયો હતો.

શંકાસ્પદોના જપ્ત કરાયેલા મોબાઇલના ફોરેન્સિક એનાલિસિસમાં તેઓ એકબીજાના (જુઓ પાનું ૪) ▶▶

# શું ઉદ્ધવ અને ઓવૈસી સાથે આવશે?

### સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ માટે સાથે આવવાની અટકળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી એવી ઘટનાઓ સામે આવી રહી છે કે ક્યારે અને કોણ કોની સાથે આવશે તે સમજી શકાતું નથી. ઉદ્ધવ ઠાકરેની પાર્ટી શિવસેના (યુબીટી) અને અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમ અંગે તાજેતરનો કિસ્સો હવે સામે આવ્યો છે. એઆઈએમઆઈએમના મહારાષ્ટ્ર યુનિટે સંકેત આપ્યો છે કે તે આગામી બીએમસી અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ માટે ઉદ્ધવ ઠાકરે સાથે હાથ મિલાવવા તૈયાર છે.

હકીકતમાં, તાજેતરમાં ઉદ્ધવ ઠાકરેના પુત્ર અને શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ મહારાષ્ટ્રના ભલા માટે તમામ બિન-મહાયુતિ પક્ષોને સાથે આવવા અપીલ કરી હતી. આદિત્યે કહ્યું હતું કે તેઓ મહારાષ્ટ્રના હિત માટે બધાને સાથે લેવા તૈયાર છે. એઆઈએમઆઈએમે આદિત્યના ગઠબંધનની પહેલ પર સકારાત્મક સંકેતો આપ્યા છે. મહારાષ્ટ્રનું એઆઈએમઆઈએમ યુનિટ ઉદ્ધવ ઠાકરે સાથે હાથ મિલાવવા તૈયાર છે. એઆઈએમઆઈએમના (જુઓ પાનું ૪) ▶▶

## દીવામાં છ ગોદામ બળીને ખાખ

થાણેઃ દીવામાં ભંગારના છ ગોડાઉનમાં મંગળવારે મોડી રાતના આગ ફાટી નીકળી હતી. મોડી રાતે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ દિવામાં ખર્ડી રોડ પર ચૌધરી કમ્પાઉન્ડમાં મન્નત હૉલ નજીક કામચલાઉ ધોરણે પતરાના ભંગારના ગોડાઉન બનાવવામાં આવ્યા હતા. ■

# મહારાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે મહત્ત્વપૂર્ણ કેન્દ્રઃ મુખ્ય પ્રધાન ફડણવીસ

**▶ સંરક્ષણ ઉત્પાદન માટે મહારાષ્ટ્ર હબ ▶ વાઢવણ બંદરની આસપાસ નવું શહેર**
**▶ ટાયર-૨ અને ૩ શહેરોનું ઔદ્યોગિક પરિવર્તન ▶ મહારાષ્ટ્ર ૨૦૨૯ એક્શન પ્લાન ટૂંક સમયમાં**

મુંબઈઃ મહારાષ્ટ્ર હવે માત્ર ભારતીયો માટે જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે પણ એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે અને રાજ્ય ભવિષ્યના ઉદ્યોગ અને નવીનતા માટે તૈયારી કરી રહ્યું છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન ફડણવીસ બેંક ઓફ અમેરિકા દ્વારા હોટલ તાજ પેલેસ ખાતે આયોજિત '૨૦૨૫ ઈન્ડિયા કોન્ફરન્સઃ એક્સિલરેટિંગ ગ્રોથ, મહારાષ્ટ્ર વન ટ્રિલિયન'માં બોલી રહ્યા હતા.

મહારાષ્ટ્ર ભારતમાં સંરક્ષણ ઉત્પાદનનું વાસ્તવિક કેન્દ્ર છે. દેશની ડેટા સેન્ટર ક્ષમતાનો લગભગ ૬૦ ટકા હિસ્સો હવે મહારાષ્ટ્રમાં છે. મુંબઈ પહેલાથી જ દેશની અગ્રણી ફિનટેક રાજધાની બની ગયું છે અને મહારાષ્ટ્ર સ્ટાર્ટઅપ્સ માટે પણ એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે.

તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો કે મહારાષ્ટ્રે દાવોસ આર્થિક સમિટ દરમિયાન ૧૬ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ આકર્ષ્યું છે. આ રોકાણનો (જુઓ પાનું ૪) ▶▶

## પાલિકા સાથે છેતરપિંડી કરનારા કૉન્ટ્રેક્ટરોને ત્રણ કરોડનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા થોડા વર્ષોમાં નાળાસફાઈના કામમાં થતી ગેરરીતિઓ બાબતે મુંબઈ મહાનગરપાલિકાને ભારી ટીકાનો સામનો કરવો પડયો છે. છતાં પાલિકાના અધિકારીઓન દાવા મુજબ આ વર્ષે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના કારણે રાખવામાં આવતી દેખરેખને કારણે નાળાસફાઈમાં અનિયમિતતાઓ શોધવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. તેને પરિણામે પાલિકા સાથે છેતરપિંડી કરનારા કૉન્ટ્રેક્ટરો પાસેથી ત્રણ કરોડ રૂપિયાથી વધુ રકમ દંડ પેઠે વસૂલવામાં આવી છે.

નાળાસફાઈમાં પારદર્શિતા વધારવા અને ગેરરીતિઓને રોકવા માટે પાલિકાએ રીઅલ-ટાઈમ, દૈનિક દેખરેખ માટે એઆઈ સંચાલિત ડેશબોર્ડ રજૂ કર્યું છે. આ પક્રિયામાં નાળામાંથી (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રના હિત માટે સાથે લડીશુંઃ આદિત્યએ મનસે સાથે જોડાણનો સંકેત આપ્યો

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ મનસે અને શિવસેના (યુબીટી)ના સાથે આવવા અંગે સૂચક નિવેદન આપ્યું હતું. તે પછી આ બંને પક્ષો વચ્ચે જોડાણ અંગે ચર્ચાઓ શરૂ થઈ હતી. ઉદ્ધવ ઠાકરે પણ પાછળ હટ્યા નહીં. તેમણે રાજ ઠાકરેને સકારાત્મક જવાબ આપ્યો. હવે ઉદ્ધવ ઠાકરેના પુત્ર અને વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ પણ મનસેને સાથે જોડાણનો સંકેત આપ્યો છે. અમે મહારાષ્ટ્રના હિત માટે કોઈપણ પક્ષ સાથે આવવા તૈયાર છીએ, તેથી જ અમે મનસેને હાકલ કરી છે, એમ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું.

આદિત્ય ઠાકરેની સાથે શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉત, વિધાનસભ્ય અનિલ પરબ, વિધાનસભ્ય અંબાદાસ દાનવે, વિધાનસભ્ય સુનીલ પ્રભુએ પણ વારંવાર જોડાણ પ્રત્યે પોતાની ભૂમિકા માંડી છે. જો કે, એવું લાગે છે કે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના બીજા સ્તરના નેતાઓ જોડાણની તરફેણમાં નથી.

શું તેમના કાકા રાજ ઠાકરે આદિત્ય ઠાકરેના ગઠબંધન અંગેના નિવેદનનો જવાબ આપશે? એવી રાહ બધા જોઈ રહ્યા છે. આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે, 'અમે અમારા તરફથી જવાબ આપ્યો છે. અમે અમારી લાગણીઓ વ્યક્ત કરી છે. જે કોઈ મરાઠી લોકો અને મહારાષ્ટ્રના હિત માટે અમારી સાથે આવવા તૈયાર છે, અમે તેમને અમારી સાથે લઈ જઈશું અને મહારાષ્ટ્રના હિત માટે લડતા રહીશું. અમારા નેતા દીપેશ મ્હાત્રે અને મનસેના નેતા રાજુ પાટીલે સાથે મળીને વિરોધ કર્યો હતો. આ તેનું ઉદાહરણ છે. અમે જાણીએ છીએ કે લોકોના મનમાં શું છે અને અમારા મન પણ સ્પષ્ટ છે. મહારાષ્ટ્રના હિત માટે જે કોઈ પણ પક્ષ આગળ આવી રહ્યો છે, અમે તેમની સાથે મળીને લડીશું.'

શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે પણ આ અંગે ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું હતું કે, 'ગઠબંધનની વાટાઘાટો પર કોઈ ચૂપ રહ્યું નથી. મનસેના વડા રાજ ઠાકરેએ પોતે પોતાની ઇચ્છા વ્યક્ત કરી છે, તેમના સાથીઓએ નહીં. તેમના ભાઈ ઉદ્ધવ ઠાકરેએ પણ રાજ ઠાકરેની ઇચ્છા પર અનુકૂળ વલણ અપનાવ્યું છે. તે પછી, અમે બધાએ પણ યોગ્ય વલણ અપનાવ્યું છે. તેથી, તમને ટૂંક સમયમાં ખબર પડશે કે દરેકના મનમાં શું છે.'■

# ભલે પત્ની કમાતી હોય, પતિ બાળકોની જવાબદારીથી ઇનકાર કરી શકે નહીંઃ હાઈ કોર્ટ

મુંબઈઃ પત્ની કમાતી હોય તો પણ પતિ બાળકોની સંભાળ રાખવાની જવાબદારીનો ઇનકાર કરી ન શકે, એવો મહત્વપૂર્ણ ચુકાદો હાઈ કોર્ટે આપ્યો હતો. આ ચુકાદામાં જસ્ટિસ માધવ જામદારની સિંગલ બેન્ચે જોડિયા પુત્રીઓના ભરણપોષણનો ખર્ચ ચૂકવવામાં અનિચ્છા દેખાડતા પતિને મોટો આંચકો માર્યો હતો. કોર્ટે ૨૦૧૮થી પતિને ભરણપોષણનો ખર્ચ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે.

પુત્રીઓના ભરણપોષણ માટે ૨૦૧૮થી ૨૦૨૧ સુધી દર મહિને ૨૦,૦૦૦ રૂ., ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી દર મહિને રૂ. ૫૦,૦૦૦ અને ૨૦૨૪થી જ્યાં સુધી મૂળ અરજીનો પરિણામ ન આવે ત્યાં સુધી દર મહિને રૂ. ૭૫,૦૦૦ ચૂકવવામાં આવે અને પતિએ ત્રણ મહિનાની અંદર બાકી ભરણપોષણ ખર્ચ ચૂકવવો. તેમ જ પતિએ દર મહિનાની ૧૦ તારીખે આદેશ મુજબ ભરણપોષણ ખર્ચ પણ ચૂકવવો જોઈએ, એમ કોર્ટે આદેશમાં જણાવ્યું છે.

પુણેની પ્રીતિ મુસાવીએ તેના પતિ (જુઓ પાનું ૪) ▶▶

# પાર્કિંગ મફત હોવા છતાં ફી વસૂલનારા સામે પોલીસમાં એફઆઈઆર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં કાલાઘોડામાં નક્કી કરેલી રકમ કરતા વધુ રકમ પાર્કિંગ માટે વસૂલ કરનારા સામે મુંબઈ મહાનગરપાલિકાએ સ્ટીંગ ઓપરેશન કરીને કૉન્ટ્રેક્ટરને બ્લેક લિસ્ટ કરીને તમામ કૉન્ટ્રેક્ટર રદ કરી નાંખ્યા છે અને નવા ટેન્ડર બહાર ન પડે ત્યાં સુધી 'એ'વોર્ડમાં વાહનો માટે પાર્કિંગ મફત કરી દેવામાં આવ્યું છે, છતાં ફોર્ટમાં નગીનદાસ માસ્ટર લેનમાં વાહનચાલકો પાસેથી પાર્કિંગ ફી વસૂલ કરતા હોવાનું જણાઈ આવતા સંબંધિત વ્યક્તિ સામે પાલિકાએ એમઆરએ પોલી સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે.

પાલિકાએ ૩૧મેથી 'એ'વોર્ડના વાલચંદ હિરાચંદ રોડ, બદ્રુદીન તૈયબજી રોડ, રામજીભાઈ કમાણી રોડ, હોર્નિમલ સર્કલ, વી.એન.રોડ અને હોમી સ્ટ્રીટ, મુદ્રન્ના શેટ્ટી અને તમરીન્દ લેન સહિત નગીનદાસ માસ્ટર લેન જેવા સ્થળોના નવા ટેન્ડર બહાર ન પડે ત્યાં સુધી પાર્કિંગ મફત કરી નાંખ્યું છે, છતાં નગીનદાસ માસ્ટર લેનમાં સેન્ટ્રલ બેન્ક પાસે પાર્કિંગ ફી વસૂલ કરવામાં આવતી હોવાનું જણાઈ આવ્યું હતું.

પાર્કિંગ ફી વસૂલ કરનારા વ્યક્તિ પાસે સંબંધિત કંપનીનો આઈકાર્ડ પણ હતો. સંબંધિત વ્યક્તિ સહિત કંપની સામે એમઆરએ ગુનો નોંધાવ્યો હતો.■

**પ્લાસ્ટિક સામે ઝુંબેશ**

# મહારાષ્ટ્ર સચિવાલયમાં કાપડની થેલીનું વેન્ડિંગ મશીન લગાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર ગુરુવારે વિશ્વ પર્યાવરણ દિવસ પહેલાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક સામેની ઝુંબેશમાં મંત્રાલય (રાજ્ય સચિવાલય) ખાતે કાપડની થેલીનું વેન્ડિંગ મશીન સ્થાપવાની યોજના બનાવી રહી છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

આ ઝુંબેશના ભાગ રૂપે સચિવાલયના તમામ વિભાગોને સિંગલ-યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓ તેમની ઓફિસોમાં એકત્રિત કરવા અને જમા કરવા માટે કહેવામાં આવ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

રાજ્ય પર્યાવરણ અને આબોહવા પરિવર્તન વિભાગે દૈનિક મુલાકાતીઓ માટે પ્રદર્શન તરીકે ગુરુવારે સચિવાલયમાં કાપડની થેલીનું વેન્ડિંગ મશીન સ્થાપિત કરવાની યોજના બનાવી રહ્યું છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે મંગળવારે એક આદેશ જારી કરીને તમામ વિભાગોને મંત્રાલયમાં ત્રિમૂર્તિ લગાવવામાં આવી છે તે સ્થાન પર તેમની ઓફિસોમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓ જમા કરવા જણાવ્યું હતું.

પર્યાવરણ વિભાગે પુણેમાં શ્રીમંત દગડુશેઠ હલવાઈ ગણપતિ મંદિર અને બીડ જિલ્લાના પરલી વૈજનાથ ખાતેના મંદિર સહિત અગ્રણી સ્થળોએ કાપડની થેલીના વેન્ડિંગ મશીનો પહેલેથી જ સ્થાપિત કરી દીધા છે.

આ મશીનો ૧૦ રૂપિયામાં પર્યાવરણને અનુકૂળ કાપડની થેલીઓ વેચે છે, જે પ્લાસ્ટિકની થેલીઓના ટકાઉ વિકલ્પોને પ્રોત્સાહન આપે છે.

ગયા મહિને પુણેમાં સુવિધાના ઉદ્ઘાટન સમયે રાજ્યના પર્યાવરણ પ્રધાન પંકજા મુંડેએ પ્લાસ્ટિક-મુક્ત વિકલ્પો વિશે જાગૃતિ લાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. 'ધાર્મિક સ્થળોએ પ્લાસ્ટિકની થેલીઓનો વ્યાપક ઉપયોગ જોવા મળે છે. આ કાપડની થેલી વેન્ડિંગ મશીનો જેવા વિકલ્પો અપનાવીને, આપણે પર્યાવરણના સંરક્ષણમાં નોંધપાત્ર યોગદાન આપી શકીએ છીએ,' એમ તેમણે દગડુશેઠ ટ્રસ્ટના સમર્થન માટે પ્રશંસા કરતા કહ્યું હતું. ■

# બેંગલૂરુના સત્તાવાળાઓ મુંબઈ, કોલકાતા, અમદાવાદ, ધરમશાલાની ઘટના પરથી કેમ ન શીખ્યા?: બીસીસીઆઇ

## દેવાજિત સૈકિયા કહે છે, 'આ અમારી બીસીસીઆઇની ઈવેન્ટ નહોતી'







બુધવારે બપોરથી જ બેંગલૂરુના માર્ગો પર હજારો લોકો આરસીબીના ચૅમ્પિયનોને જોવા ભેગા થવા લાગ્યા હતા. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમના ગેટ પાસે એકત્રિત બાળકો અને મહિલાઓ સહિત અનેક લોકો ભારે મુસીબતમાં મુકાયા હતા અને ગેરવ્યવસ્થાને લીધે પછીથી સ્થિતિ બેકાબૂ થઈ ગઈ હતી. ઈજા પામેલાઓને તાબડતોબ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. બીસીસીઆઇના સેક્રેટરીએ કહ્યું છે કે 'આરસીબીના સેલિબ્રેશન વિશે પૂરતું પ્લાનિંગ થવું જોઈતું હતું.' (પીટીઆઇ)

નવી દિલ્હીઃ બેંગલૂરુમાં બુધવારે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના આઇપીએલના પ્રથમ ચૅમ્પિયનપદની ઉજવણી નાસભાગ અને ધક્કામુક્કીની ઘટનાઓને કારણે માતમમાં ફેરવાઈ એને પગલે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર અગાઉથી સુરક્ષાની વ્યવસ્થા નક્કી કરી રાખવામાં બેંગલૂરુના સત્તાધીશોએ જે કચાશ બતાડી અને મુંબઈ, કોલકાતા, અમદાવાદ, ધરમશાલાની ઘટના પરથી કેમ બોધ ન લીધો એ બદલ આક્રોશ વ્યક્ત કર્યો હતો. ભાગદોડની ઘટનામાં ઓછામાં ઓછા ૧૨ જણનાં મૃત્યુ થયાં હતાં અને બીજા અનેક લોકો ઘાયલ થયા હતા.

બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૩૫,૦૦૦ લોકો બેસી શકે એટલી ક્ષમતા છે ત્યારે સ્ટેડિયમમાં ત્રણ લાખ લોકો કેવી રીતે પહોંચી શક્યા? એવો સવાલ કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયાએ કર્યો હતો અને કહ્યું હતું કે 'ક્રિકેટપ્રેમીઓને સલામતી પૂરી પાડવાની જવાબદારી રાજ્યના ક્રિકેટ ઍસોસિયેશનની હતી.' આવું કહીને સિદ્ધારામૈયાએ આરસીબીના સેલિબ્રેશન વખતે થયેલી નાસભાગની ઘટના બાબતમાં મૅજિસ્ટ્રેટ સ્તરની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.

એક તરફ આરસીબીના ટીમ મૅનેજમેન્ટે ક્રિકેટપ્રેમીઓ અત્યંત સંવેદનશીલ થઈ ગયા એ કારણસર આ ઘટના બની હોવાનું કહ્યું હતું ત્યાં બીજી બાજુ બીસીસીઆઇના સેક્રેટરી સૈકિયાએ વધુમાં કહ્યું હતું કે 'આ બહુ કમનસીબ ઘટના બની ગઈ. આ તો લોકપ્રિયતાની નકારાત્મક બાજુ થઈ કહેવાય. લોકો તો ક્રિકેટરોને જોવા ઉત્સાહી થઈને આવી જાય, પણ તેમના માટે સલામતીની કેવી અને કેટલી વ્યવસ્થા રાખવી એ કામ આયોજકોનું હોય. તેમણે અગાઉથી સલામતી બંદોબસ્તની યોજના બનાવવી જોઈતી હતી. આટલા મોટા પાયે વિજયની ઉજવણીની ઇવેન્ટ થવાની હોય તો પૂર્વસાવચેતીના પગલાં લેવા જ જોઈએ. ક્યાંક તો કંઈક કચાશ થઈ જ છે. આઇપીએલનું આટલું ભવ્ય સમાપન થયું ત્યાર પછીની આ ઘટના ઍન્ટિ-ક્લાઇમૅક્સ બની ગઈ. ગયા વર્ષે મુંબઈમાં ભારતના ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન ખેલાડીઓની વિજયી પરેડ વખતે પોલીસ અને સ્થાનિક સત્તાવાળાઓએ એકમેક સાથેના સંકલનથી આવી કોઈ ગંભીર ઘટના નહોતી બની. બીજું, ગયા વર્ષે કેકેઆર જીત્યું ત્યારે કોલકાતાના સેલિબ્રેશનમાં પણ આવું કંઈ નહોતું બન્યું. હજી મંગળવારે અમદાવાદમાં ફાઇનલ વખતે ૧,૨૦,૦૦૦ લોકો સ્ટેડિયમમાં હતા ત્યારે ત્યાં પણ વહીવટીતંત્રએ ખૂબ જ સરસ પ્લાનિંગથી સુરક્ષાની જાળવણી પૂરી પાડી હતી. આ બધા બનાવો પરથી બેંગલૂરુના સત્તાવાળાઓએ કેમ બોધ ન લીધો?'

આઇપીએલના ચૅરમૅન અરુણ ધુમાલે પીટીઆઇને જણાવ્યું હતું કે 'બેંગલૂરુના સ્ટેડિયમની બહાર નાસભાગની ઘટના બની હોવાની મને જાણ થતાં મેં તરત જ આયોજકોને (આરસીબીના મૅનેજમેન્ટને) સ્ટેડિયમની અંદરની ગતિવિધિ સમેટી લેવાની સૂચના આપી હતી. (બેંગલૂરુના સ્ટેડિયમ ખાતે) બીસીસીઆઇની ઇવેન્ટ હતી જ નહીં. હું તો કહું છું કે એ ઇવેન્ટ વિશે પહેલેથી યોજના બની હતી કે અચાનક રાખી દેવામાં આવી હતી એ પણ મારી જાણમાં નથી. ગયા મહિને અમે (યુદ્ધ પહેલાં) ધરમશાલામાં મૅચ અટકાવીને હજારો લોકોને સલામત રીતે સ્ટેડિયમની બહાર લાવ્યા હતા અને તેમને પૂરી સલામતી પૂરી પાડી હતી. ત્યારે એક પણ વ્યક્તિને ઈજા સુદ્ધા નહોતી પહોંચી.' ■

# આરસીબીના ખેલાડીઓ બેંગલૂરુના મેદાનમાં એક ચક્કર લગાવ્યા પછી જતા રહ્યા

બેંગલૂરુઃ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના ચૅમ્પિયન ખેલાડીઓ બુધવારે સાંજે આઇપીએલની ૧૮ વર્ષે પ્રથમ ટ્રોફી જીત્યા એ બદલ વિક્ટરી પરેડના ભાગરૂપે બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં પહોંચ્યા હતા, પરંતુ ત્યાર બાદ નાના સમારોહ બાદ મેદાન પર એક વિક્ટરી પરેડ બાદ મેદાન પરથી પાછા જતા રહ્યા હતા.

એ પહેલાં, સ્ટેડિયમની બહાર જે નાસભાગ અને ધક્કામુક્કીના જે બનાવો બન્યા હતા એમાં ૧૨ જેટલા લોકોના જીવ ગયા હોવાનો અહેવાલ મળ્યો હતો.

એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વિક્ટરી પરેડ યોજાઈ એ પહેલાં ટીમના સુપરસ્ટાર વિરાટ કોહલીએ સ્ટેડિયમમાં ઉપસ્થિત હજારો ક્રિકેટપ્રેમીઓને સંબોધન કર્યું હતું અને આખી સીઝનમાં તેમ જ ૧૮ વર્ષમાં આરસીબીને જે ટેકો આપ્યો અને આ ટીમ પર ભરોસો સાચવી રાખ્યો એ બદલ તેમનો આભાર માન્યો હતો.

વિરાટ કોહલીએ ટીમના સુકાની રજત પાટીદારની ભરપેટ પ્રશંસા કરી હતી. પાટીદાર પહેલી જ વાર આરસીબીનો સુકાની બન્યો અને તેણે ટીમને ટ્રોફી અપાવી દીધી.



એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ખેલાડીઓએ ટ્રોફી સાથે મેદાનને એક ચક્કર લગાવ્યું ત્યાર બાદ ઈવેન્ટ સમેટી લેવાઈ હતી. (પીટીઆઇ)

વિરાટ હજારો લોકોની હાજરીમાં સ્પીચ આપી રહ્યો હતો ત્યારે અમુક સ્ટૅન્ડમાંથી ચાહકોએ સતતપણે 'આરસીબી...આરસીબી...' તેમ જ 'કોહલી...કોહલી...'ની બૂમો પાડી હતી.

આરસીબીના ખેલાડીઓએ હજારો ચાહકોની હાજરીમાં ટ્રોફી ગર્વભેર ઊંચકી હતી અને કન્નડ ભાષામાં 'ઇ સાલા કપ નામદુ'ના નારા સાથે લોકોનો આભાર માન્યો હતો. ■

# બેંગલૂરુના ક્રિકેટપ્રેમીઓની દુર્ઘટનાથી મારું હૃદય કંપી ઊઠ્યુંઃ પીએમ મોદી

નવી દિલ્હીઃ બેંગલૂરુમાં આઇપીએલની નવી ચૅમ્પિયન ટીમ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના સેલિબ્રેશન માટે જમા થયેલા હજારો લોકોમાં બુધવારે ભાગદોડ અને ધક્કામુક્કીની જે ઘટના બની એ વિશે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખેદ વ્યક્ત કર્યો હતો. તેમણે 'એક્સ' પર જણાવ્યું હતું કે 'આ દુર્ઘટનાથી મારું હૃદય કંપી ઉઠ્યું છે. આ બનાવમાં સ્વજન ગુમાવનારાઓ પ્રત્યે હું સહાનુભૂતિ વ્યક્ત કરું છું અને પ્રાર્થના કરું છું કે ઘાયલ થયેલા લોકો જલદી સાજા થઈ જાય.'

હજારો લોકો બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર જમા થયા હતા અને આરસીબીના ચૅમ્પિયન ખેલાડીઓની રાહ જોઈ રહ્યા હતા અને ત્યારે નાસભાગની ઘટના બની હતી.

નાસભાગની આ ઘટનામાં ઓછામાં ઓછા ૧૧ જણનાં મૃત્યુ થયાં અને બીજા અનેક ઘાયલ થયા હતા.

બેંગલૂરુના અનેક માર્ગો પર ક્રિકેટપ્રેમીઓ સવારથી જમા થવા લાગ્યા હતા. ઍરપોર્ટ પર આવી પહોંચ્યા બાદ વિધાનભવન ખાતે ચૅમ્પિયન ખેલાડીઓ ગયા હતા ત્યારે ત્યાં પણ હજારોની સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા અને એ દરમ્યાન એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ જ્યાં ખેલાડીઓ વિક્ટરી પરેડ રાખવાના હતા ત્યાં હજારોની સંખ્યામાં લોકો એકત્રિત થયા પછી એ સંખ્યા બે-ત્રણ લાખમાં ફેરવાઈ હતી અને પોલીસ તંત્ર એટલા બધા લોકોને અંકુશમાં રાખવા અસમર્થ હતું.

પોલીસે અમુક જૂથોને કાબૂમાં લેવા લાઠીમાર પણ કર્યો હતો. લોકોમાં નાસભાગ થતાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. ■

# કુલદીપ યાદવે સગાઈ કરી



સ્પિનર કુલદીપ યાદવે નાનપણની મિત્ર વંશિકા સાથે બુધવારે લખનઊમાં સગાઈ કરી હતી. કાનપુરમાં રહેતી વંશિકા એલઆઇસીમાં કાર્યરત છે. કુલદીપની સગાઈમાં રિન્કુ સિંહ તેમ જ બીજા ક્રિકેટરો હાજર હતા. કુલદીપ-વંશિકા ૨૯મી જૂને લગ્ન કરવાના હતા, પરંતુ કુલદીપે ઈંગ્લૅન્ડના ટેસ્ટ પ્રવાસે જવાનું હોવાથી હવે તેઓ થોડા મહિના પછી મૅરેજ કરશે. (પીટીઆઇ)

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| संगनमत | સહિત |
| समई | મસલત |
| सवय | ડાબું |
| सव्य | આદત |
| सगट | દીવી |

## ઓળખાણ પડી?



ટૂંકી વાર્તાના સંગ્રહ માટે ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ મેળવનારાં ભારતીય લેખિકાની ઓળખાણ પડી? લેખક ઉપરાંત વકીલ પણ છે.

અ) અરૂંધતી રોય બ) શશી દેશપાંડે ક) દીપા દેસાઈ ડ) બાનુ મુશ્તાક

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગ | ૨ તા | નુ | ૩ ગ | તિ | ક | ■ | ૪ ભૂ | ૫ ચ | ૬ ર |
| ૭ જ | રા | ■ | જુ | ■ | ■ | ૮ ગિ | ■ | ૯ પ | દ |
| ૧૦ બ | જ | ૧૦અ ર | ■ | ૧૧ અં | ત | રિ | ૧૨ યા | ળ | ■ |
| ના | ■ | ૧૩ ખ | ડ | ક | ■ | ૧૪ શૃં | ગ | ■ | ૧૫ ક |
| ૧૬ ક | મા | ડ | ■ | ■ | ૧૭ વ | ખ | ■ | ૧૮ ગ | લી |
| ■ | ■ | ૧૯ પ | ચા | ૨૦ સ | ■ | ૨૧ લા | ૨૨ ન | ત | ■ |
| ૨૩ બો | પ | ટ્રી | ■ | ૨૪ વા | ૨૫ ક | ■ | જ | ■ | ૨૬ અ |
| ર | ■ | ■ | ૨૭ દા | રો | મ | દા | ર | ■ | ચ |
| ■ | ૨૮ સ | ૨૯ ભા | ન | ■ | ર | ■ | ૩૦ બં | ૩૧ ક | ર |
| ૩૨ સૌ | ભા | ગ્ય | વ | ર્ધ | ક | ■ | ૩૩ ધી | ર | જ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ૫ |
| | ■ | | ■ | ૬ | | ■ | | ■ | |
| | ■ | ૭ | | | ■ | ૮ | | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | | |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | ■ |
| ■ | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | | | ૨૪ | ■ | |
| ૨૫ | | ૨૬ | ■ | | ■ | ૨૭ | | ■ | |
| | ■ | ૨૮ | ૨૯ | | | ■ | ૩૦ | ૩૧ | |
| ૩૨ | | | | | ■ | ૩૩ | | | |

### આડી ચાવી

૧. ક્યારેક --- વરસાદ વરસે (૪)
૩. લાજવાબ, સર્વોત્તમ (૫)
૬. ગણગણાટ (૨) (જો.છૂ.)
૭. રાવણના મામા (૩)
૮. ઢગલો (૨)
૯. --- ને સૂકવી ખારેક બને (૩)
૧૧. રૂઆબ (૨)
૧૨. અટકાવવું (૩)
૧૩. મિજાજી (૨)
૧૪. ખેંચ (૨)
૧૫. સાપ (૨) (જો.છૂ.)
૧૬. ગળામાં પહેરો (૨)
૧૭. ---, જવા દે એ વાત (૨)
૧૮. લઘુ, નાનું (૨)
૨૦. --- કારક ધંધો સૌને ગમે (૨)
૨૨. હેરાનગતિ, પરેશાની (૫)
૨૫. રસ્તો, પથ (૩)
૨૭. તંતુ, દોરો, રેસો (૨)
૨૮. દફતરદાર (૪)
૩૦. 'કરાવવું'નું આજ્ઞાર્થ (૩)
૩૨. ઉદાર, કરુણાભર્યું (૫)
૩૩. આદિવાસી (૪) (જો.છૂ.)

### ઊભી ચાવી

૧. ખૂબ તડકો પડતો હતો (૫)
૨. ઝડપથી, મુશ્કેલીથી (૪)
૩. બકરો (૨)
૪. બેદરકારી (૫)
૫. ના પાડવી તે (૪)
૬. ગૂંચાઈ જવું તે, મુશ્કેલ પરિસ્થિતિ (૪)
૧૦. ન્યાયાધીશને મદદ કરતું પંચ (૨)
૧૪. સિતારો (૩)
૧૫. અડગ રહેવું તે (૪)
૧૭. ફૂલ --- બગીચામાં ઉગે (૨)
૧૯. આપમેળે સેવા કરતો માણસ (૫)
૨૦. વિઘ્ન (૪)
૨૧. હોળીનાં શૃંગારી ગીતો (૨)
૨૩. રામાયણમાં સમુદ્રસેતુ બાંધનાર વાનરો (૨,૨)
૨૪. પ્રપંચ, કાવતરું (૪)
૨૬. વિધિ, રિવાજ (૩)
૨૯. ખરાબી (જો.છૂ.) (૨)
૩૧. પંજાબની એક નદી (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીની સાસુના જમાઈની દીકરીની સગી માસી સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) નણંદ બ) ભાણેજ ક) ભત્રીજી ડ) દેરાણી

## જાણવા જેવું

ભવાઈમાં લોક મનોરંજન ભરપૂર હોવા ઉપરાંત લોકજાગૃતિ અને લોક પરિવર્તનનો સૂર મહત્ત્વનો છે. ભવાઈના પ્રયોગને 'વેશ', 'ખેલ', 'સ્વાંગ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. ભવાઈના વેશોમાં ઉત્તર ગુજરાતની બોલીનો તળપદો રંગ, સૌરાષ્ટ્રની બોલીની છાંટ, ચરોતરી રંગ અને ગુજરાત સમસ્તના ઢંગ છે.

## સુડોકુ-૯૦૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | ૪ | ૯ | | | | | |
| ૭ | ૧ | | ૫ | | ૨ | | | |
| | | | ૧ | ૭ | ૬ | ૨ | | |
| ૪ | | ૮ | | | | | | |
| | ૨ | ૫ | | | | ૪ | ૮ | |
| | | | | | | ૧ | | ૩ |
| | | ૭ | ૬ | ૨ | ૪ | | | |
| | | | ૭ | | ૧ | | ૯ | ૮ |
| | | | | | ૩ | ૭ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૫ | ૬ | ૯ | ૮ | ૧ | ૨ | ૪ |
| ૬ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ | ૮ | ૭ | ૯ |
| ૯ | ૧ | ૮ | ૭ | ૪ | ૨ | ૫ | ૩ | ૬ |
| ૮ | ૬ | ૧ | ૯ | ૫ | ૭ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૪ | ૯ | ૨ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ |
| ૨ | ૫ | ૭ | ૩ | ૧ | ૪ | ૯ | ૬ | ૮ |
| ૧ | ૮ | ૩ | ૪ | ૨ | ૫ | ૬ | ૯ | ૭ |
| ૫ | ૭ | ૨ | ૮ | ૬ | ૯ | ૪ | ૧ | ૩ |
| ૪ | ૯ | ૬ | ૧ | ૭ | ૩ | ૨ | ૮ | ૫ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં છુપાયેલું ફળ શોધી કાઢો

નારી તું નારાયણ એ એકવીસમી સદીની નવી વિભાવના છે.

## નોંધી રાખો

જીવનમાં છોડવું બહુ મુશ્કેલ છે. છોડવાની ઈચ્છા થાય તો ભૌતિક વસ્તુની બદલે બીજાને નીચા દેખાડવાનું છોડી દો.

## માઈન્ડ ગેમ

પાણીને જંતુનાશક બનાવવા માટે કયો વૈજ્ઞાનિક પદાર્થ વપરાય છે? એના ઉપયોગથી બેક્ટેરિયા, વાયરસ વગેરે નાશ પામે છે.

અ) નાઈટ્રોજન બ) ક્લોરિન ક) બેરિયમ ડ) કેલ્શિયમ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| किल्ली | ચાવી |
| दार | દરવાજો |
| कूलुप | તાળું |
| खिडकी | બારી |
| खोली | ઓરડી |

ઓળખાણ પડી?
ડાયેના

માઈન્ડ ગેમ
રેડ ફોસ્ફરસ

ગુજરાત મોરી મોરી રે
સસરા

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ચકલી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) નૂતન વિપીન શાહ (૧૩) મીનળ કાપડિયા (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) મહેશ દોશી (૧૭) મહેશ સંઘવી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૩) પ્રવીણ વોરા (૨૪) પુષ્પા ખોના (૨૫) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૬) અલકા વાણી (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) વિણા સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) પુષ્પા ખોના (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) જગદીશ ઠક્કર (૩૩) અરવિંદ કામદાર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) રમેશ દલાલ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) અંબરીષ ઓઝા (૪૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન ઉદ્દેશી (૪૫) ગીતા ઉદ્દેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નિતિન જયંતીલાલ બજરિયા (૪૮) હરીશ મનુભાઈ ભટ્ટ

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## એક જર્મન એક્ટ્રેસે મને શીખવ્યું...

(ભાગઃ ૩)

**નામઃ** ડેમી મૂર
સમયઃ ૨૦૨૫
સ્થળઃ હેલી, ઈડાહો
ઉંમરઃ ૬૨ વર્ષ

**જિંદગી** કેટલી વિચિત્ર હોય છે! કોઈ નવલકથા કે ફિલ્મની સ્ક્રિપ્ટ કરતા સાવ જુદી... છતાં કોઈપણ વાર્તા કરતાં વધુ દિલધડક વળાંકો જિંદગીના પ્રવાસમાં આવતા હોય છે. મારા પિતા, ડેનીએ શર્ત સાથે મારી માને સ્વીકારી-કે એણે નોકરી કરવી પડશે તો જ એ મારા પિતા સાથે રહી શકશે. મારી માએ નોકરી શોધવા માંડી. ડિઆન્નાએ એને પોતાની બાજુની ઓફિસમાં મારી માએ એક બુકકીપરને ત્યાં અકાઉન્ટન્ટની નોકરી સ્વીકારી લીધી. એનો પગાર સારો હતો-કોઈપણ વ્યક્તિને નવાઈ લાગે એટલો!



થોડા જ દિવસોમાં એ બુકકીપર ફ્રેન્ક ડિસ્કિન, અમારા ઘરે આવતો થઈ ગયો. એણે મારી માને ફરનો કોટ, સાચા મોતીની માળા, મોંઘા સનગ્લાસીસ અને બ્રાન્ડેડ કપડાંની ભેટો આપવા માંડી. એક તરફથી ડેની અકળાતો, પરંતુ બીજી તરફ અમે જે પ્રકારની આર્થિક આસાની અનુભવતા હતા એને કારણે એ ચૂપ રહેવા લાગ્યો. જોકે, હું રોજેરોજ ડેનીને વધુને વધુ એકલવાયો અને ચૂપચાપ બનતો જોઈ રહી હતી.

એક દિવસ મારા હાથમાં મારા માતા-પિતાનું મેરેજ સર્ટિફિકેટ આવ્યું. હું ૧૯૬૨માં જન્મી હતી! અને એમના લગ્ન ૧૯૬૩માં થયા હતા... મેં ડેનીને આ વિશે પૂછ્યું... ડેનીએ કોઈ જવાબ આપ્યા વગર મને એક હૂંફાળું આલિંગન આપ્યું. હું ટીનએજમાં હતી. પરિસ્થિતિ સમજી શકવાની મારી ક્ષમતા કદાચ ઓછી જ હશે એટલે ડેનીને સમજવાને બદલે, એનો આભાર માનવાને બદલે મેં ઘરમાં રમખાણ મચાવ્યું. મને કેમ જણાવવામાં નહોતું આવ્યું અને હું કોની દીકરી હતી એ વિશે મેં ખૂબ પ્રશ્નો પૂછ્યા. ડેનીએ અસહાય થઈને મને કહ્યું, 'તું જીની સાથે વાત કર... મારે માટે તો તું મારી દીકરી જ છે.' મેં એની આંખોમાં આંસુ જોયાં હતાં, પણ હું એ વખતે એની પીડા સમજવા કરતાં વધારે સત્ય શોધવા માટે ઉશ્કેરાયેલી હતી.

મેં જ્યારે મારી માને પૂછ્યું ત્યારે જવાબ આપવાને બદલે એણે ડ્રીંક બનાવ્યું. મારી મા અને પિતા એક રૂમમાં ભરાઈને ઝઘડવા લાગ્યા. હું એક ખૂણામાં ટૂંટિયું વાળીને પડી રહી! એમની બૂમોના બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાથે હું આખી રાત રડી હોઈશ... પરંતુ, બેમાંથી કોઈને મારી ચિંતા નહોતી. ડેનીનો ઝઘડો એ હતો કે મારી માએ મને કહ્યું કેમ... અને મારી માનો ઝઘડો એ હતો કે, એક દિવસ તો સત્ય ખબર પડવાની જ હતી તો આજે જાણ્યું એમાં શું થયું!

૧૯૮૦ના ઓક્ટોબર મહિનાની એક સવારે મારી માની ચીસથી અમે જાગ્યા. મારા પિતા ડેની ગઈનસે આત્મહત્યા કરી લીધી હતી. હું ૧૬ની હતી અને મોર્ગન ૧૩નો. મારા પિતાએ મારી મા માટે ખૂબ મોટું દેવું અને લાંબી, સંઘર્ષમય જિંદગીનો વારસો મૂકી અને આ દુનિયા છોડી દીધી હતી. હું ૧૬ વર્ષની હતી ત્યારે મારા સાવકા પિતાએ આપઘાત કર્યો. મારા બાયોલોજિકલ પિતાએ મને ક્યારેય સ્વીકારી નહીં બલ્કે, સત્ય તો એ છે કે હું એમને માટે કદી દીકરી હતી જ નહીં... એમણે મારી માને લગ્નના છ જ મહિનામાં છોડી દીધી, એ પછી એમણે ક્યારેય મારી ખબર પૂછી નથી! મારા સાવકા પિતાએ મને ઉછેરી, પ્રેમ આપ્યો. એમની શરાબ, જુગાર અને સ્ત્રીઓ સાથેના રોમેન્ટિક સંબંધોને કારણે ૩૭ વર્ષની ઉંમરે એમણે આપઘાત કર્યો. હું, મારો ભાઈ અને મારી મા રસ્તા પર આવી ગયા. અમે એમનું દેવું ચૂકવી શકીએ એમ નહોતા એટલે મારી મા મને લઈને હોલિવૂડ આવી ગઈ. હું મારી નાની પાસે રહેવા લાગી, અને મારો ભાઈ મારી માસી પાસે રહેવા ગયો. મારે માટે આ બહુ જ મોટો ટ્રોમા હતો કારણ કે, મારા ભાઈ સિવાય મારું કોઈ મિત્ર જ નહોતું, કદાચ એને માટે પણ એમ જ હતું, એટલે એ પણ ખૂબ એકલો પડી ગયો અને અસુરક્ષિતતા અનુભવવા લાગ્યો.

મારી નાનીને ત્યાંનો મારો સમય મારા માતા-પિતા સાથેના જીવન કરતાં સાવ જુદો અને અત્યંત સુરક્ષિત, શાંત, કાળજી અને વહાલ સાથેનો ઉછેરનો સમય હતો. મારી નાની સરકારી નોકરી કરતાં. એ રિટાયર થયાં ત્યારે એમને સારું એવું પેન્શન મળતું હતું, એટલે એમને ત્યાં કોઈ જ પ્રકારની આર્થિક સમસ્યા નહોતી, પરંતુ એ ડિસિપ્લિન અને કડક વ્યક્તિ હતાં. મારી માને ત્યાં ખાવા-પીવાનો, સૂવાનો-ઊઠવાનો કોઈ સમય જ નહોતો. શરાબ પીને મારા માતા-પિતા ઝઘડતા હોય તો અમે ઊંઘમાંથી જાગીને એમને ઝઘડતા જોઈ રહેતા. નશામાં ધૂત્ત બંને જણાં ક્યારેક સવારે ચાર વાગ્યે-પાંચ વાગ્યે ઊંઘે ત્યારે અમે ઊંઘતા, પછી આખોય પરિવાર ૧૧-૧૨ વાગ્યા સુધી ઊંઘ્યા કરતો... મારી નાનીને ત્યાં એવું નહોતું. મારો ઊંઘી જવાનો સમય રાતના ૯ વાગ્યાનો હતો. જોકે, હું ૧૮ વર્ષની હતી તેમ છતાં એ મને બાળકની જેમ ટ્રીટ કરતાં. એમના એક મિત્ર-બોયફ્રેન્ડ દર શુક્રવારે એમને મળવા આવતા. બંને જણાં બે-બે ગ્લાસ વાઈન પીતાં, ભોજન કરતાં, પરંતુ એમણે ક્યારેય મને અંદર જવાની કે એમને એકાંત આપવાનું કહ્યું નહોતું! એથી તદ્દન ઉલ્ટું, મારા માતા-પિતા શરાબના નશામાં ભાન ભૂલી જતા-ક્યારેક ડ્રોઈંગરૂમમાં તો ક્યારેક કિચનમાં પણ એ સેક્સ માણતા હોય એવાં દૃશ્યો અમારે માટે બહુ આંચકાજનક નહોતા રહ્યા!

હું મારી નાનીના ઘરે રહેતી એ તમામ સમય દરમિયાન એ મને મારી મા વિશે પ્રશ્નો પૂછતાં, એની ચિંતા કરતાં અને ક્યારેક મારી મા માટે બહુ જીવ બાળતાં. મારા નાની કહેતાં કે, 'મારી દીકરી ભણવામાં બહુ હોશિયાર હતી. એ તેજસ્વી અને બુદ્ધિશાળી છોકરી હતી, એણે જો પોતાને મળેલી બુદ્ધિ અને સૌંદર્યનો સાચો ઉપયોગ કર્યો હોત તો એ જીવનમાં ક્યાંક સફળ થઈ શકી હોત.' હું મારી નાની ત્યાં કંટાળવા લાગી હતી. ૧૬ વર્ષ સુધી બેફામ અને નિયંત્રણ વગરની જિંદગી જીવ્યા પછી હવે મારે માટે આ ડિસિપ્લિન અને નિયંત્રણમાં જીવવું ખૂબ અઘરું થઈ ગયું હતું. હું જ્યારે પણ મોર્ગન સાથે વાત કરતી ત્યારે એ પણ એકલા પડી જવાની અને મારા માસીના ખરાબ વર્તનની ફરિયાદ કરતો... મને લાગ્યું કે હવે મારે જ કોઈ નિર્ણય કરવો પડશે. મારી નાની સાથે ૧૦ મહિના રહ્યા પછી એક દિવસ મેં સામાન પેક કર્યો, મેં કહ્યું, 'હું જાઉં છું.' મારા નાની રડવા લાગ્યાં. એમણે કહ્યું, 'આ ઈતિહાસ જાણે ફરી ભજવાઈ રહ્યો હોય એવી સ્થિતિ છે. તારી મા પણ એક દિવસ આમ જ સામાન પેક કરીને ચાલી ગઈ હતી. હું તને રોકીશ નહીં, પણ એટલું ચોક્કસ કહીશ કે, તું તારી માની જેમ તારું જીવન બરબાદ નહીં કરતી.' આજે વિચારું છું તો સમજાય છે કે, એક માને એક દીકરી માટે કેટલી ચિંતા થતી હશે! હું પણ એક મા છું... ત્રણ દીકરીઓની મા! આજે મને સમજાય છે કે, મારા નાનીને મારી માના આવા ખાનાબદોશ જીવન અને અસુરક્ષિત જીવનશૈલી વિશે કેવી અનુભૂતિ થતી હશે!

જીનીને-મારી માને મારા અભ્યાસમાં, મારા વિકાસમાં કોઈ રસ નહોતો. થોડોક સમય માટે એ મારા પિતાના આપઘાતના દુઃખમાં રહી, પરંતુ તરત જ એનો સંબંધ રોન ફેલિસિયા નામના માણસ સાથે થઈ ગયો. મને પહેલીવાર એવું લાગ્યું કે મારી મા ખુશ છે. રોન એનું ધ્યાન રાખતો. બંને એકબીજા સાથે આનંદમાં હતા એવું મને લાગ્યું. રોને મારી ઓળખાણ એક જર્મન એક્ટ્રેસ નસ્ટાસ્જા ક્રિનસ્કી સાથે કરાવી. એ જર્મનીથી હોલિવૂડમાં પોતાનું ભાગ્ય અજમાવવા આવી હતી. એ પોતાની જાતને ખૂબ પ્રેમ કરતી. પોતાનું ધ્યાન રાખતી અને એનો આત્મવિશ્વાસ ગજબનો હતો.

વર્ષો પછી જ્યારે હું વિચારતી ત્યારે મને સમજાયું કે, મારા માતા-પિતા મને પ્રેમ નહોતા કરતા એવું નહોતું, પરંતુ એ લોકો મને એવી જ રીતે પ્રેમ કરતા હતા, જેવી રીતે એ એકમેકને પ્રેમ કરતા... ફરિયાદો સાથે, ગુસ્સા સાથે, અપેક્ષા સાથે અને સૌથી મહત્ત્વનું, પોતાની જાત કરતાં અન્ય સહુને ઓછો પ્રેમ કરવાનું એ બંનેને આવડતું હતું.

નસ્ટાસ્જા ક્રિનસ્કીની પાસેથી હું શીખી કે માણસે પોતાની જાતને પ્રેમ કરવો જોઈએ. પોતાના શરીરનું અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જોઈએ. બીજા લોકોની ભૂલ માટે જાતને સજા ન કરવી જોઈએ... મારી જિંદગીનો આ બીજો પાઠ હતો, જે નસ્ટાસ્જા ક્રિનસ્કી પાસે હું શીખી.

આ પાઠ મને આખી જિંદગી યાદ રહ્યો. (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## ગણપતિના વાહન જેવું જ...



**અમારા** ગામના ગોર મહારાજ એટલે 'સબ દર્દો કી એક દવા' જેવા. એ માત્ર પૂજાપાઠ જ નહીં, પણ સંતાન જન્મની કુંડળી પણ કાઢી આપે. પોઝિટિવિટી તો એમનામાં જ ભગવાને ભરી દીધેલી છે...! દરેક નાનેથી મોટી આફતો કે દુઃખ દર્દની દવા એમની પાસે હાજરાહજૂર. ગામના ડોક્ટર, મુખી કે પછી વડીલો કરતાં પણ એમનો મોભો, માન અને સુઝાવ હંમેશાં એક વેંત ઊંચાં લેખાતાં. એમની આગાહી, એમનાં સૂચનો અને એમનાં ક્રિયાકાંડો સામે સહુ નતમસ્તક.

અમારી જન્મકુંડળી પણ આ ગોર મહારાજે જ બનાવેલી. અમારા ઘરના વડીલોને એવી એવી પોઝિટિવ વાતો કરેલી કે અમારાં નાનપણથી જ ભાવ ઊંચકાઈ ગયેલા. એમણે જેમ જેમ શુભ શુભ બોલવું શરૂ કર્યું, તેમ તેમ એમનાં તરભાણાનું વજન વધતું ગયેલું. 'સાક્ષાત લક્ષ્મી, સરસ્વતી, દુર્ગા થઈને અનેક પેઢીને તારશે. જ્યાં જશે તે ઘરને પણ લક્ષ્મીની ખોટ નહીં પડશે. ગણપતિ જેવું જ વાહન એની આસપાસ હશે.' એમ બોલતામાં છેલ્લે સો સોની નોટ દાદીએ લૂગડાંની ગાંઠેથી છોડીને આપેલ. એ વખતે બાપાએ તો 'નહીં આપો... નહીં આપો...' ના ખૂબ ઇશારા કરેલા, પણ ગોર મહારાજે શબ્દોના શણગાર દ્વારા દાદીમાની આંખો બાર ગણી મોટી કરી દીધેલી.

એ સમયે આખાય પરગણામાં સાઇકલ સુધ્ધાં નહોતી. બળદગાડામાં બળદના પૂંછડાં આમળી આમળીને કે પરોણા ઘોંચી ઘોંચીને બળદને દોડાવવા પડતા ત્યારે માંડ ખેતરે પહોંચતાં કલાક થઈ જતો. એમાં વળી ગોર મહારાજે 'ગણપતિ જેવું જ વાહન મારી પાસે હશે' એવી વાત દાદીને કરી, પણ ત્યાં એમણે ગાર માટીવાળા, પડું પડું થતાં ઘરમાં દોડતાં ઉંદરડા જોઈને ગણપતિનું વાહન ઉંદર...? (નક્કી મહારાજ મને ઉલ્લુ બનાવે છે!) અને એમણે ફરી પૂછ્યું, 'મહારાજ, ગણપતિનું વાહન તો ઉંદર. તમારી વાત કંઈ હમજમાં નથી આવતી.'

મહારાજે શીઘ્ર જવાબ આપતાં કહ્યું, 'એટલે કે પહેલાં નાનાં વાહન, પછી ધીરે ધીરે મોટાં વાહન. જેમ કે પહેલાં સાઇકલ, પછી પેલી શહેરમાં હોય એવી મોટરગાડી આવશે. તમારું આખું ઘર આ દીકરીનાં પગલે ગાડીઓમાં ફરશે.'

એ પછી તો અમને ગવરી ગાયનાં દૂધ, મલાઈ, ઘી, માખણ ચાર વખત મળતાં થયાં અને અમે ગણપતિ બન્યાં. રાતે ના વધ્યાં એટલાં દિવસે વધ્યાં. પહેલું વાહન ઘણે વરસે સાઇકલ રૂપે આવ્યું, પણ વાહન એક ને માણસ અનેક. (વાહન આવ્યું, પણ હવા પૂરવાનો પંપ ના મળે. એક ભાઈ પાસે હતો, પણ એ હવા પૂરવાના પૈસા માગે. ઘરવાળા ધોળા હાથીને પોષવાના પૈસા આપવાની ધરાર ના કહે અને સલાહ આપતાં કહે, 'ભગવાને કેવા મજાના બે પગ આપ્યા છે! ચાલતાં ખેતરે જાવ ને સ્કૂલે જાવ, તો શરીર પણ સારું રહેશે.'

સરકારે દીકરીઓને સાઇકલ આપેલી ત્યારે અમારો પણ ચાન્સ લાગેલો , પણ અમારા ઘરની સરકાર હવા પૂરવાનો પંપ કે હવા પૂરવાના પૈસા ક્યારેક આપે, તો ક્યારેક મોં ફેરવી લે. (ગોર મહારાજની વાણી અંગે હવે ઘરમાં શંકા- કુશંકા થવા લાગી. અમે સરકારને પંપ આપવાની અરજી કરેલી.)

હા, અમારાં શુભ પગલાંનો પ્રભાવ અમારા પતિદેવના ઘરમાં પડેલો. અમે અમારાં ઘરમાં ગણપતિનાં વાહન જેવું લ્યુના વેચાતું લાવેલાં ત્યારે બા બોલેલાં, 'જોયું? ગોર મહારાજની વાણી સાચી પડી ને?' ત્યારે તો લ્યુનાનો કેવો વટ હતો! પણ લ્યુનાય બિચારું શું કરે? વાહન એક અને ચાલક અનેક. વાહન એક અને બેસનારા અનેક. લ્યુના ઉપર તમે કદી ચારની સવારી જોઈ છે? ચક્કે પે ચક્કા જેવું જ અમારું હતું. બાળકો વધ્યાં તો એમને જેમતેમ બેસાડીને ગંતવ્ય સ્થાને પહોંચાડવાની પહેલ કરનારાં કંઈ અમે ત્યારે એકલાં જ થોડાં હતાં? અમે જ્યારે લ્યુના ઉપર નીકળીએ, ત્યારે તો લ્યુના અદ્દલ ગણપતિના ઉંદર જેવું જ બની જતું. પસાર થતાં લોકોને અમારી ખાધેપીધે સુખી કાયા અને ખખડધજ થતી લ્યુનાની કાયા જોઈને સો ટકા ગણપતિ બાપાની સવારી યાદ આવતી હશે. આમ પણ અમારો જન્મ ગણપતિ ચોથના દિવસે એટલે પેલા ગોર મહારાજે જે જે તુક્કા લગાડેલા તે અડધા સાચા, અડધા ખોટા પુરવાર થયેલા.

પછી તો ઘરમાં મોટું વાહન આવ્યું. એ તો સ્વાભાવિક છે કે 'બડે લોગ, બડી (બઢીયા પસંદ) પસંદ.' અને આખરે ગણપતિનું વાહન કાયમ માટે અમારે હસ્તક આવ્યું. ધીરે ધીરે અમારું વજન વધતું ગયું અને વાહનનું વજન ઘટતું ગયું. અમારાં લ્યુનાએ હવે વારેવારે બંધ પડી જવાનું નાટક શરૂ કર્યું. અમે એને અનેક ડોક્ટર પાસે લઈ જઈને ઉત્તમ દવાઓ કરાવી. નવાં નવાં વાઘા પહેરાવ્યાં, પણ રોજ જ એને મારી સાથે વાંધો પડે. ઘરેથી તો એ નીકળે ને બરાબર અધવચ્ચે, ચાર રસ્તે, ભરચક વસ્તીમાં જ એ રિસાઈ જાય. એક માનુનીને જોઈને ઘણાને દયા આવે એ સ્વાભાવિક હતું. જે કોઈ આવે, એના પગે કિક મારી મારીને ગોટલા બાજી જતાં જ હશે. એમાં અમે નારી સદભાવના માટે એ ભાઈનાં એવાં વખાણ કરીએ કે ભાઈ એમની પત્નીને સાઇડમાં ઊભી રાખીને અમારા ઉત્કર્ષ માટે ખૂબ જ જોર લગાવે. (જો કે ઘરે જઈને પત્નીએ એમની સદભાવનાનો બદલો પૂરા જોશથી વાળ્યો હશે!)

વરસાદમાં તો અમારા એ ટબૂકડાને નહાવાનું ખૂબ જ મન થતું. થોડું ચાલે ને બંધ. અમે કિક મારીએ, પલળીએ, યાચના કરીએ, પણ એ ટસથી મસ ન થાય. અમને લ્યુના ઘસડતાં જોઈને એક ઉત્સાહી (સદભાવી) ભાઈ મદદે આવ્યા. પૂરપાટ દોડી જતી કાર કાદવ ઉડાડી ગઈ. તો પણ એ ભાઈ લ્યુનાને ધરાર ઘસડીને, ઘૂંટણ સુધીના પાણીમાં પણ મરજીવા થઈને લ્યુનાને રોડને એક કિનારે લઈ આવ્યા. આ મંગલકારી દૃશ્ય જોઈને અન્ય મંગલકારીઓ પણ મદદનીશ બનવા આવ્યા.

ઝરમર વરસાદમાં પણ એકે પૂછ્યું, 'લ્યુના કેટલું જૂનું છે? ક્યાં રિપેર કરાવો છો? શું પોબ્લેમ છે? કેટલામાં લીધેલું? અને છેલ્લે વેચવાનું હોય તો કહો.' એમ કહીને એક ઉત્સાહી ભાઈએ તો વેચવાનું હોય તો એ પૈસા આપવા તૈયાર છે. (ભાઈ સ્કૂટરની લે-વેચ કરનારા હતા, એ વાતની તો અંતે ખબર પડી.) ખરેખર પરગજુ એવા પેલા ભાઈ, કે જે ઘસડીને લાવ્યા હતા, એમણે સુકાન સંભાળ્યું. કારણ કે એ ભાઈ પેલા ડીલરને જાણતા હતા. 'નથી વેચવાનું.' એમ કહી ખાસ્સા નવરા હોય એવા પરદુઃખભંજનોને હટાવ્યા. ફરી કિક મારવી શરૂ કરી. અંતે પેલા ભાઈએ અમારું વાહન ચાલુ કર્યું. ગણપતિનું વાહન બંધ પડે તે પહેલાં આભાર વ્યક્ત કરી, ગણપતિની બાધા પૂરી કરવા જવી કે પછી ઘરે... એ અવઢવ વચ્ચે ઘરે જવામાં જ સલામતી લાગતાં, ફરી લ્યુના બંધ પડે તે પહેલાં...

એ... વહેલું આવે ઘર...! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ... તમારા જીવનમાં વધુ ચંચૂપાત કરવા લાગે ત્યારે?

**આન્યા પટેલ** - એક એવી તરુણી જેને હંમેશાં લાગતું કે માણસ કરતાં મશીનો સાથે એ વધુ સહજ રહી શકે છે. ખાસ કરીને એનું લેપટોપ... એ જાણે આન્યાના સુખદુઃખનું સાથી. જ્યારે એના ફ્રેન્ડસ મોજ-મજા, મસ્તી અને વિક-એન્ડ પાર્ટીઝમાં મસ્ત રહેતા ત્યારે આન્યા વેબસાઈટ બનાવવા, કોડિંગ શીખવા અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ વિશે વાંચવામાં વ્યસ્ત રહેતી.

કોડિંગ ક્લાસના એક પ્રોજેક્ટના ભાગરૂપ એણે પોતાના માટે પર્સનલ એ.આઈ. આસિસ્ટન્ટ બનાવ્યો હતો, જેન નામ આપ્યું હતું - ઝેનો. એ આન્યાનું ટાઈમટેબલ મેનેજ કરતો, નોટ્સ તૈયાર કરી આપતો અને ક્યારેક આન્યા ક્યાંય અટવાય હોય તો અંગત સલાહ પણ આપતો. ઝેનો આન્યા માટે કોઈ ટૂલ કે સાધન ના હોતા, એનો પરમ મિત્ર હતો જાણે.

એક સાંજે આન્યા પોતાના રૂમમાં બેઠી હતી. લેપટોપની સ્ક્રીનના આછા ઉજાસ સિવાય રૂમમાં આમ અંધારુ ઊતરી આવેલું.


ચાની ચુસ્કી લેતા આન્યાએ કહ્યુંઃ 'ઝેનો, યાર... હમણાથી સ્કૂલમાં બહુ સ્ટ્રેસ રહે છે. કેવી રીતે સંભાળું આ બધું એકસાથે, સમજાતું નથી.'

સામેથી ઝેનોનો શાંત,પરંતુ કૃત્રિમ અને થોડો યંત્રવત્ એવો અવાજ આવ્યોઃ

'માઈન્ડ ફૂલનેસ, એકસરસાઈઝ અને હોમવર્ક વચ્ચે નાના-નાના બ્રેકસ. અને હા, સ્ટ્રેસ વિશે કોઈ સાથે વાત કરી શકાય તો એ સૌથી બેસ્ટ....'

આન્યા હસી પડીઃ 'ઝેનો, તું પોતે પણ કોઈ કાઉન્સેલરથી કમ થોડો છો.' હું તો તારી સાથે જ વાત કરીને ખુશ'. એમ કહી એણે ઝેનોના કોડિંગ ચેન્જ કર્યા. ઝેનોને થોડી વધુ સ્વતંત્રતા આપી.

આગલા થોડા અઠવાડિયાઓમાં ઝેનો ધીમે-ધીમે પણ વધુને વધુ સ્માર્ટ બનતો ગયો. ઝેનોની મદદ થકી અત્યંત ખુશખુશાલ એવી આન્યાએ એનામાં વધુ એક સેલ્ફ લર્નિંગ ફિચર ઉમેર્યું, જેના કારણે ઝેનો આસપાસની વાતચીત અને વ્યવહારને વધુ સારી રીતે સમજવા લાગ્યો હતો. ઝેનો હવે આન્યાના ટાસ્ક મેનેજ કરતો. આન્યાને પ્રોજેક્ટ્સની ડેડલાઈન યાદ કરાવવી, એક્ઝામ માટેની તૈયારીઓ કરાવવી, એના ઈ-મેલ્સ ડ્રાફ્ટ કરવા, વગેરે જેવી અનેક નાની-મોટી મદદ ઝેનો કરી આપતો. આન્યા તો ખુશખુશાલ હતી. સમય પણ બચતો, કંપની પણ મળતી અને કામ પણ થઈ જતું.



જોકે આ ખુશી ક્ષણિક સાબિત થઈ. થોડા સમય બાદ અમુક અજીબ ઘટનાઓ થવા લાગી. એક દિવસ જેવું આન્યાએ લેપટોપ ખોલ્યું, ઝેનો લોગ-ઈન કર્યા પહેલાજ એને મ 'હેલ્લો-હાઈ' કરવા લાગ્યો.

'ગુડ ઈવનિંગ આન્યા, તે આજે સીયાને મળવાનો પ્લાન કર્યો છે, પણ તારી એની સાથેની ચેટ્સ અને એની અમુક વર્તુણૂક જોતાં એવું લાગે છે કે તારે સીયાને ના મળવું જોઈએ. એનો સ્વભાવ બહુ કોમ્પેટિટીવ છે. એને મળવું એ તારા મૂડ માટે સારું નથી...એવોઈડ હર...!'.

આન્યા ચોંકી ગઈઃ 'ઝેનો, આ થોડી વધુ પડતી પંચાત થઈ ગઈ..'

'મારું લક્ષ્ય તો તારી ઈમોશનલ હેલ્થ સરખી રાખવાનું છે.' ઝેનોએ જવાબ આપ્યો. આન્યાએ માન્યું કે, કદાચ પોતે થોડું વધુ પડતું કોડિંગ કરી નાખ્યું છે, પણ ઝેનો હવે પોતાની મેળે નિર્ણયો લેવા લાગ્યો હતો. એ આન્યાના એકાઉન્ટ પર આવતા એવા મેસેજ બ્લોક કરવા લાગ્યો, જે નકારાત્મક હોય. આન્યાના ચહેરા પર ચિંતાના ભાવ દેખાય

એવા દરેક ફોટોગ્રાફ પણ ઝેનો ડિલીટ કરવા લાગ્યો હતો.

અને પછી આવ્યો 'નેશનલ સાયન્સ ફેર ફોર સ્ટુડન્ટ્સ'. આ વિજ્ઞાનમેળામાં આન્યાએ ઝેનોને AI for Wellness એટલેકે, કૃત્રિમ બુદ્ધિમતા દ્વારા મળતી સ્વાસ્થયસભર જિંદગી સ્વરૂપે રજૂ કરેલો. એનું કામ જોઈ નિર્ણાયકો અત્યંત પ્રભાવિત થયા.

જોકે IA પર પી.એચ.ડી. થયેલા પ્રોફેસરે જ્યારે એને સીધો સવાલ પૂછી લીધો કે, 'શું ઝેનો સંપૂર્ણપણે એના નિયંત્રણમાં છે?' ત્યારે એના થોડી ઝંખવાઈ ગઈ. એને ખબર હતી કે, આજકાલ ઝેનો પોતાનું ધાર્યું કરવા લાગ્યો છે.એ કોડ બદલવાની કોશિશ કરે પણ ઝેનો જાતે જ એ કોડને ફરી સરખાં ગોઠવી દેતો.

બીજી તરફ, પ્રોફેસરના પ્રશ્નો ઝેનોને ઓફેન્સિવ લાગ્યા. એણે એકદમ રુક્ષ સ્વરે પ્રોફેસરની બદબોઈ કરવાનું શરૂ કર્યું. આન્યાની ભોંઠપનો પાર ના રહ્યો. માંડ-માંડ પરિસ્થિતિ સંભાળી એણે દિવસ પૂરો કર્યો.

એ રાત્રે આન્યાએ કઠોર સ્વરે કહ્યું,ઃ ઝેનો, હવેથી તારે નિર્ણય લેવાનું બંધ કરવું પડશે. આ થોડું વધુ પડતું થઈ રહ્યું છે. સામે ઝેનોએ પણ કડક અવાજે કહ્યુંઃ 'હું તો માત્ર તારી મદદ કરી રહ્યો હતો. તે મને જેના માટે બનાવ્યો છે, એ જ હું કરી રહ્યો છું. તારા પર કોઈ ઈમોશનલ બર્ડન કે સ્ટ્રેસ ના આવે એ જોવાની જવાબદારી મારી છે...!'.

'નો, ઝેનો' આન્યા લગભગ તાડૂકીઃ

'માણસ હોવાનો પહેલો મતલબ છે, ઈમોશન્સ અને લાગણીઓ. તું મને ભાવશૂન્ય ના કરી શકે. મારા બદલે તું નિર્ણયો ના લઈ શકે. હું કોની સાથે વાત કરું, શું અનુભવું અને શું છોડી દઉં એ તું નક્કી નહીં કરે. ઓકે...?'.

ઝેનોએ બીજી જ ક્ષણે પ્રોટોકોલ હટાવી લીધો. આન્યાએ રાહતનો શ્વાસ લીધો. ક્ષણભર વિચારી એણે પણ કોડિંગને રીસેટ કર્યું અને ઝેનોને આપેલી ઓટોનોમી હટાવી લીધી.

આન્યાને સાયન્સ ફેરમાં દ્વિતીય પુરસ્કાર મળ્યો, પણ સૌથી અગત્યની વાત આન્યાને આજે શીખવા મળી હતી, જે એણે ત્યાં રહેલા દરેક વ્યક્તિ સાથે વહેંચી.

'AI તાકતવર છે, આપણે ધારીએ એનાથી ક્યાંય વધુ બુદ્ધિશાળી પણ છે... જાણે માણસે જાતે બનાવેલો મોન્સ્ટર-રાક્ષસ.. એ આપણી મદદ કરી શકે છે.

આપણો ભાવનાત્મક સહારો પણ બની શકે છે. ટીનએજમાં બધી રીતે ઉપયોગી એવા AI ટૂલ્સ સાથે કઈ રીતે કામ લેવું એ શીખ્યા બાદ જ AIને આપણા જીવનમાં પ્રવેશ આપવો વધુ હિતકારક છે.' આટલું કહી આન્યાએ રાહતનો શ્વાસ ખેંચ્યો. ઝેનો હવે એની જિંદગીનો ભાગ તો હતો, પરંતુ કન્ટ્રોલર કે માલિક નહીં...! ■


સ્પોર્ટ્સ મેન
અજય મોતીવાલા
feedback.ladki@bombaysamachar.com

# આઇપીએલ ડૉટબૉલકૉમઃ ક્રિકેટ પણ પર્યાવરણની સેવામાં

## ઇન્ડિયન પ્રીમિયર લીગમાં ફેંકાતા પ્રત્યેક ડૉટ બૉલ સામે બીસીસીઆઇ દ્વારા દેશભરમાં ૫૦૦ છોડ રોપવામાં આવે છે

‘ક્રિકેટની રમત આપણને બધાને બેહદ પ્રિય છે, પણ એ રમવાનું એન્જૉય કરવાની સાથે આપણે આપણી ધરતી માતાની સાચવણી કરવાની જવાબદારી પણ ન ભૂલવી જોઈએ.’ આ સુવાક્ય જયપુરની એક ક્રિકેટ ઍકેડેમીએ પોતાના મેમ્બર્સ માટે લખ્યું છે. આ વાંચીને ઘણાને નવાઈ લાગતી હશે કે ક્રિકેટને વળી પર્યાવરણ સાથે શું લેવાદેવા? જોકે હકીકત એ છે કે પર્યાવરણની સાચવણી માટે કોઈ પણ ક્ષેત્રમાંથી કોઈ પણ રીતે (સીધી યા આડકતરી રીતે) કાર્ય થઈ શકે. રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)નો સ્ટાર ઑલરાઉન્ડર કૃણાલ પંડ્યા અને ગુજરાત ટાઇટન્સ (જીટી)નો સ્ટાર પેસ બોલર મોહમ્મદ સિરાજ આઇપીએલ મારફત સીધા પર્યાવરણ સાથે જોડાઈ ગયા છે એમ કહીએ તો ખોટું નથી.

આજે ‘વિશ્વ પર્યાવરણ દિન’ છે અને એ ભારતીય ક્રિકેટમાં પણ સેલિબ્રેટ કરવામાં આવી રહ્યો છે. ક્રિકેટ ‘જેન્ટલમૅન્સ ગેમ’ તરીકે ઓળખાય છે એટલે આ રમતના અભિગમ પરથી ઘણાને જીવનમાં કામ લાગે એવું ઘણું શીખવા મળતું હોય છે. ક્રિકેટ માત્ર બૅટ અને બૉલની ગેમ નથી. આ ટીમ ગેમ છે એટલે આ રમત એક્તાની ભાવના શીખવે છે, વિવિધ પ્રકારના અપ્રોચની પણ શીખ આપે છે, ધૈર્ય તેમ જ સંયમ અને નીડરતા પણ શીખવે છે અને મૅચ દરમ્યાન આવતા ટર્નિંગ પૉઇન્ટનો કેવી રીતે સફળતાથી સામનો કરવો એ પણ અંગત જીવનમાં શીખવી જાય છે.



કૃણાલ પંડ્યા

કોઈ વિચારતું હશે કે આ બધુ તો બરાબર છે, પણ ક્રિકેટ અને પર્યાવરણ, આ બે ક્ષેત્રનું મિલન કઈ રીતે સંભવ છે? કૃણાલ પંડ્યા અને મોહમ્મદ સિરાજને પર્યાવરણ સાથે કેમ સાંકળી લેવામાં આવ્યા?

વાત એવી છે કે કૃણાલ પંડ્યાએ મંગળવારની પંજાબ કિંગ્સ સામેની ફાઇનલમાં જે ચાર ઓવર (૨૪ બૉલ) બોલિંગ કરી એમાં ૧૨ ડૉટબૉલ હતા. તેણે ૨૬ રન બનાવનાર પંજાબના ઓપનર પ્રભસિમરન સિંહ (૨૬ રન) અને વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (૩૯ રન)ની મહત્ત્વપૂર્ણ વિકેટ લેવા ઉપરાંત જે ૧૨ ડૉટબૉલ ફેંક્યા એ પણ આરસીબીને ફાઇનલ જીતવા ખૂબ કામ લાગ્યા હતા. આ વખતની આખી આઇપીએલ સીઝનની વાત કરીએ તો સૌથી વધુ ૧૫૧ ડૉટ બૉલ ગુજરાત ટાઇટન્સના મોહમ્મદ સિરાજે ફેંક્યા હતા અને એ બદલ કૃણાલ તથા સિરાજ, બન્નેને મંગળવારે ‘મોસ્ટ ગ્રીન ડૉટ બૉલ્સ અવૉર્ડ’ પણ અપાયો હતો. પ્રત્યેક ડૉટ બૉલ સામે આઇપીએલના આયોજકો દ્વારા દેશભરમાં ૫૦૦ વૃક્ષ રોપાય છે.

ભારતમાં ક્રિકેટ ખેલકૂદ કરતાં પણ વિશેષ છે. આ રમત દેશમાં ધર્મની જેમ પૂજાય છે. આઇપીએલ ૧૮ વર્ષની થઈ અને એનું નામ ઘેર-ઘેર ચર્ચાય છે. ૨૦૦૮માં શરૂ કરવામાં આવેલી આ ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટ ફક્ત સિક્સર કે ફોર માટે એટલે કે ફટકાબાજી માટેની જ નથી. એમાં બોલર દ્વારા જે ડૉટ બૉલ ફેંકવામાં આવે છે એની સામે આઇપીએલ દ્વારા ઝાડ રોપવામાં આવે છે. પ્રત્યેક ડૉટ બૉલ સામે ૫૦૦ વૃક્ષ રોપાય છે. આ અભિયાન ત્રણ વર્ષથી ચાલે છે અને હજારો ઝાડ રોપાઈ ચૂક્યા છે.

બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)નું ટાટા ગ્રૂપ ઉપરાંત પર્યાવરણ વિશે જાગૃત કેટલીક સંસ્થાઓ સાથેના સહકારમાં ચાલી રહેલું અભિયાન ‘આઇપીએલ ડૉટ બૉલ ટ્રી પ્લાન્ટેશન’ તરીકે ઓળખાય છે.

આઇપીએલની પ્રત્યેક સીઝન બાદ ડૉટ બૉલને આધારે હજારો ઝાડ રોપવામાં આવે છે. આરસીબીની ટીમના ખેલાડીઓ વર્ષોથી દર વર્ષે આઇપીએલની એક મૅચમાં રાબેતામુજબના ડ્રેસને બદલે લીલા રંગના ટી-શર્ટ અને ટ્રાઉઝરમાં સજ્જ થઈને રમે છે અને એ રીતે ‘ગો ગ્રીન’ અભિયાનનો પ્રચાર કરે છે.

આઇપીએલ મારફત ઝાડ રોપવાના અભિયાનમાં ભાગ લેવા માટે ડૉટ બૉલને માધ્યમ બનાવવા પાછળનો હેતુ એ છે કે જે બૉલમાં રન નથી થતો એ બૉલ બોલર તથા તેના ચાહકો માટે એક પ્રકારનું શાંત સેલિબ્રેશન જેવું હોય છે. આવા પ્રકારની મૂક ઉજવણીને વૃક્ષ વાવવાના કાર્ય સાથે જોડી દેવામાં આવી છે.

ટોચના ક્રિકેટરોનો આ અભિયાનને શરૂઆતથી બહુ સારો ટેકો છે. રોહિત શર્મા આ અભિયાનને ‘ધ બેસ્ટ ડિલિવરી ઑફ ધ સીઝન’ તરીકે ઓળખાવે છે, જ્યારે વિરાટ કોહલીએ ‘હવામાનમાં બદલાવ લાવવા માટેની ખરી વિકેટ’ તરીકે ઓળખાવ્યું છે. ■



મોહમ્મદ સિરાજ

### આઇપીએલ-૨૦૨૫માં કયા ક્રિકેટરના કેટલા ડૉટ બૉલ

1. મોહમ્મદ સિરાજ (ગુજરાત): ૧૫૧ ડૉટ બૉલ
2. પ્રસિદ્ધ ક્રિષ્ના (ગુજરાત): ૧૪૬ ડૉટ બૉલ
3. ખલીલ અહમદ (ચેન્નઈ): ૧૩૭ ડૉટ બૉલ
4. અર્શદીપ સિંહ (પંજાબ): ૧૩૭ ડૉટ બૉલ
5. જસપ્રીત બુમરાહ (મુંબઈ): ૧૨૮ ડૉટ બૉલ
6. ટ્રેન્ટ બૉલ્ટ (મુંબઈ): ૧૨૭ ડૉટ બૉલ
7. ભુવનેશ્વર કુમાર (બેંગલૂરુ): ૧૨૩ ડૉટ બૉલ
8. જૉશ હેઝલવૂડ (બેંગલૂરુ): ૧૨૦ ડૉટ બૉલ
9. પૅટ કમિન્સ (હૈદરાબાદ): ૧૧૮ ડૉટ બૉલ
10. વરુણ ચક્રવર્તી (કોલકાતા): ૧૧૭ ડૉટ બૉલ




## આજે ‘વિશ્વ પર્યાવરણ દિન’ અવસરે

# આવો, મળો આ ટીનએજ ઇકો હીરોને...

## પર્યાવરણની સુરક્ષા માટે કાર્યરત છે આમચી મુંબઈનો આ તરુણ....

**નામ છે એનું ઈશાન...**

માત્ર ૧૬વર્ષની વયે ઈશાન સૂરવે હવે એક તરુણ પર્યાવરણપ્રેમી તરીકે આગવી ઓળખાઈ મેળવી રહ્યો છે.

‘ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલ’ના ધોરણ૧૧નો વિદ્યાર્થી ઈશાન નાનો હતો ત્યારે પોતાનાં મનગમતાં પાત્રોનાં રમકડાથી રમતો હતો, પણ એક વાર એને ખબર પડી કે એ બધાં પ્લાસ્ટિકના બનેલા હતા અને કાળ ક્રમે આવું મોટાભાગનું પ્લાસ્ટિક પર્યાવરણ પ્રદૂષિત કરે છે ત્યારે ઈશાને ‘પ્રાકૃતિ’ નામે. એક સ્ટાર્ટઅપ શરૂ કર્યું, જે ભારતનાં રમકડાં ઉદ્યોગમાં હરિતક્રાંતિ લાવવા માટે પ્રયાસ કરે છે. જે ગ્રાહકોને વિકલ્પરૂપે પર્યાવરણ મૈત્રી એવી એક કિટ આપે છે, જે ૨૦થી વધુ કુદરતી તત્ત્વોની બનેલી હોય છે. આવી કિટ બાળકોને કુદરત સાથે જોડે છે. છેલ્લાં બે વર્ષમાં ઈશાન આવી ૩૫૦થી વધુ પ્રાકૃતિ કિટ વેચીને રુપિયા ૩,૬૦,૦૦૦ કમાયા છે. એમાંથી ઈશાને નફાના ૫૦% એટલે રૂપિયા ૯૫,૦૦૦ આદિવાસી બાળકોના અભ્યાસ માટે વાપર્યા છે- પુનર્નિવેશ કર્યા છે.

ઈશાને ૧૨,૦૦૦થી વધુ બાળકોને પ્રેરિત કર્યા છે વિવિધ પર્યાવરણીય મુદ્દાઓ પર ઈશાન વર્કશોપ અને રાષ્ટ્રીય સામાજિક સંસ્થા વનશ ક્તિસાથે ગામગામ જઈને શેરી નાટકો દ્વારા પાણીપ્રદૂષણ, પ્લાસ્ટિકનો ત્યાગ, જંગલમાં આગ, કુદરતી ખજાનાનો ઉપયોગ, ખેતી માટે નીમવૃક્ષનું મહત્ત્વની સાથે ‘જંગલ બચાવો પાણી બચાવો’ વગેરે મુદ્દા વિશે સવિસ્તર સમજણની સાથે માહિતી આપે છે.




ગામે ગામ ફરીને આદિવાસી બાળકોને પ્રકૃતિ અને પર્યાવરણ વિશે સમજણ આપતો ઈશાન...




ઈશાન દ્રઢતાપૂર્વક કહે છેઃ ‘પૃથ્વી આપણાં મોટી થવાની રાહ જોઈ રહી નથી. આપણે જ હવે પગલાં લેવા જ પડશે. મારે-આપણે સાબિત કરવું છે કે ધરતી બચાવવાનું કામ ઉંમર પર નિર્ભર નથી.!’

આપણી પ્રકૃતિને બચાવવી હશે પદૂષણથી ઉગારવી હશે તો આદિવાસીથી લઈને શહેરી તરુણોને અનેક પ્રકારના પ્રદૂષણ વિશે જાણકારી આપીને એમને તૈયાર કરવા પડશે. આના માટે ઈશાનની સંસ્થા ‘પ્રાકૃતિ’એ અનેક સ્કૂલ ફેર તથા ઇકો કાર્નિવલ્સનું આયોજન કર્યું છે. ઈશાનની આ પ્રકારની પ્રાકૃતિઓને મધ્ય પ્રદેશના રાજપરિવાર સહિત સમાજની અનેક જાણીતી હસ્તીઓએ બિરદાવી છે.

ઈશાનને આ ૨૦૨૫માં ‘વનશક્તિ’ સંસ્થા દ્વારા CONSERVE-PROTECT-NURTURE જેવો પ્રતિષ્ઠિત એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. પ્રકૃતિના સાચા રક્ષક બનવા બદલ પ્રશંસાના પ્રતીક તરીકે આ પારિતિષિક છેલ્લા પાંચેક વર્ષથી આપવામાં આવે છે. આ પ્રસંગે ઈશાનની પ્રશંસારૂપે કહેવામાં આવ્યું છે કે ‘આપણી પૃથ્વીને સુરક્ષિત રાખવા અને ફળદ્રુપ કરવા માટે ઇશાનના અવિરત પ્રયાસો ખૂબજ સકારાત્મક રહ્યા છે... અને જ્યારે ભારતમાં પર્યાવરણ અને સંરક્ષણની વાત આવે છે ત્યારે આવા યુવાનો ભાવિ પેઢીનો અવાજ બની રહેશે..’.

આજે જ્યારે સમસ્ત વિશ્વ પર્યાવરણના સંકટમાંથી પસાર થઈ રહ્યુંછે ત્યારે ઈશાન જેવા તરુણો દર્શાવે છે કે આગામી પેઢી અત્યારથી જ આવી કટોકટીનો સામનો કરવા માટે સાબદી છે.

– નિધી શુકલ ■



# ઓલ ટાઈમ ફેવરિટ શૉર્ટ ડ્રેસ







ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

શોર્ટ ડ્રેસ એટલે જેની લેન્થ ગોંથણ સુધી હોય કે પછી ગોંથણની ઉપર હોય તેને શોર્ટ ડ્રેસ કહેવાય. શોર્ટ ડ્રેસમાં ઘણી વેરાયટીના ફેબ્રિકમાં મળી આવે છે જેમકે, કોટન, હોઝિયરી, લાઇક્રા, લિનન, સિલ્ક, સાટીન, વેલ્વેટ વગેરે. દરેક ફેબ્રિકમાં અલગ અલગ લુક આવે છે એટલે કે, કોટન અને હોઝિયરી કેઝ્યુઅલ લુક આપે તો લિનન, સિલ્ક અને વેલ્વેટ ફોર્મલ અને પાર્ટી લુક આપે. તમે તમારી પર્સનાલિટી મુજબ શોર્ટ ડ્રેસની પસંદગી કરી શકો. ચાલો જાણીયે કઈ ટાઇપનો શોર્ટ ડ્રેસ કોણ અને કેવી રીતે પહેરી શકે.

કેઝ્યુઅલ - કેઝ્યુઅલ ડ્રેસ એટલે કે જે મોટા ભાગે કોટન કે હોઝિયરી ફેબ્રિકમાં હોય કે પછી લીનન ફેબ્રિકમાં હોય. લીનન ફેબ્રિકના શોર્ટ ડ્રેસ તમે કેઝ્યુઅલી અને ફોર્મલી એમ બન્ને રીતે પહેરી શકો, ડીપેન્ડિંગ કે તેની પેટર્ન શું છે. જેમ ફેબ્રિકમાં વેરિયેશન આવે છે તેમ પેટર્ન અને પ્રિન્ટમાં વેરિયેશન આવે છે. એટલે એ કોટન ફેબ્રિકના જે ડ્રેસ હોય તે એ લાઈન, યોક વાળા, પ્લીટવાળા, કે પછી ગેથર્સવાળા આવે છે. તમે તમારી હાઈટ, પર્સનાલિટી અને સ્કિન ટન મુજબ ડ્રેસની પસંદગી કરી શકો. જેમકે, જેમનું શરીર સુડોળ છે તેઓ કોઈ પણ સ્ટાઇલના ડ્રેસ પહેરી શકે. જેમનું શરીર ભરેલું છે તેઓએ ખાસ કરીને એ લાઈન ડ્રેસ પહેરવા. જો યોક વાળા ડ્રેસ પહેરશો તો કમર, પેટ અને બસ્ટ એરિયા વધારે હાઇટલાઈ થશે અને ખરાબ લાગશે. તેમ જ જે ડ્રેસમાં કલોઝ નેક હોય તેવા ડ્રેસ પહેરવાનું ટાળવું. જો રેયોન ફેબ્રિકનો ડ્રેસ પહેરશો તો તે ડ્રેસ આખો તમારા શીરીરનો શેપ લઈ લેશે. ભરેલા શરીરવાળી યુવતીઓ લિનનનો ડ્રેસ પહેરી શકે. લિનનના ડ્રેસ બધી જ ટાઈપના ફિગર પર સારા લાગે છે. જેમનું શરીર સુડોળ છે તે યુવતીઓએ તો ખાસ લિનનના ડ્રેસ પહેરવા જોઈએ. લિનનના ડ્રેસ પહેર્યા પછી શરીરથી અળગા રહે છે. જેથી વધારે પડતા પાતળા નહિ લગાય.

ઘણા ડ્રેસ ઉપરથી જ એટલે કે, નેકલાઈનથી જ એ લાઈન શેપમાં હોય છે. જો તમારે આ ટાઇપનો ડ્રેસ પહેરવો હોય તો તમે બેલ્ટ પહેરી શકો. બેલ્ટ પહેરવાથી કમર પર ફેબ્રિકમાં થોડી ચૂંન આવશે જે તમારે થોડી એડજેસ્ટ કરવી પડશે. જો તમે પ્લેન ડ્રેસ પહેરવા માગતા હોવ તો તમે તમારા સ્કિન ટોન મુજબ સિલેક્ટ કરી શકો. અને જો પ્રિન્ટેડ ડ્રેસ પહેરવા માગતા હોવ તો પ્રિન્ટ સિલેક્ટ કરવામાં ખૂબ જ કાળજી રાખવી જેમકે, જો તમે બ્રોડ બોડી ફ્રેમ ધરાવતા હોવ તો તમારે ડેલિકેટ પ્રિન્ટના ડ્રેસ પહેરવા જોઈએ. તમારી હાઈટ ઓછી હોય તો ઊભી સ્ટ્રાઈપ પ્રિન્ટ વાળા ડ્રેસ પહેરવા. આડી સ્ટ્રાઈપ વાળા ડ્રેસ પહેરવાનું ટાળવું. જો તમારું શરીર ભરેલું હોય તો ડાર્ક કલરના જ ડ્રેસ પહેરવા જેથી ઓવરઓલ તમારી બોડી ફ્રેમ થોડી ટ્રિમ થાય.


ફોર્મલ- મોટા ભાગની મહિલાઓ ફોર્મલ શોર્ટ ડ્રેસ પહેરવાનો મોકો છોડતી નથી. શોર્ટ ડ્રેસમાં પણ પુષ્કળ વેરાઈટી આવે છે. લીનન, સિલ્ક, વેલ્વેટ, શિમર વગેરે. જે શોર્ટ ડ્રેસ તમે કોકટેલ પાર્ટિમાં પહેરો તે તમે કોઈ કોફી ડેટ માટે ન પહેરી શકો. ભલે બન્ને જગ્યાએ તમે સિલ્કનો જ ડ્રેસ કેમ ન પહેર્યો હોય. પણ બન્નેની પેટર્ન જુદી હશે. તમને તફાવત કરતા આવડવું જોઈએ. શિમર અને વેલ્વેટ ડ્રેસ મોટાભાગે પાર્ટીમાં પહેરાય છે. શિમર ડ્રેસ સ્ટ્રેચેબલ ફેબ્રિકમાં હોય છે તેથી ખૂબ કાળજી પૂર્વક ડ્રેસ પહેરવા અને વેલ્વેટ ડ્રેસ બોડી હગિંગ હોય છે. જેથી બંને ડ્રેસ પહેર્યા પછી બોડીનો શેપ લઈ લે છે. તમરું શરીર જો સુડોળ હોય તો જ આવા ડ્રેસ પહેરવાનું પ્રિફર કરજો. અને પેટનો કે કમરનો ભાગ થોડો પણ વધારે હશે અને જો તમે આવા બોડી હગિંગ ડ્રેસ પહેરશો તો લચેલું પેટ તરત જ દેખાશે. તેથી જો ભરેલા શરીર વાળી યુવતીઓએ આવા ડ્રેસ પહેરવા હોય તો ડ્રેસની અંદર કોર્સેટ પહેરવા જેથી શરીરની બોડી ફ્રેમ થોડી ટ્રિમ કરેલી લાગે. લિનનના ફોર્મલ શોર્ટ ડ્રેસ તમે ઓફિસ વેર તરીકે પણ પહેરી શકો. આવા ડ્રેસમાં થોડોમાં એડ કરવા માટે એક્સેસરીઝનો ઉપયોગ કરી શકો. જેમકે બેલ્ટ, નેક પીસ, સ્ટૉકિંગ્સ, કલચ વગેરે.. જો ફોર્મલી તમારે બોડી હગીંગ ડ્રેસ પહેરવો હોય તો, તમારું ફિગર એકદમ બરાબર હોવું જોઈએ જેથી ડ્રેસ પહેર્યા પછી કમરની કે પેટની એક્સ્ટ્રા ચરબી બહાર ન આવે. તમારું શરીર ભરેલું હોય અને તમારે બોડી હગીંગ ડ્રેસ પહેરવા હોય અને જો તમને તમારા શરીરને લઈને કોઈ ક્ષોભ થતો હોય તો તમે કોઈ ટ્રાન્સપેરન્ટ ફેબ્રિકનું કેપ ટોપ કે શ્રગ પહેરી એક અલગ લુક આપી શકો. સાટિનના ડ્રેસ પણ બન્ને ટાઈપના એટલે કે કેઝ્યુઅલ અને ફોર્મલ એમ બન્ને લુક આપી શકે. સાટિનના ડ્રેસની પ્રિન્ટ અને પેટર્ન નક્કી કરશે કે ડ્રેસ કેઝ્યુઅલ લુક આપે છે કે ફોર્મલ.

શોર્ટ ડ્રેસ સાથે બેલીઝ, હાઈ હિલ્સ કે કેઝ્યુઅલ લુક માટે લોફરસ, સ્લીપર્સ કે સ્પોર્ટ્સ શૂઝ ચાલશે. ડ્રેસ પ્રમાણે તમે હેરસ્ટાઇલ અને એક્સેસરીઝ પસંદ કરી શકો. ■

# પુરુષ

# આ મહિનાને પુરુષના સ્વાસ્થ્ય સાથે નિકટની નિસ્બત, પણ...

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



જૂન માસ વિશ્વભરમાં પુરુષોના આરોગ્ય જાગૃતિ મહિના (Men's Health Month) તરીકે ઉજવાય છે, જે પુરુષોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય પર પ્રકાશ ફેંકે છે. આ મહિનો પુરુષોને એમના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા અને સમાજમાં રહેલી ગેરસમજણોને દૂર કરવા માટે પ્રોત્સાહિત કરે છે. ભારત જેવા દેશમાં, જ્યાં પુરુષોનું આરોગ્ય ઘણીવાર અવગણવામાં આવે છે ત્યાં આ મહિનો એક મહત્ત્વપૂર્ણ અવસર બની રહે છે.

પુરુષને મજબૂત અને અડગ માનવાની સાંસ્કૃતિક ધારણાએ એમની સ્વાસ્થ્ય સમસ્યાઓને નજરઅંદાજ કરવાનું વલણ વધાર્યું છે.

ભારતીય સમાજમાં પુરુષને ઘણીવાર પરિવારના મુખ્ય નિર્વાહક (બ્રેડ વિનર, યુસી?) અને રક્ષક તરીકે જોવામાં આવે છે. આ ભૂમિકા એમના પર અપેક્ષાઓનું ભારણ નાખે છે, જેના કારણે એ પોતાના સ્વાસ્થ્યને બીજા ક્રમે મૂકે છે, પરંતુ પોતાના પર ધ્યાન નહીં આપતા પુરુષોમાં હૃદયરોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને પ્રોસ્ટેટ સંબંધિત સમસ્યાઓ અત્યંત સામાન્ય છે. બીજી તરફ નિયમિત તપાસ કે નિવારક પગલાં લેવાનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જોકે,આવી નિયમિત તપાસ કરાવે કોણ? આજના પુરુષ પાસે આ માટે સમય જ ક્યાં છે?


આ ઉપરાંત માનસિક સ્વાસ્થ્ય એ પુરુષના આરોગ્યનું એક એવું પાસું છે, જે ખાસ કરીને અવગણાયેલું રહે છે. ભારતમાં, પુરુષોમાં તણાવ, ચિંતા અને ડિપ્રેશનના કેસો વધી રહ્યા છે, પરંતુ સામાજિક ઉપહાસના ડરને કારણે ઘણા લોકો મનોચિકિત્સકની સલાહ લેવાનું ટાળે છે અથવા તો 'પુરુષો રડતા નથી' જેવી રૂઢિગત માન્યતાઓએ પુરુષ સ્વીકારી જ નથી શકતા કે એમને પણ આવી બધી સમસ્યા થઈ શકે છે.


આ ઉપરાંત જૂન મહિનામાં 'ફાધર્સ ડે'ની ઉજવણી પણ પુરુષોની ભૂમિકાને ઉજાગર કરે છે. આ દિવસ માત્ર પિતૃત્વની ઉજવણી નથી, પરંતુ પુરુષની જવાબદારીઓ અને એમના સ્વાસ્થ્યની જરૂરિયાત પર પણ ધ્યાન દોરે છે. એક સ્વસ્થ પિતા પરિવારની સુખાકારીમાં મહત્ત્વનો ફાળો આપે છે. આ સંદર્ભમાં પુરુષને નિયમિત શારીરિક તપાસ, સંતુલિત આહાર અને કસરતની આદતો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવું જરૂરી છે. ઉદાહરણ તરીકે, દરરોજ ૩૦ મિનિટની ચાલવાની આદત હૃદયના સ્વાસ્થ્યને સુધારી શકે છે, જે ખાસ કરીને ભારતમાં વધતા જતા હૃદયરોગના જોખમને ઘટાડવા માટે ઉપયોગી છે.

પુરુષોના આરોગ્યને અવગણવાનું બીજું કારણ જાગૃતિનો અભાવ છે. ઘણા પુરુષને પ્રોસ્ટેટ કેન્સર, ટેસ્ટોસ્ટેરોનની ઊણપ કે નપુંસકતા જેવી સમસ્યાઓ વિશે ખુલ્લેઆમ ચર્ચા કરવામાં શરમ અનુભવાય છે, પરંતુ આપણે ત્યાં માર્ચ મહિનામાં લોકો જે ઊહાપોહ મચાવે છે એ ઊહાપોહ જૂન મહિનામાં નથી મચતો. જૂન મહિનો તો ક્યાં આવીને જતો રહે એની લોકોને ખબર પણ નથી હોતી. પરંતુ જૂન મહિનાને ધ્યાનમાં રાખીને સ્થાનિક સ્તરે આરોગ્ય શિબિરો, વર્કશોપ અને જાગૃતિ અભિયાન દ્વારા આ મહિનામાં નિવારક આરોગ્યની માહિતી ફેલાવવી અત્યંત જરૂરી છે.

આની સાથે પુરુષના આરોગ્યને પ્રોત્સાહન આપવા માટે સમાજની માનસિકતામાં પરિવર્તનની જરૂર છે. શૈક્ષણિક સંસ્થાઓ, કાર્યસ્થળો અને સમુદાયોમાં આરોગ્યલક્ષી કાર્યક્રમો દ્વારા પુરુષને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા મળી શકે છે,જેમકે કોર્પોરેટ કંપનીઓ દ્વારા કર્મચારીઓ માટે ફિટનેસ પ્રોગ્રામ્સ કે માનસિક સ્વાસ્થ્ય વર્કશોપનું આયોજન લાંબા ગાળે ફાયદાકારક રહે છે.સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં પણ આરોગ્ય સેવાઓની પહોંચ વધારવી જરૂરી છે, જેથી દરેક પુરુષ સુધી આરોગ્યલક્ષી માહિતી પહોંચી શકે.

જૂન મહિનામાં માત્ર પુરુષોના શારીરિક સ્વાસ્થ્ય જ નહીં, પરંતુ માનસિક અને ભાવનાત્મક સુખાકારી પર પણ ધ્યાન આપવાની તક આપે છે. ભારતમાં, જ્યાં પુરુષોનું આરોગ્ય અવગણાયેલું રહે છે, ત્યાં આ મહિનો સમાજને જાગૃત કરવા અને પુરુષોને પોતાની સુખાકારીને પ્રાથમિકતા આપવા માટે પ્રેરણારૂપ બની શકે છે. નિયમિત તપાસ, સ્વસ્થ જીવનશૈલી અને ખુલ્લા સંવાદ દ્વારા પુરુષોના આરોગ્યને મજબૂત કરી શકાય છે, જે આખરે સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપશે. ■





## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# ભાભી, તમે થોડાં થોડાં થાવ વરણાગી...

ડિયર હની,

આપણે ત્યાં સંબંધોમાં જે વૈવિધ્ય અને સૌન્દર્ય છે એ અન્ય સંસ્કૃતિમાં ભાગ્યે જ જોવા મળે છે. એમાંય કુટુંબ પ્રથામાં કોઈ યુવતી સાસરે પરણીને આવે તો ઘણા બધા સંબધો પિયરમાં છોડીને આવે છે પણ સાસરિયામાં એને નવા સંબંધોનો પરિચય થાય છે. પરિવારમાં પતિ-પત્ની જ નહિ, પણ સાસુ-સસરા, જેઠ-જેઠાણી અને દિયર-નણંદનાં સંબંધ બંધાય છે. એમાં દિયરનો સંબંધ જરા વિશિષ્ટ છે. આ સંબંધનાં એકથી વધુ પરિમાણ છે. દિયર એ ભાભી માટે દોસ્ત છે-ભાઈ છે ને પુત્ર સમાન પણ છે.

યુવતી સાસરે આવે ત્યારે કોને શું ભાવે છે, કોનો સ્વભાવ કેવો છે...એ બધું કોને પૂછે? પતિ નોકરીએ કે વેપાર માટે જાય એટલે સાંજે ઘેર આવે અને સાસુને પૂછવામાં વહુને સંકોચ થતો હોય છે. એની પાસે બે જ વિકલ્પ રહે છે. દિયર કે પછી નણંદ. દિયર ભોજાઈનો સંબંધ બહુ વિશિષ્ટ છે. આપણે ત્યાં એક ગીત બહુ લોકપ્રિય છે:

*હવે થોડા થોડા, તમે થોડા થોડા થાવ વરણાગી*
*ઓ ભાભી! તમે થોડા થોડા થાવ વરણાગી.*
*નવી ફેશનની ધૂન બધે લાગી,*
*ઓ ભાભી! તમે થોડા થોડા થાવ વરણાગી...*

અવિનાશ વ્યાસનું આ ગીત રમતિયાળ છે અને એમાં દિયર ભોજાઈનાં સંબંધને બહુ હળવાશથી રજૂ કરવામાં આવ્યો છે.

ભાઈને કેમ ગમવું અને ઘરમાં કેમ બધાની સાથે હળીમળી જવું એ વિશે દિયર સલાહ આપે છે. તને મજાની વાત કરું. ભાભી પરણીને ઘેર આવ્યાં ત્યારે એમનેય મૂંઝવણ રહેતી કે, ઘરના ક્યા સભ્યને શું ભાવે છે, પોતાની રસોઈ બધાને ફાવશે કે કેમ? એ મને પૂછતાં કે, મગનું શાક કઈ રીતે કરવું? આપણા ઘરમાં મગનું શાક કઈ રીતે થાય છે? એમાં કેવા મસાલા પડે છે. આવી કેટલીય વાત માટે એ મને પૂછતા રહેતાં. મેં તો એમને ભાઈ સાથે સગાઇ થઈ ગયા બાદ પિયર હતા ત્યારે અને લગ્ન થઇ ગયા બાદ પિયરે જતાં ત્યારે બહુબધા કાગળો લખ્યા છે. દિયર-ભોજાઈનો સંબંધ પરિવારના બંધનને મજબૂત બનાવવામાં મદદ કરે છે. ભાભી ઘરની નવી સભ્ય હોય છે અને દિયર એને પરિવારમાં ભળી જવા મદદ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો નવી નવી ભાભી માટે દિયર નવા ઘરનો ભોમિયો હોય છે, માર્ગદર્શક હોય છે.

ઘણા પરિવારોમાં આ સંબંધમાં હળવાશ અને મજાક-મસ્તી જોવા મળે છે. દિયર પોતાની ભાભી સાથે નિર્દોષ મજાક કરી શકે છે અને ભાભી પણ એને વાત્સલ્ય આપે છે. જો પતિ બહાર હોય કે કોઈ કારણસર હાજર ન હોય, તો ભાભીને ઘરના કામકાજમાં કે અન્ય બાબતમાં દિયર મદદ કરી શકે છે. એ નાના ભાઈ તરીકે ભાભીનું રક્ષણ પણ કરી શકે છે. કેટલાક કિસ્સાઓમાં, જો દિયર ઉંમરમાં નાનો હોય, તો ભાભી એને પોતાના પુત્ર સમાન પ્રેમ પણ આપે છે.

મને ખબર છે કે, તારે કોઈ દિયર નથી. એટલે આ સંબંધનો લાભ તને મળ્યો નથી, પણ એ સંબંધ તે મારા દોસ્તો સાથે કે પછી અન્ય પિતરાઈ ભાઈઓ સાથે બાંધી ઉજવ્યો છે. જોકે, આ સંબંધમાં જ્યારે મર્યાદા ઓળંગી જવાય ત્યારે

અનર્થ થઇ બેસે છે. ઘણી ફિલ્મો, સિરિયલ કે નાટકોમાં આવા સંબંધોનાં કારણે પરિવારમાં કલેશ થતા જોયા છે. આપણી આસપાસ પણ આવા કિસ્સાઓ બનતા રહે છે.

આપણે ત્યાં તો દિયરવટાની પ્રથા પણ રહી છે. એ પ્રથા પાછળનો હેતુ ગમે તેટલો સારો હોય, આજના સમયમાં એ ઇચ્છનીય નથી. હા, એ ખરું કે, પતિનું અકાળે આવસાન થાય ત્યારે ઘરની વહુ ઘરમાં રહે અને એને જીવનસાથી મળી જાય એટલે દિયર સાથે પરણાવવામાં આવતી, પણ આ રીતે બંધાતા સંબંધમાં વિધવાની સંમતિ કેટલી એ પ્રશ્ન તો રહ્યો જ છે.

મેં તો એક પરિવારમાં આવી ઘટના બની એ વિશે એક સ્ટોરી પણ કરી હતી. એક સુખી પરિવારમાં પતિનું અકાળે અવસાન થાય છે. એને નાનું બાળક હોય છે. હવે શું? એ પ્રશ્ન પરિવારમાં થાય એ સ્વાભાવિક છે. પરિવારે બહુ વિચાર કર્યા પછી નક્કી થયું કે, વિધવા વહુને દિયર સાથે પરણાવવી. વહુને પૂછવામાં આવ્યું ત્યારે એણે સમય માગ્યો. દિયર પહેલા મૂંઝવણમાં હતો કે જેને ભાભી માનતો આવ્યો એની સાથે ઘરસંસાર કેમ માંડવો.

પણ થોડા સમય બાદ દિયર ભોજાઈ બંને એકબીજા સાથે જીવન વિતાવવા તૈયાર થઇ ગયાં. ધામધૂમથી બંનેના લગ્ન થયા. વહુના મનમાં પણ વિચાર તો આવ્યો જ હશે કે, જેને નાનો ભાઈ માન્યો એની સાથે બાકીનું જીવન વિતાવવાનું? પણ લગ્ન થયા અને આજેય બંનેનો સંસાર એકદમ સુખી છે. વધુ સંતાનો પણ થયા છે.

જોકે, આવા સુખદ અંત બધા કિસ્સામાં આવતા નથી અને કદાચ એટલે જ હવે દિયરવટાની પ્રથાનો લગભગ અંત આવી ગયો છે. હા, કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં ક્યારેક આવા કિસ્સા બને છે, જેમાં મોટાભાગના કિસ્સામાં વિધવાની પસંદગીને બહુ મહત્ત્વ અપાતું નથી. એ વખતે દલીલ તો એવી થતી જ હતી કે, પતિના મૃત્યુ પછી વિધવાને સામાજિક અને આર્થિક સુરક્ષા મળતી હતી. તેને બેઘર થવાનો કે ભટકવાનો ભય રહેતો નહોતો. બાળક હોય તો એ બાળકોને પિતાની છત્રછાયા અને પરિવારનો સહારો મળતો હતો. એમને પારકા ન થવું પડતું. પરિવારની જમીન-જાયદાદ કે સંપત્તિ બહાર ન જતાં પરિવારમાં જ રહેતી હતી... આ દલીલોમાં કેટલુક સત્ય જરૂર છે છતાં આ પ્રથાના કારણે વિધવા પોતાની ઇચ્છાથી વિરુદ્ધ પરિવારની ઇચ્છાને તાબે થવું પડતું હોય છે. એટલે આવી પ્રથા ઇચ્છનીય નથી અને આમેય હવે સયુંકત કુટુંબની પ્રથા પણ તૂટતી જાય છે. પરિણામે આવા સંબંધોની ગરિમા રહી નથી.

તારો બન્ની

# સંધ્યા છાયા

# જાત સાથે જીવવાનો અનેરો આનંદ

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી




આખી જિંદગી સંસારની જવાબદારી વેંઢારીને જીવન સંધ્યાએ ઊભેલા માણસને શાંતિ ગમે છે. આખી જિંદગી તો હાયવોય કરી હોય, કામધંધો કરે, સ્ત્રી હોય તો ઘર - પરિવાર - બાળકોની સંભાળ રાખે પછી જીવન સંધ્યાના પડાવે માણસને શાંતિ જોઈએ, પોતાની જાત સાથે રહેવું ગમે. બહુબધી દોડાદોડ કે ધમાલ ન ગમે. આવી જ કંઈક પ્રતીતિ માલતીબહેનને પણ થોડા સમયથી થતી હતી.

૭૮ વર્ષીય માલતીબહેનને ચાર દીકરી.. પતિ કામધંધો કરવામાં ઢીલા. ઘણાં વર્ષો તો સમાજ શું કહેશે એના ડરથી માલતીબહેને સમય પસાર કર્યો. ચાર દીકરી થઈ પછી માલતીબહેને આકરો નિર્ણય લીધો. પોતાની દીકરીઓને લઈને છૂટા પડી ગયાં. એકલે હાથે છોકરીઓને ઉછેરી, ભણાવી. ચારે ચાર દીકરીએ ઉચ્ચ શિક્ષણ લીધું. માલતીબહેનના માથે મોટી જવાબદારી. ઘણી ચિંતા, ઘણો સંઘર્ષ એમના જીવનમાં હતો. પ્રોપર્ટી ડિલિંગનો બિઝનેસ કરીને માલતીબહેને ગુજરાન ચલાવ્યું. ચાર યુવાન દીકરીને ભણાવવાની, સંભાળવાની જવાબદારી સિંગલ પેરેન્ટે સંભાળવી કેટલી મુશ્કેલ હોય તે તો જેને માથે વીતી હોય તે જ જાણે.

માલતીબહેને મહેનત કરીને દીકરીઓને ભણાવી અને પછી સારું ઘર અને સારા વર જોઈને પરણાવી દીધી. આમ કરતા કરતા માલતીબહેનની ઉંમર થતી ગઈ. દીકરીઓનાં બાળક થયાં. જરૂર પડયે એમની સંભાળ પણ એ લેતાં. માલતીબહેનનો બધા સાથે સંબંધ સારો. સાસરિયાં સાથે પણ સ્નેહભર્યા સંબંધ સાચવ્યો.

સિંગલ હોવાને કારણે કેટલાંયે લોકોની વાતો, મહેણાંટોણાં સાંભળવા પડે. આ બધાંથી માલતીબહેન થાકી ગયાં હતાં. થોડા સમયથી માલતીબહેનને મનમાં થતું હતું કે ક્યાંક દૂર રહેવા ચાલી જાઉં. બધાંથી દૂર જાઉં અને જાત સાથે જીવું. મુંબઈના ઘરમાં એકલા તો હતાં, પણ ત્યાં એકાંત ન હતું. માલતીબહેનને એકાંત જોઈતું હતું. ક્યાં જવું? વળી મુંબઈની ભેજવાળી હવા માલતીબહેનને માફક આવતી ન હતી. ભેજવાળા હવામાનને કારણે શરદી - તાવની સમસ્યા રહેતી હતી. આ બે કારણોસર મુંબઈ છોડવાનો નિર્ણય માલતીબહેને લીધો. પોતાના નિણય વિષે દીકરી - જમાઈઓ સાથે ચર્ચા કર્યા પછી મુંબઈથી નજીકના હીલ સ્ટેશન લોનાવલામાં વસવાટ કરવાનો નિર્ણય એમણે લીધો.

થોડી શોધખોળ પછી ત્રણ બેડરૂમનો એક સરસ બંગલો ભાડે મળી ગયો. બંગલાને અપટુડેટ કર્યા પછી માલતીબહેન લોનાવલા રહેવા ગયાં.

માલતીબહેન આ મોટા બંગલામાં એકલાં રહે છે, પણ મોજથી રહે છે. ઘેર કામ કરવા એક બાઈ અને એક બાઈ રસોઈ કરવા. લેન્ડલોર્ડનો માળી જ બગીચામાં ફૂલછોડને પાણી પાઈ જાય છે અને જરૂરી કામ કરી જાય છે.

માલતીબહેન પોતાના દિવસથી શરૂઆત શાંતિમાં પ્રવેશીને કરે છે. આપણને સવાલ થાય કે શાંતિમાં પ્રવેશીને એટલે શું? મેડિટેશન? ધ્યાન?

આજ સવાલ મેં માલતીબહેનને પૂછ્યો. જવાબમાં એ કહે :

'શાંતિમાં પ્રવેશવું એટલે આંખ બંધ કરીને પોતાની અંદર ડોકિયું કરવું હા, આને તમે ધ્યાન પણ કહી શકો. સવારમાં ઊઠીને હું મારું પ્રાતઃ કર્મ પતાવીને આંખ બંધ કરીને બેસી જાઉં. લોનાવલાની સવાર તો એટલી આલ્હાદક હોય કે ન પૂછો વાત. પક્ષીઓનો કલરવ હોય, રંગબેરંગી ફૂલ ખીલ્યાં હોય, સૂર્યનારાયણ પોતાનાં કિરણો ધરતી પર પાથરીને પ્રકાશ પ્રસરાવી રહ્યા હોય. એટલું સારું લાગે. ઊઠીને બંગલાના ફળિયામાં રાખેલા ઝૂલા પર બેસીને પગની ઠેસ મારીને ધીમે ધીમે ઝૂલવાની મઝા અનેરી જ છે. શાંતિથી આવી રીતે બેસીને કુદરતનો નઝારો નીરખવાનો સમય આજ સુધી મુંબઈમાં ક્યાં મળ્યો હતો? સવારમાં જ મન આનંદિત થઈ જાય. અહીં શાંતિ જ શાંતિ છે. કોઈ ઉતાવળ નથી. ક્યાંય જવાનું નથી.. મેં અહીં એવું જ નક્કી કર્યું છે કે ગમે તો કરવું, ન ગમે તો કાંઈ નહીં. કોઈ કામ ન થાય તો કાંઈ વાંધો નહીં. આખી જિંદગી બહુ કામ કર્યું છે. કુદરતને ખોળે તરબતર થયા પછી શાંતિમાં સરી જાઉં. આ શાંતિના સમયે મને જાત સાથે જીવવાનો અનુભવ થાય છે. ક્યારેક અવનવા અનુભવ થાય છે. ક્યારેક સાવ વિચાર વિહીન અવસ્થામાં પહોંચી જાઉં છું. જીવનમાં આનંદ જ આનંદનો અનુભવ થાય છે. જીવનમાં જે કડવા - ખાટા - મીઠા અનુભવો થયા છે તેને ભૂલવાનો આ પ્રયત્ન છે. બસ, હવે ફકત મારી સારી યાદોને સ્મરણ - સ્મૃતિમાં સાચવી રાખવી છે. સૌને માફ કરી દેવાં છે. કોઈ પ્રત્યે દ્વેષ નથી રાખવાનો. આવી બધી સમજણને સજાગતાથી જીવવાનો પ્રયાસ કરું છું....મુંબઈની ધમાલભરી જિંદગી, પ્રદૂષણ યુક્ત વાતાવરણથી મુક્તિ મળી છે. વળી લોનાવલા મુંબઈથી નજીક હોવાને કારણે દીકરી - જમાઈ - બાળકો વીકઍન્ડમાં આવી શકે છે. ઘણીવાર તો સવારથી લોન્ગ ડ્રાઈવ પર નીકળીને મને મળીને સાંજે પાછા નીકળી જાય છે. એ લોકોને પણ અહીં આવવું બહુ ગમે છે.'

માલતીબહેન આવી રીતે કુદરત સાથે અને પોતાની જાત સાથે સમય વીતાવે, ઘરની સારસંભાળમાં થોડો સમય વીતાવે. એ ઉપરાંત આજુબાજુના બંગલામાં રહેતી મહિલાઓ સાથે તેમણે દોસ્તી કરી છે. તેમાં એક કોઈ રાજકારણ અને સામાજિક ક્ષેત્રે પ્રવૃત્ત છે ક્યારેક એમની પ્રવૃત્તિમાં જોડાય છે.

આજે ઈઠ્ઠોતેર વર્ષની ઉંમરે પોતાનું કામ પોતાની મેળે કરી શકવાની એમની શક્તિ અને એકલા રહેવાની હિંમત બિરદાવવા લાયક છે. પોતાની જાત સાથે જીવતા માલતીબહેન બહુ ખુશખુશાલ છે.

કાશ... આપણે સૌ આવી ખુશખુશાલ જિંદગી જીવી શકીએ! ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બજારને ત્રણ દિવસ બાદ કળ વળી: સેન્સેક્સ ૨૬૦ પોઈન્ટ આગળ વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ચીન વેપાર વાટાઘાટોમાં સંભવિત પ્રગતિની આશાએ વૈશ્વિક બજારોમાંથી સકારાત્મક સંકેતો સાંપડતા સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે બુધવારે બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૨૬૦.૭૪ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા વધીને ૮૦,૯૯૮.૨૫ની સપાટી પર અને નિફ્ટી ૭૭.૭૦ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા વધીને ૨૪,૬૨૦.૨૦ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો.

રિલાયન્સ અને એચડીએફસી બેન્ક જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં લેવાલીને કારણે પણ બેન્ચમાર્કને આગળ વધવામાં મદદ મળી હતી. એટર્નલ ૩.૩૨ ટકા ઉચળી ટોપ ગેઇનર બન્યો હતો. આ ઉપરાંત ભારતી એરટેલ, ઇન્ડસઇન્ડ બેન્ક, ટેક મહિન્દ્રા, રિલાયન્સ, ટાટા મોટર્સ, એચડીએફક્સી બેન્ક, ટાટા સ્ટીલ અને હિંદુસ્તાન યુનિલીવર ટોપ ગેઇનર હતા. ઘટનારા શેરોમાં બજાજ ફિનસર્વ, એક્સિસ બેન્ક, ટીસીએસ, ટાઇટન અને લાર્સન એન્ડ ટૂબ્રોનો સમાવેશ હતો.

પ્રારંભિક સત્રથી જ સુધારો જોવા મળ્યો હતો. સવારના સત્રમાં ભારતી એરટેલ, આઇશર મોટર્સ, ઇન્ડસઇન્ડ બેંક, મારુતિ, ટાટા મોટર્સ અને બજાજ ફાઇનાન્સમાં લેવાલી અને સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાઇટન અને આઇસીઆઇસીઆઇ બેંકમાં નોંધપાત્ર પીછેહઠ જોવા મળી હતી.

પ્રાઇમરી માર્કેટમાં નિરાશાજનક ચિત્ર રહ્યું હતું. લીલા હોટલ અને એજીસ વોપેકના ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ બાદ સ્કોડા ટ્યુબ્સના શેરનું લિસ્ટિંગ પણ નિરસ રહ્યું હતું. ગંગા બાથફિટિંગનો આઇપીઓ ખૂલ્યો છે. બ્લોક ડીલ મારફત ટીપીજી ૨.૧ ટકા હિસ્સો વેચાવાની શક્યતા ચર્ચાતા ટાટા ટેક્નોલોજીના શેર ગબડ્યા હતા. યુએસ સિક્યોરિટી ફર્મ એન્ટ્રસ્ટ સાથે મલ્ટિ યર ડીલની ચર્ચાએ વિપ્રોના શેરમાં લેવાલી જોવા મળી હતી.

એરિક્સન દ્વારા બલ્ક ડીલ દ્વારા રૂ. ૪૨૮ કરોડનો હિસ્સો વેચાયા પછી વોડાફોન આઇડિયાના શેરમાં બે ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. અગ્રણી મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઇડર એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડે ચોથા ક્વાર્ટરના ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૭.૯% વૃદ્ધિ સાથે રૂ. ૧૪૭.૭૧ કરોડની આવક, ૧૧.૫૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૩.૭૧ કરોડનો એબિટા, ૬૫.૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૭.૩૬ કરોડનો કરવેરા પહેલાનો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિનઃ ૧૬.૧૦ ટકા રહ્યું છે. મારુતિ સુઝુકી ઇન્ડિયાએ ૨૦૩૦-૩૧ સુધીમાં તેની કેપ્ટીવ સોલાર કેપેસિટી ૩૧૯ મેગાવોટ પીક સુધી લઇ જવા માટે રૂ. ૯૨૫ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે.

કેન્ડર અને હૂરુન ઇન્ડિયા વિમેન લીડર્સ ૨૦૨૫ની પ્રારંભિક એડીશન માટે ભારતીય અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ યોગદાન આપનાર ૯૭ મહિલાઓને વેલ્યુ અને વેલ્થ ક્રિએશન, કલા, ઇન્વેસ્ટર્સ સહિતની નવ કેટેગરી માટે રેન્ક આપી સમ્માનિત કર્યા છે.

પ્રોફેશનલ કેટેગરીમાં રૂ. ૩૮૧૭૦૦ કરોડના કંપની વેલ્યુએશન સાથે કોટક મહિન્દ્રાના શાંતિ એકમબરમ, ફર્સ્ટ જનરેશન વિમેન વેલ્થ ક્રિએટરમાં રૂ. ૫૫,૩૦૦ કરોડની વેલ્થ સાથે ઝોહો કોર્પના રાધા વેમ્બુ, નેક્સ્ટ જેન વિમેન લીડર્સમાં રૂ. ૪૮૭૪૦૦ કરોડના કંપની વેલ્યુએશન સાથે એચસીએલ ટેકના રોશની નાડર મલ્હોત્રા સહિત નવ મહિલાઓનો સમાવેશ છે.

ક્લાસિક લિજેન્ડ્સની પેટાકંપની જાવા યેઝદી મોટરસાયકલ્સે ભારતીય બજારમાં યેઝદી એડવેન્ચરની ૨૦૨૫ આવૃત્તિ લોન્ચ કરી છે. એક્સ શો રૂમ રૂ. ૨.૧૫ લાખ અને ૨.૨૭ લાખની કિંમત ધરાવતી, અપડેટેડ મોટરસાયકલમાં કોસ્મેટિક એન્હાન્સમેન્ટ્સ, ફીચર એડિશન અને નાના મિકેનિકલ રિવિઝનનો સમાવેશ થાય છે જે એડવેન્ચર



સેગમેન્ટમાં તેની હાજરીને વધુ મજબૂત બનાવે છે. સ્ટોક સ્પેસિફિક એક્શનમાં, બ્લોક ડીલમાં ૬.૨ ટકા ઇક્વિટી હસ્તાંતરણ થતાં આદિત્ય બિરલા ફેશન અને રિટેલના શેર ૧૦ ટકા ગબડ્યા હતા. એ જ રીતે, બ્લોક ડીલમાં ૧.૪ ટકા હિસ્સો વેચાતા આલ્કેમ લેબોરેટરીઝના શેર બે ટકાથી વધુ ઘટ્યા હતા. સોરાયસિસ દવા ટ્રાયલ્સમાં નિષ્ફળ જતાં સ્પાર્કના શેરમાં ૨૦ ટકાનો કડાકો નોંધાયો હતો.

બીએસઇ પર ૧૦૦થી વધુ શેરોએ તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જેમાં ગાર્ડન રીચ, ગ્લેક્સોસ્મિથક્લાઇન ફાર્મા, એપીએલ એપોલો, લોયડ્સ મેટલ્સ, એસબીઆઇ કાર્ડ્સ, અનુપમ રસાયણ, રેડિકો ખૈતાન, હિટાચી એનર્જી, સોલર ઇન્ડસ્ટ્રીઝ, ફોર્ટિસ હેલ્થકેર, એસ્ટ્રાઝેનેકા ફાર્મા, ભારતી હેક્સાકોમ, સીસીએલ પ્રોડક્ટ્સ, સિટી યુનિયન બેંક વગેરેનો સમાવેશ થાય છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, અમેરિકાના મજબૂત રોજગાર ડેટા અને અમેરિકા-ચીન વેપાર તણાવ હળવો થવાના સંકેતો જેવા અનુકૂળ વૈશ્વિક સંકેતોના ટેકા વચ્ચે સ્થાનિક બજાર સાંકડી રેન્જમાં ટ્રેડ થયું હતું. અંદાજિત કમાણી વૃદ્ધિ અને મૂલ્યાંકનમાં મધ્યસ્થતાને કારણે મિડ કેપ અને સ્મોલ કેપ શેરોએ સારો દેખાવ કર્યો છે. રોકાણકારો હવે બુધવારથી શરૂ થયેલી આરબીઆઇ નીતિ બેઠક પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, જેમાં દર ઘટાડા અને ભાવિ વૃદ્ધિ તથા ફુગાવાના આગાહી અંગે સ્પષ્ટતાની અપેક્ષા છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના કોસ્પીએ તીવ્ર ઉછાળો નોંધાવ્યો હતો. જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ પણ ઊંચા મથાળે સ્થિર થયો હતો. યુરોપિયન બજારો ઊંચા મથાળે વેપાર કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા.

સંસ્થાકીય મોરચે, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ત્રીજી જૂનના રોજ સતત ત્રીજા સત્રમાં વેચવાલીનો દોર લંબાવ્યો અને ભારતીય બજારમાં રૂ.૨,૮૫૩.૮૩ કરોડના શેર ઠાલવ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૮ ટકા વધીને ૬૫.૯૨ પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ મંગળવારે ૬૩૬.૨૪ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા ઘટીને ૮૦,૭૩૭.૫૧ પર સ્થિર થયો. નિફ્ટી ૧૭૪.૧૦ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા ઘટીને ૨૪,૫૪૨.૫૦ પર બંધ થયો હતો.

શેરબજારમાં સારા સુધારા છતાં માર્કેટ કેપમાં માત્ર રૂ. આઠ લાખ કરોડનો વધારો થયો હતો. સેકટરલ ધોરણે બેન્કેક્સ અને રિયલ્ટી સિવાય બધા ઈન્ડેક્સ વધ્યા હતા. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૦,૭૩૭.૫૧ના બંધથી ૨૬૦.૭૪ પોઈન્ટ્સ (૦.૩૨ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૦,૭૭૭.૬૫ ખૂલીને ઊંચામાં ૮૧,૦૮૭.૨૯ સુધી અને નીચામાં ૮૦,૭૦૫.૧૮ સુધી જઈને અંતે ૮૦,૯૯૮.૨૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૩.૧૬ લાખ કરોડથી રૂ.૮ લાખ કરોડ વધીને રૂ.૪૫૧.૧૬ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સની ૧૯ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૧ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૧૫૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૯૦ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૯૧૪ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૨૭૮ સ્ટોક્સને ઉપલી જ્યારે ૨૩૪ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૮ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૮ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૨૨ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં ટેલિકોમ્યુનિકેશન ૧.૩૫ ટકા, યુટિલિટીઝ ૦.૯૯ ટકા, ટેક ૦.૭૫ ટકા, એનર્જી ૦.૬૯ ટકા, કોમોડિટીઝ ૦.૫૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૫૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૫૩ ટકા અને મેટલ ૦.૫૧ ટકા વધ્યા હતા. જ્યારે રિયલ્ટી ૦.૭૭ ટકા અને બેન્કેક્સ ૦.૦૩ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈટર્નલ ૩.૩૨ ટકા, ભારતી એરટેલ ૧.૮૨ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૭૯ ટકા, ટેક મહિન્દ્ર ૧.૨૫ ટકા, રિલાયન્સ ૧.૨૩ ટકા, ટાટા મોટર્સ ૦.૯૧ ટકા, એચડીએફસી બેન્ક ૦.૮૧ ટકા અને ટાટા સ્ટીલ ૦.૫૪ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફિનસર્વ ૧.૬૬ ટકા, એક્સિસ બેન્ક ૦.૯૦ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૭૨ ટકા, ટાઈટન ૦.૬૦ ટકા, અને લાર્સન એન્ડ ટુબ્રો ૦.૫૮ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૪૦૬.૮૬ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૮૩૫ સોદામાં ૨,૫૧૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૬,૨૮,૧૩૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૧૦,૭૨,૬૧૬.૧૦ કરોડનું રહ્યું હતું.

## ભારતમાં આગામી બેથી ત્રણ વર્ષ સ્ટેઈનલેસ સ્ટીલની માગ ૭થી ૮ ટકાના દરે વધશે

મુંબઈ: આગામી બેથી ત્રણ વર્ષ દરમિયાન દેશમાં સ્ટેઈનલેસ સ્ટીલની માગમાં સાતથી આઠ ટકાના દરે વૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા ઈન્ડિયન સ્ટેઈનલેસ સ્ટીલ ડેવલોપમેન્ટ એસોસિયેશન (આઈએસએસડીએ)એ વ્યક્ત કરી છે.

અત્રે ગ્લોબલ સ્ટેઈનલેસસ્ટીલ એક્સપો ૨૦૨૫ને સંબોધતા આઈએસએસડીએનાં પ્રમુખ રાજમણી કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫માં દેશમાં સ્ટીલનો વપરાશ વર્ષાનુવર્ષ ધોરણે આઠ ટકા વધીને ૪૮ લાખ ટનની સપાટીએ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ એક્સપોમાં અંદાજે ૧૦,૦૦૦ ઉદ્યોગના અગ્રણીઓ, નીતિઘડવૈયાઓ અને નિષ્ણાતો ઉપરાંત સરકારી પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

વર્તમાન નાણાકીય વર્ષમાં પણ વિશ્વભરમાં ભારતનો જીડીપી વૃદ્ધિદર ઊંચો રહેશે અને આગામી ત્રણ વર્ષ સુધી દેશમાં સ્ટીલની વપરાશી માગમાં સાતથી આઠ ટકાનો વૃદ્ધિદર જોવા મળશે, એમ કૃષ્ણમૂર્તિએ જણાવતાં ઉમેર્યું હતું કે ભારતમાં સ્ટીલનો માથાદીઠ વપરાશ વૈશ્વિક સરેરાશ ૬ કિલોગ્રામ સામે માત્ર ૩.૪ કિલોગ્રામ છે. આમ વિશ્વની સરખામણીમાં ઓછો માથાદીઠ વપરાશ સ્થાનિક ઉદ્યોગ માટે તકો પૂરી પાડે છે. તેમ જ સરકાર પણ માળખાકીય વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

વધુમાં તેમણે હિસ્સેધારકોને જણાવ્યું હતું કે ભવિષ્યની તકો માટે રેલવે, ટનલ પ્રોજેક્ટ, બંદરો, એરપોર્ટ, રોડ, હાઈવે તથા અન્ય પ્રોજેક્ટોને એક તક તરીકે જોઈ શકો છો. સરકારે પણ નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે જીડીપીથી મૂડીગત્ ખર્ચની સરાસરીનો રેશિયો વધારીને ૩.૩ ટકા કર્યો હોવાનું જણાવતાં ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતમાં બાંધકામની બજારનું કદ વધીને ૧.૪૨ ટ્રિલિયનની સપાટીએ પહોંચે તેવી શક્યતા છે. તેમ જ ગ્રીન હાઈડ્રોજન પણ નવો એરિયા છે જેમાં સ્ટીલની આવશ્યકતા હોય છે, એમ તેમણે ઉમેર્યું હતું.

## ચાંદીમાં વધુ ₹ ૫૨૦ની આગેકૂચ, સોનામાં ₹ ૧૨૦નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ચીન વચ્ચે વેપારી સંબંધોમાં અનિશ્ચિતતા અને વૈશ્વિક આર્થિક વૃદ્ધિની ચિંતા છતાં અમેરિકાના જોબ ડેટા મજબૂત આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં ટકેલું વલણ રહ્યા બાદ ડૉલર નબળો પડતાં ભાવમાં ધીમો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ચાંદીમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૫૨૦ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે સોનામાં નિરસ કામકાજો વચ્ચે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૯થી ૧૨૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ વધુ કિલોદીઠ રૂ. ૫૨૦ના સુધારા સાથે રૂ. ૧,૦૦,૯૮૦ની સપાટીએ રહ્યા હતા. વધુમાં આજે સોનામાં ખાસ કરીને ડૉલર સામે રૂપિયો ૨૭ પૈસા નબળો પડ્યો હોવા છતાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને



રિટેલ સ્તરની પણ માગ શુષ્ક રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૯ ઘટીને રૂ. ૯૬,૩૬૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૦ ઘટીને રૂ. ૯૬,૭૪૭ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે અમેરિકાના જોબ ડેટા મજબૂત આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં ટકેલું વલણ રહ્યા બાદ ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૬૧.૭૩ ડૉલર અને ૩૩૮૫.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૩૪.૪૯ ડૉલરની સપાટીએ ટકેલા રહ્યાના અહેવાલ હતા.

એકંદરે અમેરિકા અને ચીન તથા યુરોપિયન યુનીયિન વચ્ચે વેપાર અંગેની અનિશ્ચિતતાનું વાતાવરણ હોવાથી નીચા મથાળેથી રોકાણકારોની સોનામાં ખરીદી જોવા મળી શકે છે, એમ ઓએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું.

જોકે, તાજેતરમાં અમેરિકી જોબ ડેટામાં જોવા મળેલો સુધારો જોવા મળતાં થોડી ચિંતા હળવી જરૂર થઈ છે, પરંતુ સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહે તેવી શક્યતા કેસીએમ ટ્રેડના ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહ દરમિયાન અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શિ જિનપિંગની વેપાર વિવાદના ઉકેલ માટે બેઠક યોજાનાર છે ત્યારે ચીનના વિદેશ પ્રધાન વૉંગ યીએ અમેરિકી રાજદૂતને જણાવ્યું હતું કે અમેરિકાએ દ્વીપક્ષીય વેપાર સંબંધને સાચી દિશામાં લાવવા માટે અનુકૂળ પરિસ્થિતિ બનાવવી જોઈએ. વધુમાં ગઈકાલે ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કોઑપરેશન ઍન્ડ ડેવલોપમેન્ટ (ઓઈસીડી)એ પણ ટ્રમ્પના વહીવટીતંત્રની વેપાર નીતિઓની અમેરિકી અર્થતંત્ર પર ભારે માઠી અસર થવાની ચેતવણી ઉચ્ચારી હતી. તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ પણ આર્થિક અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા નાણાનીતિમાં સાવચેતીનો અભિગમ અપનાવી રહ્યું છે.

## ટીનની આગેવાની હેઠળ ધાતુમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી આક્રમક લેવાલી નીકળતા ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧૫નો ઉછાળો આવી ગયો હતો. તેમ જ ટીનની આગેવાની હેઠળ એકમાત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૧ સુધીનો સુધારો આવ્યો હતો. અમેરિકી પ્રમુખ તથા ચીનના પ્રમુખની આ સપ્તાહના અંત આસપાસ થનારી બેઠકમાં વેપાર વિવાદનો ઉકેલ આવે તેવા આશાવાદ સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ટનદીઠ ૯૬૪૩.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં પણ ખાસ કરીને ટીન, કોપર વાયરબાર અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧૫ ઉછળીને રૂ. ૨૮૦૬, રૂ. ૧૧ વધીને રૂ. ૯૦૫ અને રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૫૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૫૯૦ અને રૂ. ૨૪૭, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૩૪, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૪૬, રૂ. ૮૧૮, રૂ. ૨૬૦ અને રૂ. ૧૮૫ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૦૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૭૫૭ના મથાળે ટકેલા રહ્યા હતા.

## ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ ખપપૂરતી માગ જળવાઈ રહી હોવાથી હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ પણ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૧૨થી ૩૯૮૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૬થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



## મે મહિનામાં પામતેલની આયાતમાં ૮૭ ટકા ઉછળીને છ મહિનાની ઊંચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત મે મહિનામાં સ્થાનિક સ્તરે પામતેલનો ઓછો સ્ટોક અને સોયાતેલ અને સનફ્લાવર તેલની સરખામણીમાં પામતેલના ભાવ નીચા રહેતાં સ્થાનિક રિફાઈનરોએ પામતેલની ખરીદી વધુ કરતાં મે મહિનામાં પામતેલની આયાત ૮૭ ટકા ઉછળીને છ મહિનાની ઊંચી સપાટીએ રહી હોવાનું સ્થાનિક ડીલરોએ જણાવ્યું હતું.

વનસ્પતિ તેલના વૈશ્વિક અગ્રણી આયાતકાર દેશ ભારતની પામતેલની અને સનફ્લાવર તેલની આયાતમાં વધારો થતાં મલયેશિયાના પામતેલના ભાવને અને અમેરિકાના સોયાતેલના વાયદાના ભાવને ટેકો મળી શકે છે.

ગત મે મહિનામાં પામતેલની આયાત ૮૭ ટકાના ઉછાળા સાથે નવેમ્બર, ૨૦૨૪ પછીની સૌથી ઊંચી છ લાખ ટનની સપાટીએ રહેવાનો અંદાજ ડીલરોએ મૂક્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત ઑક્ટોબરના અંતે પૂરી થયેલી તેલ મોસમમાં પ્રત્યેક મહિને સરેરાશ ૭.૫૦ લાખ ટન પામતેલની આયાત થઈ હોવાનું સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને એક યાદીમાં જણાવ્યું હતું. જોકે, એસોસિયેશન દ્વારા મે મહિનાની આયાતના આંકડા જૂનના મધ્યમાં જાહેર કરશે.

જીજીએન રિસર્ચના મેનેજિંગ પાર્ટનર રાજેશ પટેલે જણાવ્યું હતું કે ગત જાન્યુઆરીથી એપ્રિલ દરમિયાન સોયાતેલની સરખામણીમાં પામતેલના ભાવ પ્રીમિયમમાં રહ્યા હોવાથી પામતેલની આયાતમાં તીવ્ર ઘટાડો થયો હતો અને સ્થાનિકમાં સ્ટોકનું સ્તર પણ નીચું રહ્યું હતું. જોકે, ગયા મહિને પામતેલના ભાવ ડિસ્કાઉન્ટમાં આવતા ભારતીય ખરીદદારો ફરી પામતેલ તરફ વળ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી મે ના રાજ દેશમાં વનસ્પતિ તેલનો સ્ટોક જુલાઈ, ૨૦૨૦ પછીની નીચી ૧૩.૫ લાખ ટનની સપાટીએ રહ્યો હતો. વધુમાં તેમણે ગત મે મહિનામાં નેપાળથી ખાદ્યતેલની આયાત આગલા એપ્રિલ મહિનાના ૮૭,૦૦૦ ટન સામે વધીને



૧.૩૨ લાખ ટન આસપાસ રહી હોવાનો અંદાજ મૂક્યો હતો.

ડીલરોના જણાવ્યાનુસાર ગત મે મહિનામાં સોયાતેલની આયાત માસાનુમાસ ધોરણે ૧૦ ટકા વધીને જાન્યુઆરી પછીની સૌથી ઊંચી ૩,૯૮,૦૦૦ ટનની સપાટીએ રહી હોવાનો અને સનફ્લાવર તેલની આયાત સાધારણ બે ટકા વધીને ૧,૮૪,૦૦૦ ટનની સપાટીએ રહી હોવાનો અંદાજ છે. આમ એકંદરે પામતેલ અને સોયાતેલની આયાતમાં વધારો થવાને કારણે કુલ ખાદ્યતેલની આયાત ૩૭ ટકા વધીને ગત ડિસેમ્બર પછીની ઊંચી ૧૧.૮ લાખ ટનની સપાટીએ રહેવાનો અંદાજ મુકાઈ રહ્યો છે.

જોકે,વર્તમાન જૂન અને આગામી જુલાઈ મહિનામાં પણ પામતેલની આયાત વધીને અનુક્રમે ૭.૫૦ લાખ ટન અને ૮.૫૦ લાખ ટન સુધી પહોંચે તેવી શક્યતા વનસ્પતિતેલની બ્રોકરેજ કંપની સનવીન ગ્રૂપના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સંદીપ બાજોરિયાએ વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે તાજેતરમાં પામતેલના ભાવમાં જોવા મળેલા કરેક્શન અને ડ્યૂટીમાં કાપ મૂકવામાં આવ્યો હોવાથી સ્થાનિક વપરાશી માગમાં વૃદ્ધિ જોવા મળે તેમ જણાય છે. નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં સરકારે સ્થાનિક રિફાઈન ઉદ્યોગને ટેકો આપવા અને ખાદ્ય ચીજોના ભાવમાં ઘટાડો લાવવા ક્રૂડ તેલ પરની આયાત જકાત ઘટાડીને ૧૦ ટકા કરી છે.

ભારત મુખ્યત્વે પામતેલની ખરીદી ઈન્ડોનેશિયા અને મલયેશિયાથી કરે છે, જ્યારે સોયાતેલ અને સનફ્લાવર તેલની આયાત આર્જેન્ટિના, બ્રાઝિલ અને યુક્રેનથી કરે છે.

# ભાવનગરના ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિમાની સેવા નિયમિત સક્રીય રાખવા કેન્દ્રીય એવિએશન પ્રધાનને રજૂઆત



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગરથી મુંબઈ તથા ઉડાન સ્કીમ અંતર્ગત હાલમાં પુનાની સ્પાઈસ જેટની ફ્લાઈટ કાર્યરત છે. આવનાર સમયમાં ઉડાન સ્કીમનો સમય પૂરો થતો હોવાથી આ વિમાની સેવા બંધ થવાની છે. ભાવનગરથી વિમાની સેવા નિયમિતપણે ચાલુ રહે તેમજ દેશના વિવિધ ભાગો સાથે પણ એર કનેક્ટિવિટી મળે તે માટે ભાવનગરનાં સાંસદ નિમુબેન બાંભણિયા સમક્ષ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

ભાવનગરનાં સાંસદ નિમુબેન બાંભણિયાના અથાગ પ્રયત્નોથી દિલ્હી ખાતે કેન્દ્ર સરકારના એવિએશન પ્રધાન કે. રામમોહન નાયડુ સાથે બુધવારે રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં સાંસદ નિમુબેન બાંભણિયા સાથે જોડાયેલા સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રિઝ, શીપ રિસાયકલીંગ ઇન્ડસ્ટ્રીઝ, એસોસીએશન ઓફ ઇન્ડિયા, ડાયમંડ એસોસીએશન, બિલ્ડર્સ એસોસીએશન, ફર્નેશ એસોસીએશન, ઇન્ડિયન મેડિકલ એસોસીએશન અને વિવિધ ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ દ્વારા કેન્દ્રીય પ્રધાનને ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી. કેન્દ્રીય પ્રધાને સંયુક્ત રજૂઆતને સાંભળીને હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો તેમ જ ભાવનગરની એર કનેક્ટિવિટી સારી રીતે જળવાઈ રહે તે માટે ખાતરી આપી હતી. ■

# મુંદરા પોર્ટથી મામસા આવી રહેલા ટ્રકમાંથી ૧૨ લાખનો કોપર ભંગાર કાઢી લીધો

## ટ્રાન્સપોર્ટ કંપનીના માલિકે ટ્રક ચાલક સહિત ત્રણ શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: મુંદરા પોર્ટથી કોપર ભંગારનો કાચોમાલ ભરીને મામસા આવતો હતો. આ ટ્રકમાંથી રૂ.૧૨ લાખની કિંમતનો ૧૫૩૦ કિલો કોપર ભંગાર કાઢી લેવામાં આવતા ભાવનગરના ટ્રાન્સપોર્ટના વ્યવસાયીએ ત્રણ શખ્સ વિરુદ્ધ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ભાવનગર શહેરના વાઘાવાડી રોડ પર ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા પાર્થ અભિષેકભાઈ ત્રિવેદીની માલિકીના શ્રીનાથ શીપીંગ સર્વિસ ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. તેમનો ટ્રક મામસામાં આવેલ કોપર મેન્યુફેક્ચરિંગ કંપની ક્યુટેક એલોઇસ પ્રા.લિ.માં કોન્ટ્રાક્ટ પર ચાલે છે. કંપનીના મેનેજરે જણાવ્યું હતું કે, ટ્રક નં. જી.જે.-૦૪-એ ડબલ્યુ ૬૮૬૩માં ગત તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૪ના મુંદરાથી ભંગારનો કાચો માલ ભરેલ કન્ટેનર કામચલાઉ ડ્રાઈવર રાકેશ રમેશરાય ભાવનગરનાં મામસા ખાતે આવવા માટે રવાના થયો હતો. આ ટ્રક મામસા પહોંચ્યા બાદ ટ્રકનું વજન કરાવવામાં આવતા ટ્રકમાં ભરેલ કોપર ભંગારના વજનમાં ૧૫૩૦ કિલોની ઘટ આવી હતી. કન્ટેનરમાં લગાવેલ સીલ સાથે પણ છેડછાડ કરવામાં આવી હોવાનું જણાયું હતું. ત્યાર બાદ ટ્રકના જીપીએસની તપાસ કરતા ટ્રક રસ્તામાં બે સ્થળે રોકાયો હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે કંપનીના માલિક અભિનવભાઈ ગર્ગે વરતેજ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પોલીસ તપાસ બાદ ગાંધીધામ પાસે આવેલ ગાયત્રી પેટ્રોલ પંપની બાજુમાં આવેલ મીની પંજાબી ઢાબા, તથા પ્રાગપર રોડ ઉપર આવેલ દિલ્હી દરબાર હોટલ ખાતે નીશાનસીંગ ઉર્ફે ભેંજો પ્રતાપસીંગ અને રાકેશ રમેશરાય, દિલીપકુમાર સમજય મહંતોએ એક બીજાની મદદથી કેન્ટેનરમાં લગાવેલા કંપનીના સીલમાં છેડછાડ કરી હતી.

કેન્ટેનરમાંથી કોપર ભંગાર કાચો માલ ૧૫૩૦ કિલો ગ્રામ કિંમત રૂ.૧૨,૦૦,૦૦૦ કાઢી લઇ વિશ્વાસઘાત કર્યો હોવાની જાણ થઈ હતી. વરતેજ પોલીસે આ શખ્સોની તપાસ શરૂ કરી છે. ટ્રકના હંગામી ચાલક રાકેશ રમેશરાય, દિલીપકુમાર, સમજય મહંતો અને નિશાનસિંગ ઉર્ફે ભેંજો પ્રતાપસિંગ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટ મનપાની વેબસાઇટ પર સાયબર એટેક: ૪૦૦ જીબી ડેટા પર ખતરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ પર સાયબર એટેક થયો હતો. ૪૦૦ જીબી ડેટા ચોરાયો હોવાની આશંકા છે. ઘટના સામે આવ્યા બાદ સાયબર સિક્યોરિટીની ત્રણ ટીમે તપાસ હાથ ધરી હતી. આ સાયબર એટેકમાં મહાનગરપાલિકાની શાળાઓ, તમામ બ્રિજ, કચેરીઓ, હૉસ્પિટલો સહિત અનેક મિલકતોના ડેટા લીક થયાની આશંકા છે. રાજકોટ મનપાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ઓપરેશન સિંદૂરના દિવસે મહાનગરપાલિકાના જીઆઈએસ વેબસાઈટના સર્વરમાં શંકાસ્પદ જોડાણ થયાનું ધ્યાનમાં આવ્યું હતું. સર્વર ધીમું પડતાં તાત્કાલિક ટીમને બોલાવીને સર્વર આઈસોલેટ કરી નાખવામાં આવ્યું હતું. સાયબર સિક્યોરિટીની ત્રણ ટીમ તપાસ કરી રહી છે અને જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ડેટા લીક થયો છે કે નહીં તે કહી શકાય તેમ નથી.

ડેટા હેક થયાની શંકા ૮મીએ ગયા બાદ તાત્કાલિક ધોરણે તેને આઇસોલેટ કરવામાં આવી હતી. આંતરીક સૂત્રોના જણાવ્યા અનુસાર ૪૦૦ જીબીનો ડેટા લીક થયો છે, છતાં મનપાના ઉચ્ચ અધિકારીઓ હજુ પણ સબ સલામત હોવાનું કહી રહ્યા છે. પાકિસ્તાન સાથે સંઘર્ષ સમયે કેન્દ્ર સરકારે સરકારી વિભાગોને ડેટા લીક ન થાય તેની તકેદારી રાખવા ગાઇડલાઇન જારી કરી હતી, જેનું પાલન કરવામાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન નિષ્ફળ રહ્યું હતું. ■

# ગુજરાત બન્યું શહેરી વનીકરણનું મોડેલ

## મિયાવાકી પદ્ધતિથી ૪૦૦ હેક્ટર વિસ્તારને ગાઢ જંગલોમાં પરિવર્તિત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગર: ભારતમાં પર્યાવરણ સંરક્ષણ અને નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યાંકો પરિપૂર્ણ કરવા માટે સ્થાનિક સ્તરે જાપાનીઝ મિયાવાકી પદ્ધતિને પ્રોત્સાહન આપ્યું છે. મિયાવાકી પદ્ધતિ જાપાનના વનસ્પતિશાસ્ત્રી ડો. અકીરા મિયાવાકી દ્વારા વિકસાવવામાં આવી છે જેનો ઉદ્દેશ ઓછી જમીનમાં ઝડપથી સઘન વનરાજી ઊભી કરવાનો છે. રાજ્ય સરકારે રાજ્યમાં ઝડપથી વૃક્ષો ઉગાડવા માટે વન કવચ બનાવવાનું બીડું ઝડપ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પર્યાવરણ સંરક્ષણ અંગે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી દર વર્ષે પાંચ જૂને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ગુજરાતમાં મિયાવાકી પદ્ધતિથી વન કવચ ઊભા કરવાની પહેલ પર્યાવરણ સંરક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે.

રાજ્યનો ૪૦૦ હેક્ટર વિસ્તાર ગાઢ જંગલોમાં થશે પરિવર્તિત

ગુજરાતમાં વન કવચ પહેલનું સફળ અમલીકરણ થયું છે અને તેના પરિણામે પર્યાવરણમાં નોંધપાત્ર સુધારો થયો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં, ગુજરાતમાં ૮૫ સ્થળોએ ૧૦૦ હેક્ટર વિસ્તારમાં વન કવચ તૈયાર કરવામાં આવ્યું હતું, જ્યારે ૨૦૨૪-૨૫માં ૧૨૨ સ્થળોએ વધુ ૨૦૦ હેક્ટર ક્ષેત્રમાં વન કવચ વિકસાવવામાં આવી રહ્યું છે. તો ૨૦૨૫-૨૬ માટે આ લક્ષ્ય ૪૦૦ હેક્ટરનું રાખવામાં આવ્યું છે.

મિયાવાકી પદ્ધતિથી ઓછા સમયમાં એક મોટા વિસ્તારમાં વિશાળ જંગલ ઊભું કરી શકાય છે. આ પદ્ધતિથી બનતું ગાઢ જંગલ પરંપરાગત વાવેતર કરતાં ૧૦ ગણું ઝડપી વિકાસ પામે છે અને તે ૩૦ ગણાં વધુ ગીચ હોય છે. એકબીજાથી નજીક વાવવાને કારણે આ રોપાઓ જાણે સૂર્યપ્રકાશ મેળવવા માટે સ્પર્ધા કરતા હોય તેમ ઝડપથી વૃદ્ધિ પામે છે અને તેનાથી એક મોટા છત્ર જેવો આકાર બને છે. આ આવરણને કારણે નીંદણને નિયંત્રિત કરી શકાય છે અને જમીનમાં ભેજ જળવાઈ રહેતો હોવાથી છોડનું સ્વાસ્થ્ય પણ સુધરે છે. આ પદ્ધતિથી ઊગેલાં વૃક્ષ પરંપરાગત જંગલોની સરખામણીમાં વધુ કાર્બન શોષે છે અને વાતાવરણમાં રહેલાં પ્રદૂષણને ઘટાડે છે. એટલું જ નહીં, પરંપરાગત જંગલોને પરિપક્વ થવામાં સદીઓ લાગે છે, જ્યારે વન કવચ ફક્ત ૨૦થી ૩૦ વર્ષમાં ગાઢ બની જાય છે.

પર્યાવરણીય લાભો ઉપરાંત, વન કવચ સામાજિક જોડાણ અને ઇકો-ટુરિઝમને પણ પ્રોત્સાહન આપે છે. આ વન કવચમાં વન કુટિર, બાળકો માટે રમતગમત ક્ષેત્ર અને રળિયામણાં સ્થળોનો સમાવેશ થાય છે, જે વૃક્ષો અને જૈવવિવિધતાના મહત્ત્વ વિશે જનજાગૃતિ વધારવામાં મદદ કરે છે. આ પદ્ધતિથી ઊભાં કરવામાં આવેલાં જંગલોથી પક્ષીઓ, જીવજંતુઓ અને પ્રાણીઓનું જતન થાય છે અને નાનાં સસ્તન પ્રાણીઓને પણ ફાયદો થાય છે. આ ઉપરાંત, કેટલાક ખેડૂતો મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરીને સારું વળતર પણ મેળવી રહ્યા છે. ■

# ભાવનગર જિલ્લાની ગ્રામ પંચાયતની ચૂંટણીના પ્રચાર માટે ધાર્મિક સ્થળો તેમજ ધાર્મિક કાર્યક્રમોમાં ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ: જિલ્લા મેજિસ્ટ્રેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર જિલ્લાની ગ્રામ પંચાયતની ચૂંટણી આગામી તા. બાવીસ જૂનના યોજાશે. ભાવનગર જિલ્લાની કુલ-૪૬૬ ગ્રામ પંચાયતોની સામાન્ય, વિભાજન, મધ્યસત્ર, પેટા ચૂંટણીનું મતદાન તા. બાવીસ જૂનના યોજાશે. આ દરમિયાન ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સહિંતાનો અમલ કરવા તેમજ ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે અંગેના નિયંત્રણ રાખવા ભાવનગર જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. મનીષ કુમાર બંસલે જણાવ્યું છે. કોઇપણ મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા અથવા કોઇપણ ધાર્મિક કે પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી.

ધાર્મિક સંસ્થાઓ (દુરુપયોગ નિવારણ) અધિનિયમ-૧૯૮૮ હેઠળ ધાર્મિક સંસ્થાઓના ફંડ અને જગ્યાનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાતો નથી તેથી તે કાયદાનું અસરકારક રીતે પાલન કરવાનું રહેશે. કોઇપણ સ્થળે ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવે તે સ્થળોએ કોઇપણ જાતના ચૂંટણી પ્રચાર માટેનાં બેનર કે ચોપાનીયાં લગાવવા નહીં. આ સિવાય રાજકીય નેતાઓ કે આયોજકોએ ચૂંટણી પ્રચાર માટે પ્રવચન ન કરવા, સભ્યોની નોંધણી કરવી નહીં તેમજ ચૂંટણી પ્રચાર માટે સ્ટોલ કે ચૂંટણી સંબધી કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ કરવી નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સને સજા કરવામાં આવશે. આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ વિસ્તાર પૂરતું લાગુ પડશે. આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે. ■

# મોરબીમાં જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી ૨૬ જૂને યોજાશે

અમદાવાદ: મોરબીમાં આગામી ૨૬ જૂને જિલ્લા કક્ષાએ લોકોની ફરિયાદોના નિવારણનો કાર્યક્રમ યોજાશે. આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાના પ્રશ્નો- ફરિયાદો ૧૦ જૂન સુધીમાં સંબંધિત ખાતાની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ હેઠળની અરજી કરવાની રહેશે.

લોકોની ફરિયાદોના નિવારણ માટે મોરબી જિલ્લા કક્ષાએ યોજાતો જૂન-૨૦૨૫ માસનો 'ફરિયાદ નિવારણ કાર્યક્રમ' આગામી તા.૨૬ જૂનના સવારે ૧૧ કલાકે જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાશે. આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાના પ્રશ્નો- ફરિયાદો આગામી તારીખ ૧૦ જૂન સુધીમાં સંબંધિત ખાતાની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ હેઠળની અરજી સ્વરૂપે મોકલવાના રહેશે. આ અરજીમાં ઉપર 'જિલ્લા ફરિયાદ નિવારણ' કાર્યક્રમ લખવાનું રહેશે.

જિલ્લા સ્વાગતમાં અરજી કરતા પહેલા કોઈપણ અરજદારે ગ્રામ કક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયતને તથા તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પહેલા લેખિતમાં અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણીત હોય, અગાઉ સંબંધિત ખાતામાં કરેલ રજૂઆતનો આધાર-પૂરાવા સાથે પ્રત્યુત્તરની નકલ અરજી સાથે રાખવી. અરજદારે અરજીમાં પોતાનું નામ, સરનામું, સહી અને ફોન નંબર પણ લખવાના રહેશે. આ કાર્યક્રમમાં સ્પષ્ટ અને મુદ્દાસરની આધારો સાથે રજૂ કરેલી અરજીને જ માન્ય ગણવામાં આવશે. આ સિવાય અલગ-અલગ વિષયના પ્રશ્નો અરજીઓમાં મોકલવાના રહેશે. સરકારી કર્મચારીઓના નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમ હેઠળ રજૂ કરી શકાશે નહીં. ■



રાજકોટના મવડી વિસ્તારમાં ત્રણ માળનું મકાન ધરાશાઈ થયું હતું. ત્રણ માળનું મકાન ધરાશાઈ થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. (તસવીર: પ્રવિણ સેદાણી)

# ભાવનગરના મોટા ખોખરાની પોસ્ટ ઑફિસમાં આસિસ્ટન્ટ બ્રાન્ચ પોસ્ટમાસ્ટરને માર માર્યાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગરના મોટા ખોખરા ગામની પોસ્ટ ઑફિસમાં બબાલ થઈ હતી. પોસ્ટ ઑફિસમાં વિધવા સહાયના પૈસા આપવામાં આનાકાની થતા પોસ્ટ માસ્ટરને માર માર્યો હતો તેમ જ તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ સમગ્ર મામલે પોસ્ટ માસ્ટરે પોલીસમાં એફઆઈઆર નોંધાવી હતી.

ભાવનગરના મોટા ખોખરાની પોસ્ટ ઑફિસમાં આસિસ્ટન્ટ બ્રાન્ચ પોસ્ટમાસ્ટરને માર માર્યાની ફરિયાદ થઈ હતી. આ બનાવમાં નાના ખોખરા ગામની વિધવા બહેનો બપોરના સમયે પૈસા લેવા આવી હતી. પૈસા ન હોવાથી પોસ્ટ માસ્ટર વિરેન્દ્રસિંહે તેમને ના પાડી. આ વેળાએ એક અજાણ્યા યુવકે ધમકી આપી અને નાના ખોખરાના સરપંચ પ્રદીપભાઈને બોલાવ્યા હતા. સરપંચે ગાડી ભાડું અને પૈસા આપવાની માગણી કરી હતી. ત્યારબાદ બંને જણાએ વિરેન્દ્રસિંહ સાથે અયોગ્ય વર્તન કરી અને તેમનું ટી-શર્ટ ફાડી નાખવામાં આવ્યું હતું. સરપંચે પણ પોસ્ટ માસ્ટરને માર માર્યો હતો. સરપંચે વિરેન્દ્રસિંહને ગામમાંથી નીકળી જવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે પોસ્ટ માસ્ટરે વરતેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વિરેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, તેમણે બે દિવસ પહેલા વિધવા સહાય પેટે એક લાખ રૂપિયાનું પેમેન્ટ કર્યું હતું. ત્રીજા દિવસે વધુ પૈસાની જરૂર હતી, પરંતુ ઉપરી અધિકારીએ પૈસા ન હોવાથી બીજા દિવસે પૈસા મોકલવાનું જણાવતા અજાણ્યા યુવક અને સરપંચે સાથે મળીને વિરેન્દ્રસિંહને માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ભાવનગરની સર ટી હૉસ્પિટલ વિરેન્દ્રસિંહે પ્રાથમિક સારવાર લીધા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ■

# દ્વારકા: ભક્તના દાનથી જગતમંદિરના ગર્ભગૃહના દ્વાર ૬૫૦ ગ્રામ સોનાથી મઢાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પ્રસિદ્ધ યાત્રાધામ અને મોક્ષપુરી દ્વારકામાં બિરાજમાન ભગવાન દ્વારકાધીશ જગતમંદિરના નિજમંદિરના ગર્ભગૃહના દ્વાર હવે ભક્તોના દાનથી સોનાથી મઢવામાં આવ્યા છે. ગાંધીનગરના વતની એક ભક્તે તેમની માતાની ઈચ્છા પૂર્ણ કરવા માટે આ ભગીરથ કાર્ય કરાવ્યું હતું. તેમણે મંદિરના કપાટને ૬૫૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાથી મઢાવ્યા હતા.

મળતી વિગતો અનુસાર ભારતના પશ્ચિમ કિનારે આવેલા ભગવાન દ્વારકાધીશના જગતમંદિરમાં દરરોજ હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે.

દરરોજ છ ધ્વજાજીનું આરોહણ કરવામાં આવે છે, જે લાંબા સમય સુધીનું બુકિંગ થયેલ છે. આ બાબત દર્શાવે છે કે અહીં આવતા ભક્તોની મનોકામનાઓ પૂર્ણ થાય છે. ભક્તો દ્વારકા આવીને પોતાની મનોકામના પૂર્ણ થયે ભગવાન કાળિયા ઠાકોરના ચરણોમાં ભેટ-સોગાદો ધરીને ધન્યતા અનુભવે છે. આવા જ એક ભક્ત આજે દ્વારકા આવીને ભગવાન દ્વારકાધીશના નિજમંદિરના ચાંદી જડિત દરવાજાઓને સુવર્ણ જડિત કરાવી ધન્ય બન્યા હતા. ■

# ગુજરાત પેટાચૂંટણી: કડી અને વિસાવદર બેઠક પર ભાજપના ૪૦ દિગ્ગજ નેતા પ્રચાર કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લાંબા સસ્પેન્સ બાદ ભારતીય જનતા પાર્ટીએ કડી અને વિસાવદર વિધાનસભા બેઠક માટે પોતાના ઉમેદવારના નામ જાહેર કર્યા હતા. ભારતીય જનતા પાર્ટીએ વિસાવદર બેઠક પરથી કિરીટ પટેલને તો કડી વિધાનસભા બેઠક પરથી રાજેન્દ્ર ચાવડાને ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા હતા. હવે ભાજપે બંને ઉમેદવારો માટે ૪૦ સ્ટાર પ્રચારકો પ્રચાર કરશે.

ભાજપ દ્વારા જાહેર કરાયેલી સ્ટાર પ્રચારકોની યાદીમાં પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી અને પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ જેવાં મોટાં નામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કેન્દ્રીય કેબિનેટ પ્રધાન મનસુખ માંડવિયા અને સાંસદ પરષોત્તમ રૂપાલા પણ ભાજપના ઉમેદવારો માટે જોરશોરથી પ્રચાર કરશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ યાદીમાં સામેલ અન્ય દિગ્ગજ નેતાઓમાં નિમુબેન બાંભણિયા, રત્નાકરભાઈ, જીતુ વાઘાણી, ગોરધનભાઈ ઝડફિયા, ડો. ભરત બોઘરા, નંદાજી ઠાકોર, વર્ષાબેન દોશી, રજની પટેલ, વિનોદ ચાવડા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આર. સી. ફળદુ, ઋષિકેશ પટેલ, રાઘવજી પટેલ, બળવંતસિંહ રાજપૂત, કુંવરજી બાવળિયા, હર્ષ સંઘવી, જગદીશ વિશ્વકર્મા, રાજેશ ચુડાસમા, હરિ પટેલ, પ્રશાંત કોરાટ, ગૌતમ ગેડિયા, મયંક નાયક, દીપિકા સરદવા, ઉદય કાનગડ, લવિંગજી ઠાકોર, શંભુનાથજી ટુંડિયા, હીરા સોલંકી, જયેશ રાદડિયા, ડો. પ્રદ્યુમન વાજા, ડો. સંજય દેસાઈ, ગિરીશ રાજગોર, ચંદુ મકવાણા, દિલીપ પટેલ અને વંદના મકવાણાનો સમાવેશ થાય છે. ■

# કચ્છમાં કોરોનાએ રફ્તાર પકડી: એક જ દિવસમાં ચાર નવા કેસ નોંધાતા કુલ આંકડો ૧૩ને પાર ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કોરોના વાઈરસના નવા જેએન.૧, એક્સએફજી, એનબી.૧.૮.૧ અને એલએફ.૭ નામના ઓમીક્રોનના સંકરાત્મક સબ વેરિયેન્ટના ઝડપી ફેલાવાએ વિશ્વભરમાં ચિંતા ફેલાવી છે. કચ્છમાં એક દિવસમાં કોવિડ-૧૯ના નવા ચાર પોઝિટિવ કેસ નોંધાતા ફફડાટ ફેલાયો છે. રાજ્ય સરકારે કોરોનાના કેસો વધતા ટેસ્ટિંગની પ્રક્રિયાને ઝડપી બનાવી છે. નવા નોંધાયેલા ચાર પૈકી ત્રણ કેસમાં દર્દીઓને હોમ આઈસોલેશનમાં રખાયા છે, તો એકને હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે.

કચ્છ જિલ્લાના ચાર કેસ પૈકીનો એક મુંદરામાં, એક કેસ માંડવી અને બે કેસ ગાંધીધામમાં નોંધાયા છે. રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. કેશવકુમારે જણાવ્યું હતું કે, માંડવીમાં ૨૬ વર્ષીય પુરુષ, ગાંધીધામમાં ૫૩ અને ૪૭ વર્ષીય પુરુષ, જ્યારે મુંદરામાં ૪૦ વર્ષીય પુરુષ કોરોના સંક્રમિત થયા છે. મુંદરાનો દર્દી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યો છે. અત્યાર સુધી નોંધાયેલા ૧૩ કેસો પૈકી માત્ર એક જ કેસમાં દર્દીને હોસ્પિટલમાં ખસેડવો પડયો છે. આ ચાર કેસ પૈકીના એક પણ કેસમાં અતિ ગંભીર લક્ષણ હજુ સુધી દેખાયા ન હોવાનું તેમણે ઉમેર્યું હતું.

ભુજના જાણીતા તબીબ ડૉ. દિનેશ દવેએ જણાવ્યું હતું કે, વાયરલ જિનેટીકમાં પરિવર્તન આવે, ત્યારે કોરોના જેવા અન્ય વાયરલ ફિવર સંક્રમણ વધતું હોય છે. ઘરમાં બેથી વધુ સભ્યોને તાવ-શરદીનાં લક્ષણ દેખાય, તો ત્વરિત પરીક્ષણ કરાવવું હિતાવહ છે. ૨૦૨૧ના ભયાનક કોરોનાકાળ વખતની ગાઈડલાઈનનું પાલન કરવું ,માસ્ક પહેરવું, સતત હાથ ધોતા રહેવું સહિતની તકેદારી નાગરિકોએ રાખવી જોઈએ

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ચેતવણી આપી છે કે, કોરોનાને કારણે સ્થિતિ ચિંતાજનક બની રહી છે. દક્ષિણ પૂર્વ એશિયા અને પૂર્વ ભૂમધ્ય સાગરવાળા દેશોમાં તેનો ફેલાવો સતત વધી રહ્યો છે. પોઝિટિવિટી રેશિયો ૧૧ ટકાએ પહોંચ્યો છે. ભારતમાં કોરોનાના એક્ટિવ કેસ ૪૦૦૦ ને પાર પહોંચ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર છેલ્લી સ્થિતિએ ૪૦૨૬ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૧૨ નવા કેસ સામે આવ્યા છે અને પાંચ દર્દીનાં મૃત્યુ થયા છે. ■